# નયા માર્ગ

Rs. 8

વંચીતલક્ષી વીકાસપ્રવૃત્તી, વૈજ્ઞાનીક અભીગમ અને શોષણવીહીન સમાજરચના માટે પ્રતીબદ્ધ પાક્ષીક ● ઉંઝા પરીષદે ઠરાવ્યા મુજબ જોડણી કરી છે.

તંત્રી :
ઈન્દુકુમાર જાની

વર્ષ : 40 અંક : 9

અન્ય પૃષ્ઠો પર...

02 સાંપ્રત
ઈન્દુકુમાર જાની

05 ગૌસેવા કે રાષ્ટ્રની કુસેવા ?
યશવન્ત મહેતા

09 આદીવાસી વીસ્તારોમાં...
પૌલોમી મીસ્ત્રી અને
હેમંતકુમાર શાહ

11 ગાંધીજીનાં અગીયાર વ્રતોની...
પ્રવીણ ગઢવી

14 કાયદામાં સુધારા કે...

16 વહુ, બૈરી કે ધર્મપત્ની...
જગદીશ શાહ

18 નવું વાચન

20 મહારાષ્ટ્ર સરકાર ઘડીયાળના..
પ્રો. અશ્વીનકુમાર ન. કારીઆ

21 ભારત હાર ગયા
બીર્ખ ખડકા ડુવર્સેલી

22 'સ્વતંત્રતાના ઈતીહાસમાં...

23 દીપનીર્વાણ
સુરેશ હ. જોષી

25 પ્રેરક પ્રસંગ
અમૃતભાઈ મોઢ

26 ... પછી પ્રગતી ક્યાંથી થાય ?
ગાર્ગી વૈદ્ય

28 કાવ્યોમાં સાંપ્રત

## શ્રમજીવીઓનાં હીતમાં ક્રાંતીકારી અર્થનીતી...

એક વાર મોટરમાં બેસી એક ગામ જવા નીકળ્યા. પણ અંદર એક પાઈપ તુટી ગયો એટલે મોટર અટકી પડી. તપાસ કરતાં ખબર પડી કે ગામમાં એક લુહાર છે. એની પાસે સમારકામ કરાવ્યું. પછી પુછ્યું કે, 'કેટલા પૈસા આપું ?'

લુહારે એક રુપીયો માંગ્યો. મેં એના હાથમાં એકને બદલે બે રુપીયા મુક્યા. એ ગળગળો થઈ ગયો. એની આંખમાં પાણી આવી ગયાં ! મેં પુછ્યું, 'શું થયું ? કેમ રડે છે ?'

'સવારથી બહોણી નહોતી થઈ.'

'કેમ ? અત્યાર સુધી કંઈ કામ જ ન મળ્યું ?'

'કામ તો મળ્યું, અને કર્યું પણ.'

'તો પછી ?'

'સવારે સૌ પહેલાં ગામનો શાહુકાર આવ્યો. ક્યારેક-ક્યારેક જરુર પડે ત્યારે વ્યાજે પૈસા ધીરે છે. એટલે કામ કરાવી ગયો, પણ પૈસા ન આપ્યા ! પછી આવ્યો ગામનો મુખી. અમારે તો ગામનો એ જ રાજા. એણે પણ હળ ઠીક કરાવ્યું, પણ પૈસા ન આપ્યા. છેલ્લે આવ્યો પોલીસ. એની બંદુક પરની સંગીનની ધાર કાઢી આપી, એણે પણ પૈસા ન આપ્યા.'

'ન આપ્યા કે તેં ન માગ્યા ?'

'માગ્યા, જરા ઝઘડો પણ કર્યો, છેલ્લે હાથ જોડી કરગર્યો, પણ એ તો ઉલટો મને જ ધમકાવવા મંડ્યો. કહે, ખબરદાર ! વધારે જબાન ચલાવી છે તો આ સંગીનથી તારી ગરદન જ ઉતારી લઈશ.'

આજે સમાજમાં આ સ્થીતી છે. તીજોરી, તખ્ત, તલવારની બોલબાલા છે. એ તીજોરી, તખ્ત ને તલવાર ત્રણેય બનાવે છે શ્રમજીવી કારીગર. એ જ એનો ઘડવૈયો છે, એ જ વીશ્વકર્મા છે. કીસાન છે, કારીગર છે, મજુર છે. એ સહુના પરીશ્રમ અને પરસેવાથી દુનીયા આખી નભે છે. છતાં એ શ્રમીકોની કોઈ પ્રતીષ્ઠા નથી. પ્રતીષ્ઠા છે જેમના હાથમાં તીજોરી છે, તખ્ત છે, તલવાર છે એમની. હવે સંકલ્પ કરવો પડશે કે એમની પ્રતીષ્ઠા ખતમ કરી શ્રમજીવીઓની, પોતાના શ્રમથી દુનીયાનું નીર્માણ કરનારા અને એને નભાવનારાઓની પ્રતીષ્ઠા સમાજમાં કાયમ કરવી છે.

*

આપણા એકાદશ વ્રતમાં આને લીધે જ અસ્તેય અને અપરીગ્રહને વ્રત મનાયાં છે. વ્રતનીષ્ઠાથી માણસે તેનું આચરણ કરવાનું છે. સમાજવાદનોયે એક આધારભુત સીદ્ધાંત એ માનવામાં આવ્યો છે કે From each according to his capacity and to each according to his need. આપણે એવો સમાજ લાવવો છે જેમાં દરેકે દરેક માણસ પોતાની ક્ષમતા મુજબ સમાજને આપે અને જરુરીયાત મુજબ સમાજ પાસેથી મેળવે. આવશ્યકતા અનુસાર લેવું અને ક્ષમતા અનુસાર દેવું. એટલે કે હું પરીશ્રમ તો એટલો કરીશ જેટલી મારામાં શક્તી છે; અને તે પરીશ્રમનું પ્રતીમુલ્ય (બદલો) એટલું જ લઈશ, જેટલી મારી જરુરીયાત છે. જેટલું ગજું તેટલું કામ, જેટલી જરુર તેટલું દામ. આ એક ક્રાંતીકારી અર્થનીતી છે.

– દાદા ધર્માધીકારી

[આંતરરાષ્ટ્રીય મજુર દીવસે ગાંધી-વીનોબાના ચીંતનના ભાષ્યકાર દાદા ધર્માધીકારીનું ઉપરોક્ત ચીંતન આજે પણ પ્રસ્તુત છે. સૌજન્ય : 'ભુમીપુત્ર' તા. 16-9-1998] ❑

## સાંપ્રત

■ ઈન્દ્રકુમાર જાની

### મોદી સરકાર શું 'રામભરોસે' ચાલે છે ?

ભારતની આવી કરુણ અવદશા ક્યારેય નથી થઈ. ચીન એવી ધમકી આપે છે કે દલાઈ લામાની મહેમાનગતી ભારતને ભારે પડશે. વળી ઉમેરે છે : 'અરુણાચલ અમારું જ છે, ભવીષ્યમાં પણ તેના પ્રાંતોના નામ બદલતા જ રહીશું.' અરુણાચલ અખંડ ભારતનો હીસ્સો છે; ભારતનું જ એક રાજ્ય છે. દલાઈ લામા એક ધર્મગુરુ છે, અનેક વર્ષોથી ભારતમાં એમનો વસવાટ છે. અરુણાચલ તથા દલાઈ લામા ભારતનો આંતરીક મામલો છે અને તેમાં ચીનને ચંચુપાત કરવાનો કશો જ અધીકાર નથી. પરંતુ આ દલીલ છપ્પનની છાતીવાળા વડાપ્રધાન ખોંખારીને કરી શકતા નથી એમાં એમની કઈ મજબુરી છે ? કહેવા ખાતર વીદેશમંત્રી સુષમા સ્વરાજ છે પણ એમનું કશું ઉપજતું નથી. નરેન્દ્ર મોદીના કેબીનેટ મંત્રીઓ જાણે શોભાનાં ગાંઠીયા હોય એવી હાલત છે... બાપડા શું કરે ? મોટરકાર ઉપરની લાલ લાઈટ ભલે જતી રહી; હજી બંગલા અને વીઆઈપી સ્ટેટસ તો ચાલુ છે જ ને ! શી જીપનીંગ ભારતની મુલાકાતે આવ્યા ત્યારે રીવર ફ્રન્ટ પર સંખેડાના હીંચકે બેસીને જાતજાતનાં વ્યંજનો આરોગ્યા પણ તેનાથી દોસ્તી બની જતી નથી. આ કામ શેરીમીત્રોને પટાવવા જેવું સહેલું નથી. આંતરરાષ્ટ્રીય મામલે ભારતનો એક જમાનામાં વટ હતો, રુતબો હતો... બાંગલા દેશ વખતે અમેરીકાનો સાતમો નૌકાકાફલો અરબી સમુદ્રે દોડી આવેલો પણ ઈન્દીરાજીએ કશી મચક નહોતી આપી. પશ્ચીમ પાકીસ્તાનને નામશેષ કરી નાખ્યું. પાક લશ્કરને શરણાગતી સ્વીકારવી પડી. આ ઈન્દીરા ગાંધીની વીદેશનીતીનો વીજય હતો... એ ક્યારેય વગર તેડાવ્યે પાક વડાપ્રધાનના કૌટુંબીક પ્રસંગમાં દોડી નહોતાં ગયાં. હાલના વડાપ્રધાન નેહરુ પ્રત્યે ભયંકર સુગ ધરાવે છે પરંતુ પચાસના દાયકામાં નેહરુ-નાસર-ટીટોની બીનજોડાણવાદની ધરી રચાઈ હતી. ભારત ગૌરવભેર વૈશ્વીકસ્તરે ઉભરી આવ્યું હતું. આજે પાકીસ્તાન જે રીતે કશ્મીરમાં આતંકવાદીઓને પીઠબળ પુરું પાડે છે, ભારતીય નાગરીકને જાસુસીના કહેવાતા આરોપસર ફાંસીની સજા જાહેર કરી શકે છે - એવું ગેરવર્તન કરવાનું એ દીવસોમાં સ્વપ્નેય વીચારી ન શકે એવી સ્થીતી હતી.

સૌથી ચીંતાજનક અને ગંભીર હાલત કશ્મીર મોરચે થઈ છે. 'કોંગ્રેસમુક્ત ભારત' કરી દેખાડવાની લાયમાં ભાજપે પીડીપીના મહેબુબા મુફતીને મુખ્યમંત્રી બનાવીને, તેમની સરકારને ટેકો આપીને, ભયંકર ભુલ કરી છે. ત્યાં લશ્કર અને પોલીસ પરના હુમલા બેરોકટોક ચાલુ જ છે. અગાઉ તો યુવાવીદ્યાર્થીઓ પથ્થરમારો કરતા હતા, હવે કોલેજમાં ભણતી યુવતીઓ પણ શેરીઓમાં ઉતરી આવી છે. પથ્થરમારો કરે છે. વડાપ્રધાનને શું કરવું એની ગતાગમ જ પડતી નથી. આટલા વીશાળ દેશને સમર્થ નેતૃત્વ પુરું પાડવાનું કામ, રેલવે સ્ટેશન પર ચા વેચવા જેટલું સહેલું નથી એ વાત વડાપ્રધાનને હવે સમજાઈ ગઈ હશે ?



[સૌજન્ય : 'નવગુજરાત સમય' : 23-4-2017]

બે ઘડી ચીન-પાકીસ્તાનને વીસરી જઈએ; હજી હમણાં ઓસ્ટ્રેલીયાના વડાપ્રધાન માલ્કમ ટર્નબુલ ભારતની મુલાકાતે આવી ગયા. દીલ્હીમાં અક્ષરધામના પગથીયે બેસીને બાળગોઠીયા બેઠા હોય એવી અદામાં ગોષ્ઠી કરી. બંને મહાનુભાવોના ગળામાં હાર પહેરેલા હતા... અમે રાજીપો અનુભવ્યો કે, ચાલો ! એકાદ દોસ્ત તો નીકળ્યો... પણ ભારતથી પાછા ફરતાની સાથે જ ટર્નબુલે 457 વીઝા નામે ઓળખાતો પ્રોગ્રામ રદ કરવાની જાહેરાત કરી. ટ્રમ્પે એચ-1બી વીઝા રદ કર્યા અંગે જાહેરાત કર્યા બાદ ભારતીય યુવાઓ માટે ગેરફાયદાકારક આ બીજી જાહેરાત છે ! મેક

ઈન ઈન્ડીયા, સ્ટાર્ટ-અપ, ન્યુ ઈન્ડીયા જેવાં જાતજાતનાં સુત્રોથી આપણે રાજી થવાનું પણ દેશમાં અને દેશ બહાર ભારતીયોને રોજગારી મળે તે માટે અત્યંત વીષમ પરીસ્થીતી ભણી સમગ્ર દેશ ધકેલાઈ રહ્યો છે.

વીદેશમામલે વીપરીત પરીસ્થીતી છે, તો ઘરઆંગણે પણ ક્યાં શાંતી છે ? કશ્મીર પછી છત્તીસગઢમાં 26 જવાનો માર્યા ગયા. પ્રધાનમંત્રી, ગૃહમંત્રીએ વધુ એકવાર મગરના આંસુ સાર્યા. આ વખોડવાલાયક અને દુ:ખદ ઘટના બની તે દીવસથી જ અમદાવાદ અને અન્ય શહેરો રોશનીથી ઝળાહળાં થયાં છે. હજી પહેલી મે, ગુજરાતના સ્થાપના દીવસને આઠ દીવસની વાર છે છતાં જવાનોનાં મોતનો મલાજો જાળવવાનું રુપાણી સરકારને સુઝ્યું નથી... ન જ સુઝે ! ગુજરાતની ભાજપ સરકારને જાતજાતના ‘ઈવેન્ટ’ યોજીને, ડેકોરેટર્સ - કેટરર્સ - એસીવાળા વીશાળ ડોમ્સ, ફુલોના શણગારો વગેરે દ્વારા થતી અઢળક આવકની મલાઈમાં વધારે રસ છે. મહીલાઓ (ખાસ કરીને આદીવાસી) ક્યારેય માથે ભગવો સાફો નથી પહેરતી પરંતુ બાજીપરા (જી. તાપી) ખાતે વીશાળ શમીયાણામાં આવી મહીલાઓ જોવા મળી... શું એ મહીલાઓએ સ્વખર્ચે સાફા પહેર્યા હશે કે પછી કેબીડી ?

ચીન, પાકીસ્તાન, અમેરીકા, ઓસ્ટ્રેલીયાની વીદેશનીતી હોય કે પછી કશ્મીર - છત્તીસગઢની ભયંકર હીંસક ઘટનાઓ હોય - ભાજપાનો એકમાત્ર એજન્ડા ‘કોંગ્રેસમુક્ત ભારત’ કરીને, સત્તા હાંસલ કરવાનો છે. વીદેશનીતી હોય કે ઘરઆંગણાની દુર્ઘટના હોય - બધું ‘રામભરોસે’ ચાલે છે...

## શું આપણી સંવેદના મરી પરવારી છે ?

ગુજરાત હોય કે દીલ્હી, પીડીતજનોની વેદનાઓની ઉપેક્ષા કરવી એ મોદી સરકારની નીતી રહી છે. ગુજરાતના દાખલાઓ નથી ગણાવવા, દીલ્હીના જંતરમંતરની જ વાત કરીએ. તમીલનાડુમાં ખેતી નાશ પામી તેથી ખેડુત અને ગ્રામજનોની હાલત દયાજનક થઈ છે. આશરે 50 દીવસ સુધી ખેડુતોએ જંતરમંતર પર દેખાવો કર્યા. ખેડુતોએ પીડા વ્યક્ત કરી : પત્રકાર રાજદીપ સરદેસાઈને ખેડુતોએ કહ્યું કે, જો સરકાર એક્ટર - ધાર્મીક નેતાને મળી શકે તો અમને કેમ નહીં ? (દીવ્ય ભાસ્કર : 19-4-’17) આ સામાન્ય દેખાવો નહોતાં : ખેડુતોની કંગાલીયતની તસવીરો કરુણા પેદા કરે એવી હતી. એમણે પોતાનું અડધું માથું - અડધી દાઢી અને અડધી મુછો મુંડાવ્યાં છતાં કોઈ નેતાનું ધ્યાન ન ગયું. ઝાડના પાંદડા ખાધાં, રસ્તે ફેંકેલ ભાત ખાધાં, મોદીનું મહોરું પહેરેલા દેખાવકારે ખેડુતોને ફટકાર્યા, મુત્ર પીધું, મળ ખાવાના હતા - છેક ત્યારે તમીલનાડુથી જાહેરાત થઈ કે રાજ્ય સરકારને 25મી તારીખ સુધીનો સમય આપો. આંદોલન સમેટાયું. જયલલીતાના અવસાન બાદ તમીલનાડુમાં રાજકીય અસ્થીરતા છે એટલે ફેડરલ બંધારણનો તકાજો છે કે કેન્દ્ર સરકાર આવા મામલે હસ્તક્ષેપ કરે - કશું ન થયું. નેતાઓ ભભકાદાર રોડ-શોમાંથી નવરા પડે ત્યારેને ?

## હવે કેટલાક સમાચારો જોઈએ ફટાફટ !

**• ભારત સરકારે અનુસુચીત જાતીના કલ્યાણ માટેની રકમમાં રૂ. 183 કરોડનો ઘટાડો કર્યો. ડૉ. આંબેડકરની જન્મજયંતીની ઉજવણીના કાર્યક્રમો અનેક સ્થળે ન કર્યા. (ગુજરાત ટુડે : 14-4-2017)**

**• ટેક્સટાઈલ ક્ષેત્રે રોજગારી અને નીકાસ ઘટી. સરકારની પ્રોત્સાહક યોજનાઓ સામે વૈશ્વીક મંદી - નોટબંધી ઉદ્યોગને નડી. (દીવ્ય ભાસ્કર : 18-3-2017)**

**• મધ્યપ્રદેશમાં ઈવીએમ સાથે ચેડાં થયાનો ઘટસ્ફોટ. ઈવીએમનું કોઈ પણ બટન દબાવો - મત ભાજપને. ખુદ ચુંટણી અધીકારીએ જાહેરમાં ઈવીએમના બે બટન દબાવ્યા, બંનેમાં મત ભાજપને. પંચે રીપોર્ટ માગ્યા. (ગુજરાત સમાચાર : 2-4-2017)**

**• અબ કી બાર ‘મોંઘી સરકાર’ : જથ્થાબંધ ફુગાવો જાન્યુઆરીમાં 5.15 ટકા હતો જે એક જ માસમાં ઉછળીને 6.55 ટકાએ પહોંચ્યો. નોટબંધીની અસર હવે વર્તાઈ, મોંઘવારીએ માઝા મુકી. (ગુજરાત સમાચાર : 15-3-2017)**

**• દેશમાં 12,700થી વધુ લોકોને મેલું ઉપાડવું પડે છે. પ્રતીબંધ છતાં દુષણ યથાવત્. કેન્દ્રના મતે હજુ પણ 29 લાખ ડ્રાય લેટ્રીન. (નવગુજરાત સમય : 17-3-2017)**

**• જાતીવાદ મુદ્દે કેન્દ્રીય મંત્રી થાવરચંદ ગેહલોતની આકરી પ્રતીક્રીયા : અમે કુવો ખોદીએ છીએ પણ પીવાનું પાણી આપતા નથી, મુર્તીઓ બનાવીએ છીએ પણ અડવા દેતા નથી. (ગુજરાત ટુડે : 11-4-2017)**

**• રોજગારીના મુદ્દે ભાજપ સાંસદે મોદી સરકાર પાસે પ્રુફ માંગ્યું; મંત્રી ગૃહમાં તો કહે છે પણ હકીકતે એમ બનતું નથી. ભાજપ સાંસદનાં નીવેદનથી સરકારનાં મંત્રીઓ અસ્વસ્થ બન્યા. (સંદેશ : 11-4-2017)**

**• કેન્દ્ર સરકાર : કેન્દ્રીય નોકરીઓની સીધી ભરતીમાં 89 ટકાનો ઘટાડો. (ગુજરાત ટુડે : 31-3-2017)**

**• ફાઈનાન્સ બીલમાં 40 ફેરફારની ચાલબાજી. (દીવ્ય ભાસ્કરનો તંત્રીલેખ : 31-3-2017)**

**• વીવીપીએટી સાથેના વોટીંગ મશીનો શા માટે નહીં ? સુપ્રીમનો કેન્દ્રને વેધક સવાલ. (ગુજરાત ટુડે : 14-4-2017)**

**• વર્લ્ડ કલ્ચરલ ફેસ્ટીવલમાં શ્રી શ્રી રવીશંકરની સંસ્થાએ યમુનાના પર્યાવરણને રૂ. 13.29 કરોડનું નુકસાન કર્યું. (દીવ્ય ભાસ્કર : 21-4-2017)**

**• ઓડીશા જેવો જ કીસ્સો આસામમાં જોવા મળ્યો છે. આસામના મુખ્યમંત્રી સોનોવાલના વીધાનસભા ક્ષેત્ર મજુલીમાં એક શખ્સ પોતાના 18 વર્ષના ભાઈનો મૃતદેહ સાઈકલ પર બાંધીને લઈ જતો જોવા મળ્યો. (તસવીરકથા : સંદેશ : 20-4-2017)**

**• ભાજપ જે રીતે લોકપાલ, સીવીસી, વ્હીસલ બ્લોઅરને તોડી રહી છે તે જોતાં કોંગ્રેસના ભ્રષ્ટાચારના રેકોર્ડને પણ તોડી નાખશે એવી ચીંતા**

સુપ્રીમ કોર્ટના વકીલ અને અણ્ણા હજારેના પુર્વ સાથી પ્રશાંત ભુષણે વ્યક્ત કરી છે. (દીવ્ય ભાસ્કર : 19-4-2017)

**• ખરાબ ભોજનની ફરીયાદ કરીને સોશ્યલ મીડીયામાં વીડીયો વાઈરલ કરનાર જવાનની બીએસએફમાંથી હકાલપટ્ટી થઈ છે. આ ફરીયાદ પછી તેને પ્લમ્બર બનાવી દેવાયેલો. (તસવીરકથા : સંદેશ : 20-4-2017)**

## બાબરી મસ્જીદ કેસ : દેર આયદ–દુરુસ્ત આયદ

1992માં અયોધ્યાની બાબરી મસ્જીદનો ધ્વંસ કરવામાં આવ્યો હતો તે કેસ હવે સુપ્રીમ કોર્ટ સમક્ષ આવ્યો છે. સુપ્રીમ કોર્ટે આ બીનાને **રાષ્ટ્રીય અપરાધ** ગણાવીને ભાજપના વરીષ્ઠ નેતાઓ એલ. કે. અડવાણી, મુરલી મનોહર જોશી, ઉમા ભારતી સહીત 13 સામે ગુનાઈત ષડયંત્ર રચવાનો કેસ ચલાવવાનો આદેશ કર્યો છે. એક અવલોકન એવું છે કે આગામી રાષ્ટ્રપતીની ચુંટણીમાં અડવાણી ઉમેદવારી કરી શકશે નહીં... 'બદલો ભલા-બુરાનો અહીંનો અહીં જ મળે છે' એવી પંક્તી એક નાટકના ગીતમાં આવતી હતી તે સાંભરી આવી...

## અખબારી આયનામાં ગુજરાતની ભાજપા સરકાર

• 2568 પ્રાથમીક શાળાઓમાં બે વર્ગખંડ છાપરાંમાં ને ઝાડ નીચે શાળા ચાલે છે. આરટીઈના ધોરણો મુજબ શાળાઓ જ નથી. (ગુજરાત સમાચાર : 11-3-2017)

• ઉચ્ચતર માધ્યમીક રાજ્યના વીદ્યાર્થીઓનું શાળા છોડવાનું પ્રમાણ વધ્યું :

**ટ્રાન્ઝીશન રેટની સ્થીતી**

| વીગત | કેટલો હતો | કેટલો થયો |
|---|---|---|
| એસસી | 59.07 | 54.84 |
| એસટી | 62.40 | 44.32 |
| ઓબીસી | 58.75 | 51.25 |
| મુસ્લીમ | 54.49 | 49.05 |
| ગ્રામીણ | 54.39 | 44.17 |

[નોંધ : પ્રાથમીકમાંથી માધ્યમીક અને ઉચ્ચતર માધ્યમીકમાં આંકડા ટકામાં]

(નવગુજરાત સમય : 13-3-2017)

*• ગત વર્ષે રાજ્યમાં 38 અને નવાં બજેટમાં 30 સ્માર્ટ પોલીસ સ્ટેશનોની રાજ્ય સરકારે જાહેરાત કરી હતી પરંતુ એક પણ બન્યાં નહીં ! પોલીસને જ કાર્ટરીજ રીફીલીંગ પોતાના ખર્ચે કરાવવું પડે છે તેથી કાર્ટરીજ સંતાડી રાખે છે. ફરીયાદી પાસેથી કોરા કાગળો મંગાવે છે - સ્માર્ટ પોલીસ સ્ટેશન કઈ રીતે બનશે ? (સંદેશ : 13-3-2017)*

*• ઔડા દ્વારા લક્ષ્યાંક જેટલાં મકાનો નહીં બંધાય. પાણીની ભાવી જરુરીયાતને પહોંચી નહીં વળાય ! (સંદેશ : 13-3-2017)*

*• વાઈબ્રન્ટ ગુજરાતની વાસ્તવીકતા : 17,036ની વસતી વચ્ચે માત્ર એક જ એલોપેથીક ડૉક્ટર. ગ્રામીણ આરોગ્ય સેવાઓ કથળી. દવાખાનામાં તબીબો નથી. / ગુજરાતની હોસ્પીટલમાં સારવાર ખર્ચ - શહેરોમાં રૂ. 21,276, ગામડાંમાં રૂ. 15,660 દવા-ભોજન સહીત માથાદીઠ ખર્ચ. નવજાત શીશુની સારવાર માટે લોકોએ ખાનગી હોસ્પીટલમાં જવું પડે છે. / નેશનલ ફેમીલી હેલ્થ સર્વે વર્ષ 2016 પ્રમાણે દસ વર્ષમાં ગુજરાતમાં 6થી વધુ વય ધરાવતી 28 ટકા છોકરીઓ સ્કુલમાં ગઈ જ નથી. બનાસકાંઠા, દાહોદ, સુરેન્દ્રનગર અને કચ્છમાં શાળાએ ન જનાર છોકરીઓની સંખ્યા વધુ છે. (ગુજરાત સમાચાર : 15-3-2017)*

*• શીક્ષણક્ષેત્રમાં રૂ. 3,796 કરોડ ઓછા ફાળવી ભાજપની કેન્દ્ર સરકારે ગુજરાતને મારી 'થપ્પડ'. સર્વ શીક્ષા અભીયાનમાં છેલ્લા ત્રણ વર્ષમાં સરકારે કરેલી દરખાસ્ત મુજબની ગ્રાન્ટ મળી નથી. (ગુજરાત સમાચાર : 15-3-2017)*

*• માંદું ગુજરાત : વસતીના પ્રમાણમાં ડૉક્ટર મુદ્દે ગુજરાત દેશમાં 30મા ક્રમે. સરકારી પ્રાથમીક - સામુહીક આરોગ્ય કેન્દ્રો કમ્પાઉન્ડર ભરોસે. કરોડો રુપીયા ખર્ચવા છતાં જમ્મુ- કાશ્મીર, ઓરીસ્સા કરતાંયે પાછળ. (સંદેશ : 15-3-2017)*

*• સુપ્રીમ કોર્ટની ટીકા બાદ ભાજપ સરકારે દગો કર્યો : ગુજરાતમાં 57 લાખ ગરીબો અન્ન સુરક્ષા યોજનામાં બાકાત રહ્યા. ભાજપ સરકારે અંત્યોદય કાર્ડની યાદી જ તૈયાર કરી નથી. (ગુજરાત સમાચાર : 15-3-2017)*

*• બેરોજગારોને નોકરી આપ્યાનો દાવો કરતાં મંત્રી ફસાયા ! મેગા જોબફેરમાં નોકરી કાયમી કે હંગામી નહીં; માફક આવે ત્યાં સુધી ! (સંદેશ) / છેલ્લા બે વર્ષમાં માત્ર એક જ ઉમેદવારને સરકારી નોકરી અપાઈ છે ! (ટાઈમ્સ ઓફ ઈન્ડીયા : 16-3-2017)*

*• અમદાવાદ - સુરત - વડોદરાને સ્માર્ટ સીટી બનાવવા કરોડોનો ખર્ચ પણ સ્થીતી યથાવત્, આ છે સ્માર્ટ સીટીની વ્યાખ્યા : દાણીલીમડામાં 40,000 લોકોને ટેન્કરથી પાણી અપાય છે ! (ગુજરાત સમાચાર : 18-3-2017)*

*• કરોડો રુપીયાનો ખર્ચ કર્યા પછી પણ રાજ્યમાં હજારો બાળકો ઓછા વજનવાળા. આણંદ જેવા સમૃદ્ધ જીલ્લાથી લઈ પંચમહાલ સુધી કુપોષણની સમસ્યા. (નવગુજરાત સમય : 19- 3-2017)*

*• ગુજરાતમાં 2002થી 2014 સુધીમાં મોદીશાસન દરમીયાન માત્ર 7041 કી.મી.ના નવા રસ્તા બન્યા ! 1960થી 1995 સુધીના કોંગ્રેસના શાસનમાં 48 હજાર કી.મી.ના નવા રસ્તા બન્યા હતા ! (નવગુજરાત સમય : 20-3-2017)*

*• કેન્દ્રની થપ્પડ : સરકારી વીજમથકોને કોલસો મળતો નથી. વીજળી ખરીદ્યા વગર જ સરકારે ખાનગી વીજ કંપનીઓને રૂ. 2,035 કરોડ ચુકવ્યા ! (ગુજરાત સમાચાર : 21-3- 2017)*

*• ભાજપના જ ધારાસભ્યની સમીતીએ ભોપાળું બહાર પાડ્યું : દલીતોના ઉત્કર્ષ માટેનાં નાણાંથી નવ આઈટીઆઈ બનાવી દેવાઈ ! આઈટીઆઈનાં સ્ટાઈપેન્ડ ચુકવણાં પાછળ પણ SC બજેટ વપરાયું ! (સંદેશ : 21-3-2017)*

*• ઉચ્ચ પ્રાથમીકની સામે માધ્યમીક સ્કુલ : ગુજરાત દેશમાં 25મા ક્રમે. 32,211 ઉચ્ચ પ્રાથમીક શાળાઓ સામે માત્ર 10,200 માધ્યમીક શાળાઓ ! ગોવા-દીલ્હી-મહારાષ્ટ્ર- તામીલનાડુ ગુજરાત કરતાં આગળ. (દીવ્ય ભાસ્કર : 22-3-2017)*

❑

# ગૌસેવા કે રાષ્ટ્રની કુસેવા ?

**યશવન્ત મહેતા**

ગૌસેવાએ આ એપ્રીલ (2017)ના પ્રથમ સપ્તાહમાં વળી એક ગૌસેવકના પ્રાણ લીધા !

સમજાય છે આ વીરોધાભાસ ? રાજસ્થાનના મેવાત પ્રદેશનો પહેલુખાન આ ગાયોના ઉછેર, સેવા, દુધના ઉત્પાદન અને વેચાણ સાથે સંકળાયેલો હતો. ગાયનું દુધ એને અને એના પરીવારને માટે જીવાદોરીરુપ હતું. આવો માણસ પોતાની જીવાદોરી જાનવરની સો ટકા કાળજી રાખે એ તદ્દન સ્વાભાવીક છે. આ પહેલુખાન પોતાના બે પુત્રો સાથે સારા પ્રમાણમાં દુધ પેદા કરતી ગાયો ખરીદવા ગયો હતો. ગાયો ખરીદી. એ મામલો ખરીદ-વેચાણનો છે એ દર્શાવવા નાણાંની રસીદો વગેરે દસ્તાવેજ લીધા. પરંતુ વતનને ગામ પાછા વળતાં એ લોકોને ગૌરક્ષા દળના લોક ભેટી ગયા. જે વાહનમાં એ લોકો ગાયો સાથે આવી રહ્યા હતા, એને આંતરવામાં આવ્યું. લગભગ બસો ગૌસેવકો એમના પર તુટી પડ્યા. વાહનનો ડ્રાઈવર નામે અર્જુન હતો એને ભગાડી મુક્યો. પહેલુખાન અને એના પુત્રો પર ટોળું વરસી પડ્યું. બન્ને દીકરા જખમી થયા. પહેલુખાનનું મોત થઈ ગયું.

બે-ચાર દીવસ સુધી તો આખી વાત અજાણી રહી પણ હજુ કેટલાંક માધ્યમ બચ્યાં છે, જેમણે વાત જાહેર કરી. મામલો સંસદના ઉપલા ગૃહ રાજ્યસભામાં ઉઠ્યો. તરત જ કેન્દ્ર સરકારના એક માનવંત મીનીસ્ટરે કહી દીધું કે વાસ્તવમાં આવી કશી બીના બની જ નથી ! સત્યમેવ જયતે !!

પછી ઘટનાની તસવીરો વગેરે સાથે રજુઆતો થઈ ત્યારે મીનીસ્ટરશ્રીએ કહી દીધું કે હું તો અન્ય કેટલાક રાજ્યો વીશે વાત કરતો હતો, જ્યાં ગૌસેવકો દ્વારા કોઈની હત્યા થઈ નથી... આપણી જુની કહેવત છે ને કે જીભ સાજી તો ઉત્તર ઝાઝા !

ભલે, ભાઈ, પહેલુખાનની હત્યા નથી થઈ. પરંતુ એ અગાઉ તો ગૌ-સંબંધી ઉત્સાહમાં હત્યાઓ થઈ છે અને એની કોઈ ના પાડી શકે તેમ નથી. ઉત્તર પ્રદેશના દાદરી ગામે અખલાક મહમ્મદના ઘર પર હુમલો કરવામાં આવ્યો અને ‘તમે લોકો ગૌમાંસ ખાવ છો અને ગૌમાંસ ઘરમાં રાખો છો’ એવો આક્ષેપ કરીને મારફાડ કરવામાં આવી. અખલાકનો દીકરો તો દેશની વાયુસેનામાં છે. પરંતુ એ કશું ધ્યાનમાં રાખ્યા વગર હીંસક આક્રમણ કરવામાં આવ્યું. અખલાકની હત્યા કરાઈ. એના દીકરાની એટલી બધી મારપીટ કરાઈ કે એ દીવસો સુધી હોસ્પીટલમાં રહ્યો.

એપ્રીલ, 2016માં રાજસ્થાનના મેવાત પ્રદેશનો જ મુસ્તેઈન અબ્બાસ પીક-અપ ટ્રકમાં બે બળદ લઈને ઘર ભણી જતો હતો. એને આંતરવામાં આવ્યો. એની ટ્રક પર ગોળીબાર કરવામાં આવ્યો. પછી શું થયું કે 25 દીવસ બાદ કુરુક્ષેત્રમાં ગટરના નાળામાં એની લાશ તરતી મળી આવી.

હરીયાણાના એક કાકો-ભત્રીજો જાનવર ખરીદીને આવતા હતા. ગૌરક્ષકોએ આંતર્યા. માર્યા. છોકરો તો માંડ બાર વર્ષનો હતો.

આ બધા કીસ્સા તો એવા છે જેમાં માનવહત્યાઓ થઈ છે. એથી ઓછા પ્રમાણમાં હેરાનગતી, ઢોર પડાવી લેવાં, નાણાં પડાવવાં, માર મારવા, બનાવટી પોલીસ કેસ કરવા... અનેક પ્રકારની સતામણી ચાલી છે. અગાઉ માત્ર ઉદ્દેશ હતો. જે 2014 પછી સાર્વત્રીક કાર્યક્રમ બન્યો છે. સાર્વત્રીક અને બહુસંખ્ય. ગૌરક્ષા દળ નામે અવીધીસરનાં સંગઠનો ઉત્તર અને પશ્ચીમ ભારતમાં ગામેગામ ઉભાં થઈ ગયાં છે. એક અહેવાલ પ્રમાણે, હરીયાણામાં 114 જેટલાં ગૌરક્ષા દળ છે. ગુજરાતમાં 200 ઉપરાંત છે. પંજાબ, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, રાજસ્થાનમાં ઢગલાબંધ બની ગયાં છે અને ઝડપથી નવાં બને છે. ગૌભક્તીની જબરદસ્ત સ્પર્ધા છે, જે ભક્તીનું મુખ્ય સ્વરુપ રસ્તે જતાં-આવતાં વાહનો અટકાવીને, તે એમાં ગૌવંશનું કોઈ જાનવર જણાય અને વાહનવાળો એક ખાસ કોમનો અગર અમુક જ્ઞાતીનો જણાય તો... તો કાં દંડ કરવો, કાં ધમકી આપવી, કાં રોકડી કરવી, કાં જાનવર પકડીને પાંજરાપોળમાં હાંકી જવાં !

પશુપાલનનો વ્યવસાય કરનારાઓ હવે ઠેર ઠેર બોલવા લાગ્યા છે કે આ લોકો ઘણે ભાગે તો નાણાં પડાવનાર કે ઢોર પડાવનાર ટોળીઓ તરીકે કામ કરે છે. એ નાણાં પાછાં પાંજરાપોળ માટેના કે ગૌસેવા માટેના દાનના રુપમાં પડાવવામાં આવે છે. આ લોકોને આજકાલનાં સંદેશાવ્યવહારનાં સાધનો ખુબ ઉપયોગી બને છે. ક્યાંક કોઈક ને કોઈક ટ્રકમાં જાનવર લઈ જવામાં આવી રહ્યાં છે, એની જાણ

થતાં જ મોબાઈલ, એસએમએસ, વ્હોટ્સ એપ વગેરેની ઉડાઉડ શરુ થઈ જાય છે. ગામેગામના ગૌરક્ષકો રાજમાર્ગ પર જમા થઈ જાય છે. વાહનને અટકાવે છે. જે જાનવર જઈ રહ્યાં છે તે પશુપાલન અને દુધ-વ્યવસાય અથવા ખેતીના હેતુ માટે હોય અને રીતસરના કાગળો પણ હોય, છતાં 'દાન' આપ્યા વગર અથવા પહેલુખાનના કીસ્સામાં બન્યું તેમ, પ્રાણ આપ્યા વગર ચાલતું નથી.

આ ગૌરક્ષકો પાસે વાહનો હોય છે. બંદુકો સહીત શસ્ત્રો હોય છે. બહોળું સંખ્યાબળ હોય છે. અહેવાલ છે કે પહેલુખાન અને દીકરાઓ પર હુમલો કરનારા ઓછામાં ઓછા 200 હતા.

હરીયાણા, રાજસ્થાન, ગુજરાત જેવા રાજ્યોએ ગૌવંશ પરના આક્રમણને ડામવા બેહદપણે કઠોર કાનુન ઘડ્યા છે. પરંતુ ક્યાંય એવી જોગવાઈ નથી કે ગૌરક્ષક દળો કાયદો પોતાના હાથમાં લે. એવા જે કોઈ સેવાભાવી હોય એમણે ગૌવંશની શંકાસ્પદ હેરફેરની પોલીસને જાણ કરવાની હોય છે. પરંતુ આ લોકો ખુદ 'પોલીસ' બની જાય છે, અને એ પણ એવી પોલીસ કે જેણે કશા કાગળ કરવાના નથી કે હીસાબ રાખવાના નથી ! વધારે ખરાબ એ છે કે કાયદો હાથમાં લેવાનાં ગૌરક્ષક દળોનાં કૃત્યો બદલ નથી પોલીસ અક્ષરેય બોલતી કે નથી અમુક રાજ્યોની સરકારો કશાં પગલાં લેતી. એક ખાસ વીચારસરણીને વહેલી આ સરકારોને અને એમના રાજકીય પ્રેરકોને કલ્પના નથી કે ટોળાંઓને કાનુન હાથમાં લેવા દેવાનાં પરીણામ શાં હોઈ શકે ! કહેવત છે કે ધોઝ હુ લીવ બાય ધી સ્વર્ડ, ડાય બાય ધી સ્વર્ડ !

ગૌરક્ષા કે ગૌસેવાના આ જુવાળના માનવસંબંધો તથા કોમી સંબંધો પરના પ્રભાવ ઉપરાંત બહુ અગત્યનું પાસું આર્થીક છે. ખુદ ગૌરક્ષા દળોના લોકો પણ જાણે છે અને જણાવે છે કે ઢોરનો ધંધો કરનારના વાહનને અટકાવીએ, વાહન બાળીએ, જાનવર છીનવી લઈએ, એવા એક એક કીસ્સામાં એને લાખોનું નુકસાન થાય છે. બેટમજી બે-ત્રણવારમાં તો તુટી જાય છે !

સમજ્યા તમે ? ગૌરક્ષાને બહાને કોઈકને તોડી નાખવાના ઈરાદા પણ છે. આ કોઈકમાં પ્રથમ ક્રમે તો કસાઈનો વ્યવસાય કરનારા છે. ઘણાં વર્ષોના આગ્રહો પછી એ લોકો ગૌવંશની કતલ તો લગભગ ભુલી જ ગયા છે. સીવાય કે સ્વયં કેટલીક રાજ્ય સરકારોએ અમુક શરતોને આધીન એવી કતલોની છુટ આપી હોય. પરંતુ હવે તો ઘણાં રક્ષાદળો ભેંસોની હેરાફેરી પર પણ આક્રમણ કરે છે. પરીણામ એ થયું છે કે જાનવરોની હેરફેર જ નહીંવત્ બની ગઈ છે. એટલે જ્યાંથી સારી ઓલાદની ગાયો વીકસીત ડેરી ઉદ્યોગવાળા રાજ્યમાં (દાખલા તરીકે પંજાબમાંથી ગુજરાતમાં) જવાનું પ્રમાણ અત્યન્ત ઓછું થઈ ગયું છે. એટલે વધારે દુધ આપનાર ગાયોનાં ઉછેરક્ષેત્રમાંથી ગાયો બહાર જતી નથી. પરીણામે એમના ભાવ ઘટી ગયા છે. આંકડા બદલાયા કરે, પરંતુ ગાયોના ભાવ લગભગ અડધા થઈ ગયા છે. એટલું જ નહીં, જાનવરોની હેરફેર કરનાર નાની-મોટી ટ્રકોના વ્યવસાયમાં મંદી આવી છે.

ગૌરક્ષકોની સખ્તાઈનું એક પરીણામ એ આવવા લાગ્યું છે કે ગાય (અને અન્ય જાનવરો)નાં ચામડાં ઓછાં મળે છે. એ ચામડાં સાફ કરવાના, એને કમાવવાના, એમાંથી જુતાં સહીત અનેક ચીજવસ્તુઓ બનાવવાના વ્યવસાયોમાં મંદી આવી રહી છે. કારખાનાં બંધ પડી રહ્યાં છે. વર્ષ 2015-16 દરમીયાન એકલા ઉત્તર પ્રદેશમાં ચામડાં કમાવનારા 400 ઉપરાંત એકમ બંધ પડ્યા છે. વાસ્તવમાં, ચામડાં સાથે કામ પાડનારા હજારો એકમો બંધ પડવાથી એકલા ઉત્તર પ્રદેશમાં પાંચેક લાખ માનવી રોજી ગુમાવી ચુક્યાં છે, અને વખત વીતશે તથા ગૌરક્ષકોની તવાઈ વધશે (જે વર્તમાન શાસનમાં વધવાની પુરી સંભાવના છે) તેમ મંદી વધતી જવાની છે. આજે તો ગૌમાંસના ભક્ષણ પર તવાઈ છે. ધીરે ધીરે અન્ય જાનવરો અને મરઘાં-બતકાં વાપરવા પર પણ તવાઈ છે. ગુજરાતમાં તો મુખ્યમંત્રી જાહેર કરી ચુક્યા છે કે સમગ્ર વસ્તીને શાકાહારી (વેજીટેરીયન) બનાવવાનો સરકારનો ઉદ્દેશ છે.

ગૌરક્ષા દળોની કામગીરીને પરીણામે જીવંત ગાયો તો કીંમત ગુમાવવા લાગી છે, મૃત ગાયોનાં શરીરાંગોમાંથી થતાં ઉત્પાદનો પણ ઓછાં થવા લાગ્યાં છે. શ્રદ્ધાળુઓ માને છે કે ગાયને રુંવે રુંવે દેવતાનો વાસ છે. આર્થીક દૃષ્ટીએ પણ એની પુંછડીના વાળ અને એનાં

> ***વધારે ખરાબ એ છે કે કાયદો હાથમાં લેવાનાં ગૌરક્ષક દળોનાં કૃત્યો બદલ નથી પોલીસ અક્ષરેય બોલતી કે નથી અમુક રાજ્યોની સરકારો કશાં પગલાં લેતી.***

શીંગડાં સહીત એ સર્વાંગે મુલ્ય ધરાવે છે. મૃત ગાયનું માંસ હમણાં સુધી લાખો લોકોને પ્રોટીન પુરું પાડતું હતું. એની ત્વચામાંથી પગરખાં, પર્સ વગેરે બનવા ઉપરાંત જીલેટીન અને કેન્ડી (સ્વીટ્સ)ની બનાવટમાં પણ ઉપયોગ થાય છે. એના માંસનો સીરામીક વસ્તુઓ, દવાઓ, ડીટરજન્ટ, સુગંધી દ્રવ્યો (પરફ્યુમ્સ), ક્રેયોન, અરે વીસ્ફોટકો (એક્સપ્લોઝીવ્સ) બનાવવામાં પણ ઉપયોગ છે. એનાં આંતરડાં ટેનીસ રેકેટ, કેટલાંક ઓજારો માટેના દોર તરીકે કામ આવવા ઉપરાંત કેટલાક હોર્મોન્સ, એન્ઝાઈમ્સ અને વીટામીન્સ આપે છે. એની ચરબીનો મુખ્ય ઉપયોગ સાબુ બનાવવામાં થાય છે. ઉપરાંત ફોટોફીલ્મ, બ્રશ, એર ફીલ્ટર, શેમ્પુ, લુબ્રીકન્ટ્સ, ડીઓડરન્ટ (દુર્ગન્ધ-નીવારક), રંગો, ગુંદર વગેરે બનાવવામાં ગાયના એક યા બીજા ભાગનો ઉપયોગ છે. અરે, ક્યાંક જન્મદીનની કેક બનાવવામાં પણ એ કામ આવે છે. અને ખાતર તો એ આપે જ છે. અચ્છા, ખાંડને વધુ શુદ્ધ (રીફાઈન) કરવામાં એનાં અસ્થી વપરાય છે એવું જાણ્યા પછી એવી ચમકતી સફેદ ખાંડ ખાવાનું પણ ઘણાએ બંધ કર્યું છે !

હવે, જ્યારે ગાયના શરીરના આવા અને આટલા ઉપયોગ છે અને જ્યારે એ માટેની મુળ સામગ્રી મળવાનું ઓછું થશે (સંભવત: લાંબેગાળે સાવ બંધ થશે) ત્યારે એવી ચીજવસ્તુઓના વ્યવસાયીઓની રોજી જશે; અને એના વીકલ્પો શોધવા જતાં આ બધી ચીજવસ્તુઓ વીશેષ મોંઘી થશે એ તો નક્કી છે.

ખેર. આ બધી ખોટ પણ કદાચ સમાજ સહી લેશે. પદાર્થોના વીકલ્પો શોધી લેશે. વૈકલ્પીક રોજગારીઓ પણ શોધી લેશે. પરંતુ જે નીર્દોષોના પ્રાણ જશે તે પાછા નહીં આવે. જે માર અને અપમાન સહન કરવાનાં આવે એનો કોઈ વીકલ્પ નહીં જડે. પ્રેમ અને ભક્તી સારી બાબત છે, પરંતુ એને જ બહાને કોઈને પીડા અપાય તે અન્યાય છે.

yeshwant.mehta.1938@gmail.com ❑

## લોકશાહીનાં જતન આમ થાય

**પ્રાચીન ગ્રીસના પ્રજાસત્તાક નગરરાજ્ય એથેન્સમાં એક એવો કાયદો હતો કે કોઈ પણ માણસ જનતામાં ખાસ પ્રકારે વીશેષ લોકપ્રીય થઈ પડે તો એથેન્સનો કોઈપણ માણસ એને દેશનીકાલ કરવાની અરજી કરી શકે. વીચીત્ર લાગે એવા આ કાયદાનો ઉદ્દેશ એ હતો કે કોઈપણ માણસની વગ એટલી વધી જવી ન જોઈએ કે તે કોઈક દીવસ ઈચ્છા જાગતાં રાજ્યમાં બંડ જગાવીને પોતે જ આપખુદ રાજા બની જાય !**

**મહાત્મા એરીસ્ટાઈડીસ સ્વપ્ને પણ રાજસત્તા હાંસલ કરવાની ઈચ્છા રાખે એવા નહોતા. પરંતુ એમના સર્વ પ્રકારના સદ્‌ગુણોથી તથા શાસકો અને જનતા ઉભયની એમણે કરેલી સેવાથી લોકો એમને ખુબ ચાહતા.**

**એક દીવસ એક અભણ એથેન્સવાસીએ તેમને રસ્તામાં ઉભા રાખીને કહ્યું, 'સાહેબ, મને લખતાં આવડતું નથી. તમે ભણેલા જણાઓ છો. મને એક અરજી લખી આપશો ?'**

**એરીસ્ટાઈડીસે પુછ્યું, 'ભાઈ, તમારે શી અરજી લખાવવી છે ?'**

**અભણે કહ્યું, 'મારે એરીસ્ટાઈડીસને દેશનીકાલ કરાવવા માટેની અરજી લખાવવી છે.'**

**એટલે એરીસ્ટાઈડીસે પુછ્યું, 'તમે એરીસ્ટાઈડીસને ઓળખો છો, ભાઈ ? એણે તમારું કાંઈ બગાડ્યું છે ?'**

**અભણ નાગરીકે જવાબ આપ્યો, 'ના, સાહેબ, હું એને ઓળખતો નથી. મેં તો એમને જોયા પણ નથી. એમણે કોઈનું કશું બગાડ્યું પણ નથી. બલકે, અમ આમઆદમીના ભલા માટે એમણે ઘણા પ્રયત્ન કર્યા છે. પણ વાત એમ છે કે હું જ્યાં જાઉં છું ત્યાં એરીસ્ટાઈડીસની સત્યનીષ્ઠા અને ન્યાયપરાયણતાનાં વખાણ સાંભળું છું. એથી મારા મનમાં ડર પેઠો છે કે ક્યાંક આવી લોકપ્રીયતાને કારણે એ એકહથ્થુ સત્તા આંચકી લે !! એટલે એથેન્સના પ્રજાસત્તાકના એક હીતેચ્છુ તરીકે આ અરજી દ્વારા હું એમને દેશનીકાલ કરવાની માંગણી કરીશ.'**

**મહાત્મા ઍરીસ્ટાઈડીસે એ અરજી ત્યાં જ સ્વહસ્તે લખી આપી, અને દેશના એ અદ્‌ભુત કાયદા નીચે પોતે દેશનીકાલ પણ થયા !**

**– આ વાત આજે અમને એટલા માટે યાદ આવી કે લોકપ્રીય થવાનાં હજાર નખરાં ચાલે છે, અને જેમ લોકપ્રીયતા વધતી જાય તેમ શાસકની કટ્ટરતા વધતી જાય છે ! અને લોકશાહી... ?**

– પ્રસ્તુતી : **યશવન્ત મહેતા** ❑

# ગુજરાત રાજ્યમાં અંધશ્રદ્ધા નીર્મુલન કાનુન ઘડવા માટે સરકારને અપીલ

દરેક સંસ્કૃતીના ઉદ્ગમ અને વીકાસની સાથોસાથ તેના વીવીધ પાસાઓ વીશે અનેક જુદા - જુદા વીચારકોએ સૃષ્ટીની ઉત્પત્તી, પ્રાણીઓનો જન્મ, ઉત્ક્રાંતીવાદ, આત્મા, પરમાત્મા, સ્વર્ગ-નર્ક, ભુત-પ્રેત, પશુબલી, ડાકણ વગેરે સંબંધી પોતપોતાના વીચારો પ્રગટ કર્યા છે. આ વૈચારીક લડાઈ યુગે-યુગે નવા નવા પરીણામો ધારણ કરતી રહી છે.

વર્તમાન યુગ જ્ઞાનક્રાંતી અને માહીતી યુગ તરીકે સુવીખ્યાત છે. અગાઉ 5000 વર્ષ પુર્વે સંસ્કૃતી અને જ્ઞાનની જે સીમાઓ હતી તે ઓળંગીને વીશ્વ આજે પ્રગતીના અનેક વીક્રમો સ્થાપી ચુક્યું છે અને આ વીકાસની દોડમાં સૌથી મોટું પ્રદાન હોય તો તે વીજ્ઞાન, વૈજ્ઞાનીકો અને વીજ્ઞાન સંશોધનનું છે. શીક્ષણ, આરોગ્ય, ભૌતીક સુખસગવડો વગેરે બાબતોમાં વીજ્ઞાનની સહાયથી માનવજાતે ક્રાંતીકારી હરણફાળ ભરી છે.

માનવજાતને તેના ઉદ્ગમકાળથી પ્રકૃતીના વીવીધ તત્ત્વો સાથે નાતો રહ્યો છે. પરંતુ વીજ્ઞાનના વીકાસ સાથે અને શીક્ષણ, આરોગ્ય અને ભૌતીક સુખ-સગવડોના વીસ્તાર સાથે એ સમજણ પણ કેળવાતી ગઈ કે પ્રાકૃતીક તત્ત્વોમાં કોઈ ચમત્કારીક પરીબળનું અસ્તીત્વ નથી અને પ્રકૃતી તેના વીજ્ઞાનના સ્થાપીત નીયમો પ્રમાણે સંચાલીત થઈ રહી છે.

આટલી બધી સુખસગવડો અને શીક્ષણનો વીસ્તાર થયેલ હોવા છતાં હજુ સુધી જનમાનસમાંથી ચમત્કારીક તત્ત્વની બાદબાકી થતી નથી. તેની અને તેની પાછળના કારણોમાં ભય, અજ્ઞાનતા, લાલચ, લોભ હોઈ શકે છે. પણ તેનું પરીણામ તે આવ્યું છે કે ઢોંગીબાવાઓ, ધુતારાઓ, ભુવાઓ, કથીત ચમત્કારીક બાબાઓ વગેરે આ અજ્ઞાની પ્રજાને ભોળવી, છેતરી અને તેમનું આર્થીક જ નહીં, પરંતુ શારીરીક, માનસીક અને ભાવનાત્મક શોષણ કરી રહ્યા છે. વીવીધ ચમત્કારો જેવા કે એકના ડબલ, રુપીયાનો વરસાદ, પરકાયાપ્રવેશ, દોષનીવારણ, કંકુપગલાં, મૃતશરીરમાં ચેતનાનો પ્રવેશ, નંગ પહેરવાથી ઈચ્છીત લાભની સીદ્ધી, તાવીજ, માનતા, બાધા અનુસરવાથી કાર્યસીદ્ધી, મંત્ર સીદ્ધ કરાયેલ પેનથી પાસ થવાની ગેરંટી વગેરે ભાત ભાતના ગતકડાંઓથી પ્રજાને અંધશ્રદ્ધાના ઘેનમાં ઉંઘાડી રાખી જાગૃતી પેદા કરવામાં અવરોધ રચી રહ્યા છે.

ગુજરાત રાજ્ય પ્રગતીશીલ અને ગતીશીલ હોવાનો દાવો કરે છે. પરંતુ ગુજરાત પણ આ પ્રકારના ચમત્કારોમાં સહેજ પણ પાછળ નથી. અંધશ્રદ્ધા નીર્મુલન માટે વર્ષો સુધી જહેમત ઉઠાવનાર ડૉ. નરેન્દ્ર દાભોલકરની હત્યા બાદ મહારાષ્ટ્ર સરકાર સફાળી જાગી અને 12 વર્ષ અગાઉ અંધશ્રદ્ધા નીર્મુલન કાનુન ઘડી પ્રગતીશીલ રાજ્ય તરીકે મહારાષ્ટ્ર સ્થાપીત થયું છે. ત્યારબાદ છત્તીસગઢ અને ઓરીસ્સા રાજ્યે પણ આ પ્રકારના કાનુનો પસાર કરી પ્રજાને અંધશ્રદ્ધાથી મુક્ત કરવાની પહેલ કરેલ છે.

ભારતનાં બંધારણથી રાજ્ય ધર્મનીરપેક્ષ છે. ઉપરાંત અનુચ્છેદ 51 એ (એચ) હેઠળ રાજ્ય તેમજ દરેક નાગરીકની વૈજ્ઞાનીક અભીગમ કેળવવાની ફરજ છે. ગુજરાત રાજ્યમાં છેલ્લા 10 વર્ષથી અનેક જાગૃત સંગઠનો અને પ્રબુદ્ધ નાગરીકોએ રાજ્યના સત્તાધીશોને અંધશ્રદ્ધા નીર્મુલન કાનુન ઘડવા અપીલ કરેલ છે. કમનસીબે રાજ્યના સત્તાધીશોએ હજુ સુધી આ અપીલ તરફ કોઈ ધ્યાન આપેલ નથી. આ સંસ્થા ગુજરાતના રાજ્યપાલ, મુખ્યમંત્રી, કાયદામંત્રી તેમજ તમામ ધારાસભ્યોને પુન: રાજ્યમાં અંધશ્રદ્ધા નીર્મુલન કાનુન ઘડવાની અપીલ કરે છે અને સાથે સાથે તમામ જાગૃત નાગરીકો અને સેવાભાવી સંસ્થાઓને આ પ્રકારની રજુઆત અને જાગૃતી કાર્યક્રમો સ્થાનીક કક્ષાએ યોજવા અનુરોધ કરે છે.

**નોંધ : આપના તરફથી આ પ્રકારનું આવેદનપત્ર રાજ્ય સરકારને પાઠવીને તેની નકલ નીચેના સરનામે મોકલવા વીનંતી છે.**

**બ.કાં. અંધશ્રદ્ધા નીર્મુલન સમીતી**
**C/o. ગીરીશ સુંઢીયા**
69/2, ચાણક્યપુરી સોસા.
હનુમાન ટેકરી, પાલનપુર
મો. 9426663821

**ગુજરાત મુંબઈ રેશનાલીસ્ટ એસો.**
**બીપીન શ્રોફ**
1810, લુહારવાડા, મહેમદાવાદ
મો. 97246 88733

**સોસાયટી ફોર ફાસ્ટ જસ્ટીસ**
**C/o. અશ્વીન ન. કારીઆ**
લૉ કોલેજ, હાઈવે ચાર રસ્તા પાસે,
પાલનપુર, મો. 93740 18111

❑

# આદીવાસી વીસ્તારોમાં 'પેસા'નો અમલ: અસત્યમેવ જયતે ?

**પૌલોમી મીસ્ત્રી અને હેમંતકુમાર શાહ**

ગુજરાત સરકારે તાજેતરમાં એવો દાવો કર્યો છે કે તે રાજ્યના આદીવાસી વીસ્તારોમાં પેસા (અનુસુચીત વીસ્તારોમાં પંચાયતોનું વીસ્તરણ) કાયદાનો અમલ કરી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે બંધારણમાં 73મો સુધારો 1992માં કરાયો તે પછી દેશના આદીવાસી વીસ્તારો માટે **પેસા** કાયદો કરાયો કે જેથી 73મો બંધારણ સુધારો વધારે સારી રીતે તે વીસ્તારોમાં લાગુ પડી શકે. પછી ગુજરાત સરકારે 1998માં ગુજરાત પંચાયત ધારા- 1993માં સુધારો કરીને આદીવાસી વીસ્તારો માટે ખાસ જોગવાઈઓ કરી હતી. રાજ્ય સરકાર **હવે 25** વર્ષ પછી તેના અમલ માટે સક્રીય બની છે એવો તેનો દાવો છે. રાજ્ય સરકાર છાપામાં જાહેરખબરો આપીને આવા દાવા કરી રહી છે. તા. 19-1-2017ના રોજ સરકારે છાપામાં આપેલી એક મોટી જાહેરખબરમાં એમ કહેવાયું હતું કે “રાજ્યના 50 તાલુકાની 2584 ગ્રામ પંચાયતો હેઠળનાં 4503 ગામોની ગ્રામસભાને મળશે વીશેષાધીકારો.” એનો અર્થ એ છે કે આ ગ્રામ પંચાયતોને હજુ સુધી તો કોઈ અધીકારો મળ્યા નથી, હવે 'મળશે'. એટલે કે કાયદો થયાનાં 30 વર્ષ પછી પણ રાજ્ય સરકાર એમ જ કહે છે કે હવે વીશેષાધીકારો 'ગ્રામ સભાને મળશે'. મુળ મુદ્દો તો એ છે કે આ કોઈ વીશેષાધીકારો છે જ નહીં, કાયદાકીય સત્તાઓ છે અને તેમનો અમલ થવો જોઈએ.

ગૌણ વન પેદાશોના સંદર્ભમાં ગુજરાત પંચાયત ધારા-1993માં જે સુધારો 1998માં કરવામાં આવ્યો તેમાં ધારાની કલમ-108માં એવી જોગવાઈ કરી કે (1) ગામની હકુમતમાં આવેલ હોય તેવા વન વીસ્તારોમાંથી મળી આવેલી ગૌણ વનપેદાશો ગ્રામ પંચાયતમાં નીહીત થશે. (2) ગૌણ વન પેદાશની વેચાણ ઉપજ ગામના ફંડમાં ભરવી જોઈશે અને તે તેનો ભાગ બનશે. ગૌણ વન પેદાશ એટલે કઈ વન પેદાશો તે ગૌણ વન પેદાશ વ્યાપાર રાષ્ટ્રીયકરણ અધીનીયમ-1979માં જણાવાયું છે. આ ગૌણ વન પેદાશોમાં ડોળી, મધ, ગુંદર, લાખ, મહુડાનાં ફુલ, ગાંડો બાવળ, ટીમરુનાં પાન વગેરે જેવી 13 પેદાશોનો સમાવેશ થાય છે. આમ, આ પેદાશોની બધી આવક ગ્રામપંચાયતના ગામ ફંડમાં જમા થવી જોઈએ એમ કાયદો કહે છે.

ઉપરોક્ત જાહેરખબરમાં રાજ્ય સરકાર દ્વારા નીચે મુજબના દાવા કરવામાં આવ્યા હતા :

**1. ગૌણ વન પેદાશોની માલીકી હવે ગામ અને આદીવાસી સમાજની.**
**2. ગૌણ વન પેદાશોને સંગ્રહ-વેચાણમાંથી એજન્ટોની નાબુદી.**
**3. ગૌણ વન પેદાશોની આવક સીધી આદીવાસીના ખાતામાં જમા થશે.**
**4. ગૌણ ખનીજોના ઉત્ખનન માટે ગ્રામ સભાની ભલામણ ફરજીયાત.**
**5. જમીન સંપાદન, ગામ તળાવના ઉપયોગ માટે ગ્રામસભા સર્વોપરી.**
**6. ગરીબલક્ષી યોજનાના લાભાર્થીઓની પસંદગી ગ્રામ સભા દ્વારા.**
**7. ગૌણ વન પેદાશોના વેચાણના નફાની રુ. 10 કરોડ જેટલી રકમનું સંબંધીત ગ્રામ પંચાયતો દ્વારા સીધુ વીતરણ.**

જો કે, આ બધા દાવા વીષે તપાસ કરતાં જણાય છે કે હકીકતો કંઈક જુદી જ છે :

1. ગૌણ વન પેદાશોની રકમ પંચાયતોમાં જમા કરવામાં આવી છે એ વાતમાં અર્ધસત્ય છે. તા. 1-4-2017ના રોજ ગુજરાત રાજ્ય વન વીકાસ નીગમ લી. દ્વારા માહીતી અધીકારની એક અરજીના જવાબમાં એમ કહેવામાં આવ્યું છે કે 2011-12થી 2013-14 દરમ્યાન ગ્રામ પંચાયતોને ચુકવવાપાત્ર રકમ રુ. 10 કરોડ જેટલી છે. પણ એ રકમ ગ્રામ પંચાયતોને ચુકવવામાં આવી છે એવું નથી કહેવામાં આવ્યું. વળી, એનો અર્થ એવો પણ થાય છે કે નીગમ એ રકમ ગ્રામ પંચાયતોને દર વર્ષે ચુકવતી નથી અને 2011-12ની રકમ પણ 2017ના માર્ચ મહીના સુધી ચુકવવામાં આવી નથી તે આ જવાબથી સ્પષ્ટ થાય છે. તો પછી આ હકીકતને આધારે સરકારે આદીવાસી વીસ્તારોની ગ્રામ પંચાયતોને આર્થીક રીતે સદ્ધર બનાવી એમ કેવી રીતે કહેવાય અને **પેસા** કાનુનનો અમલ કર્યો એમ પણ કેવી રીતે કહેવાય ?

2. પેસા કાનુનનો અમલ કરવા માટે ગુજરાત પંચાયત ધારા-1993માં 1998માં સુધારો કરાયો હતો. આ સુધારા અનુસાર તો ગૌણ વન પેદાશોની બધી આવક આદીવાસી વીસ્તારોની પંચાયતોમાં જમા થવી જોઈએ કારણ કે કાયદા મુજબ તો ગૌણ વન પેદાશોની માલીકી ગ્રામ પંચાયતોની છે. અને તે માટે ગૌણ વન પેદાશોના વ્યાપારનું સંચાલન

ગ્રામ પંચાયતો દ્વારા જ થવું જોઈએ. પણ હકીકતમાં તેમ થતું નથી. પેસા કાનુન અને ગુજરાત પંચાયત ધારામાં તેને આધારે કરવામાં આવેલા સુધારા પછી તો ગુજરાત રાજ્ય વન વીકાસ નીગમ બંધ કરી દેવું પડે અને વન-પેદાશોના વ્યાપારનું કામ પંચાયતોને સોંપી દેવું પડે. જો પંચાયતો પાસે તે અંગેનું નીષ્ણાત જ્ઞાન ના હોય તો તેઓ તે ભાડે મેળવી શકે. વળી, જો ગ્રામ પંચાયતો આ કામ ના કરી શકે તેમ હોય તો તાલુકા કે જીલ્લા પંચાયતોને તે કામ સોંપી શકાય. પણ પંચાયતોને આ કામ સોંપવાની ગુજરાત સરકારની દાનત જ નથી એ વરવી વાસ્તવીકતા છે. ગ્રામ પંચાયતો કે તાલુકા અને જીલ્લા પંચાયતોના ચુંટાયેલા સભ્યોને ગૌણ વન પેદાશોના વેપાર માટે કદી કોઈ તાલીમ આપવામાં આવી જ નથી અને એમ માની લેવામાં આવ્યું છે કે પંચાયતોને ગૌણ વન પેદાશોનો વેપાર કરતાં ના આવડે ફક્ત વન વીકાસ નીગમને જ તે આવડે !

3. સરકારના દાવા મુજબ ગૌણ વન પેદાશોની આવક સીધી આદીવાસીઓના ખાતામાં જમા થાય છે. ખરેખર આવું કશું છે જ નહીં. જેમ કે, ટીમરુ પાનાં જે આદીવાસીઓ એકત્ર કરે છે તેઓ મોટે ભાગે ખાનગી વ્યક્તીઓ એવા સ્થાનીક ફડમુનશી પાસે જ જાય છે અને ફડમુનશી તેની હરાજી કરીને ટીમરુનાં પાન મેળવે છે. આ આખી પ્રક્રીયામાં ક્યાંય ગ્રામ પંચાયતો કે તાલુકા કે જીલ્લા સ્તરની પંચાયતો સામેલ છે જ નહીં. ફડમુનશી જ આદીવાસીઓને ટીમરુ પાનના પૈસા આપે છે અને એ બેન્કમાં જમા થતા જ નથી. આમ, સરકાર જુઠ્ઠું બોલે છે અને ખોટી જાહેરખબરો આપીને લોકોને છેતરે છે.

4. વન પેદાશોના વેચાણમાંથી એજન્ટોની નાબુદી કરી છે એવો સરકારી દાવો પણ ખોટો છે. ટીમરુનાં પાન ફડમુનશી ખરીદે છે અને પછી તે ખાનગી વેપારીઓને વેચે છે. એવી જ રીતે ગુંદર અને લાખ જેવી વન પેદાશોની ખરીદી માટે વન વીકાસ નીગમ ટેન્ડર બહાર પડે છે અને તે ટેન્ડર વેપારીઓ જ ભરે છે અને વેપારીઓ જ આદીવાસીઓ પાસેથી ટીમરુ પાન ખરીદીને નીગમને આપે છે. ડોળી જેવી વસ્તુના કીસ્સામાં આદીવાસીઓ જાતે જ મોટા વેપારીને ડોળી વેચે છે અને પછી વેપારી વધારે ભાવે તે બજારમાં વેચી દે છે. જો આ સ્થીતી હોય તો વચેટીયા નાબુદ થયા છે એમ કેવી રીતે કહેવાય ?

5. આદીવાસી વીસ્તારોમાં જુથ ગ્રામ પંચાયત હોય તો પણ દરેક ગામની એક ગ્રામ સભા હશે એમ ગુજરાત પંચાયત ધારો-1993 કહે છે. એટલે જો કોઈ ગ્રામ પંચાયતમાં પાંચ ગામો હોય તો ગ્રામ સભા પાંચ મળવી જોઈએ. આવું ક્યાંય થયું હોવાનું જાણમાં નથી. હકીકતમાં તો, ગ્રામ પંચાયતની ગ્રામસભા પણ સારી રીતે મળતી નથી અને સરકારે ગ્રામ સભાએ કયાં કામો કરવાં તેની જે યાદી આપી છે તે કામો કરવા માટે પણ ગ્રામ સભા સક્ષમ નથી. ગ્રામ સભા જે ઠરાવો કરે છે તેનો અમલ ભાગ્યે જ થાય છે તે તો લગભગ તમામ ગ્રામ પંચાયતોનો અનુભવ છે. એટલે ગ્રામ સભા વીવીધ યોજનાઓના લાભાર્થીઓની પસંદગી ગ્રામ સભા ખુદ કરે છે એ વાત તદ્દન જ ખોટી છે. આમ, ગ્રામ સભા પાસે કોઈ વહીવટી સત્તા વાસ્તવમાં છે જ નહીં અને તે મોટેભાગે શોભાનાં ગાંઠીયા જેવી જ છે. ગ્રામ સભાઓ મોટે ભાગે એ જ ઠરાવો કરે છે કે જે તેમને સરકાર દ્વારા કરવાનું કહેવામાં આવે છે.

6. જાહેરખબરમાં સરકારે એમ પણ જણાવ્યું છે કે જમીન સંપાદન અને ગામ તળાવના ઉપયોગની બાબતમાં ગ્રામ સભા સર્વોપરી છે. હકીકતમાં એવું કશું છે જ નહીં. વાસ્તવમાં, આવાં કોઈ ઉદાહરણો જોવા મળતાં નથી. ગ્રામ સભા એને માટે ઠરાવો કરતી હોય કે પછી તેના ઠરાવોને ગંભીરતાપુર્વક લેવામાં આવતા હોય એવું પણ જાણમાં આવતું નથી. જમીન સંપાદન પહેલાં તેનાથી અસર પામનાર વ્યક્તીઓના પુનર્વસન માટે તાલુકા પંચાયત સાથે વીચાર વીનીમય કરવો એમ ગુજરાત પંચાયત ધારા-1993ની કલમ-132 જણાવે છે. પણ એનો અમલ થતો જ નથી. એક પણ તાલુકા પંચાયતે આ મતલબનો ઠરાવ કર્યો હોય તો સરકાર તેનો પુરાવો આપે.

*સરકારના દાવા મુજબ ગૌણ વન પેદાશોની આવક સીધી આદીવાસીઓના ખાતામાં જમા થાય છે. ખરેખર આવું કશું છે જ નહીં.*

7. રાજ્ય સરકારનો એવો પણ દાવો છે કે ગૌણ ખનીજોના ઉત્પાદન માટે ગ્રામ સભાની ભલામણ ફરજીયાત બનાવવામાં આવી છે. **પેસા**

કાનુનમાં એવી જોગવાઈ કરાઈ છે કે જો કોઈને રેતી કે મુર્રમ જેવાં ગૌણ ખનીજો મેળવવાં હોય તો તે માટેનું લાયસન્સ કે ભાડાપટ્ટો મેળવતાં પહેલાં તેણે ગ્રામ સભાની મંજુરી ફરજીયાત લેવી જ પડે. પરંતુ હકીકતમાં ગ્રામ સભાની કોઈ મંજુરી લેવામાં આવતી જ નથી. આ લાયસન્સ આપવાનું કામ રાજ્ય સરકારનો ખાણ વીભાગ કરે છે અને તે ક્યારેય ગ્રામ સભાનો એ માટે સંપર્ક કરતો જ નથી. ખાણ અને ખનીજ નીયમન અને વીકાસ ધારા-1955 અન્વયે ગુજરાતમાં ગુજરાત ગૌણ ખનીજ નીયમો-1966 ઘડાયા છે. આ ઉપરાંત 2010માં ગુજરાત ગૌણ ખનીજ રાહત નીયમો ઘડાયા છે. તે બંને મુજબ 17 ચીજો ગૌણ ખનીજ કહેવાય છે. 2010ના નીયમો અનુસાર નીયમો-4, 10, 57 અને 61 પ્રમાણે ગ્રામ સભાની પરવાનગી કોઈ પણ પરવાનો આપતાં પહેલાં મેળવવી જરુરી છે. આમ છતાં, તેમ કરવામાં આવતું નથી અને બારોબાર પરવાના આપવામાં આવે છે. આ અંગે ગ્રામસભાના સભ્યોને કે કોઈપણ સ્તરની પંચાયતોના સભ્યોને તાલીમ આપવામાં આવતી જ નથી.

આમ, ઉપરોક્ત વીગતો એમ જણાવે છે કે ગુજરાત સરકારના 'પેસા'ના અમલ અંગેના દાવા તદ્દન ખોટા છે અને ભ્રમમાં નાખનારા છે. તદ્દન ખોટી વાત કરીને સરકાર માત્ર આદીવાસી લોકોને જ નહીં પણ તમામ લોકોને માટે એવો ભ્રમ ઉભો કરે છે કે તે આદીવાસી વીસ્તારોના વીકાસ માટે પેસાનો અમલ કરી રહી છે. સરકાર દેખાડે છે કંઈક જુદું અને કરે છે કંઈક જુદું. હાથીના દાંત જેવું છે. તદ્દન અસત્ય બાબતોને આધારે લોકોને છેતરવાનો ધંધો ચાલી રહ્યો છે. ❑

# ગાંધીજીનાં અગીયાર વ્રતોની પ્રસ્તુતતા

**પ્રવીણ ગઢવી**

ગાંધીજી વ્યક્તીવીકાસ અને સમાજવીકાસ બન્ને પર ભાર આપનારા મહાત્મા હતા. બુદ્ધ, મહાવીર, ઈસુમાં વ્યક્તીવીકાસ જોવા મળે છે, પરંતુ સમાજવીકાસની વાત નહીંવત્ છે. મહંમદ પેગંબર પણ ગાંધીજીની જેમ બન્ને બાબતો પર ભાર આપતા હતા. ગાંધીજી તો વ્યક્તીના ખાદ્યાખાદ્ય, આરોગ્ય, શીક્ષણ, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, રોજગાર, તાલીમ એમ અનેક બાબતો પર ભાર આપતા હતા. સુર્યપ્રકાશ નીચે આવતા તમામ વીષયોને એમણે એમની વીચાર સૃષ્ટીમાં આવરી લીધા હતા અને દરેક વીષય પર કંઈક નવું કહેવાની તેમની લાક્ષણીકતા હતી.

ગાંધીજીનાં અગીયાર વ્રતોમાં એમની બધી જ વીચારસરણીનો સમાવેશ થઈ જાય છે. આ અગીયાર વ્રતો છે : અહીંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરીગ્રહ, શરીરશ્રમ, અસ્વાદ, અભય, સર્વધર્મસમભાવ, સ્વદેશી અને અસ્પૃશ્યતા નીવારણ. આ વ્રતોની પ્રસ્તુતતા પર વીચાર કરવા જેવો છે.

**સત્ય અને અહીંસા** ગાંધીજીની બે આંખો હતી. સત્ય એમનો પ્રાણ હતો અને અહીંસા દેહ હતી, એમ પણ કહી શકાય. આ બે પર એમની સમગ્ર વીચારસરણીનો પાયો હતો. આજે વીશ્વમાં અને ભારતમાં અહીંસાનું નામોનીશાન જોવા મળતું નથી. બે વીશ્વ યુદ્ધોમાં કરોડોનાં સંહાર પછી પણ માનવજાત યુદ્ધોથી થાકી નથી. કોરીયા, વીયેતનામ, પેલેસ્ટાઈન, અફઘાનીસ્તાન, ઈરાક, સીરીયા... એમ સતત યુદ્ધ સળગતું રહ્યું છે. કશ્મીરના અને તાલીબાનોના બોકો હરમના, દાનીશના, આતંકવાદીઓએ ભારત અને વીશ્વમાં કાળો કેર વર્તાવ્યો છે. ગાંધીજીની અહીંસા દ્વારા વીશ્વમાં ક્યાંય નીરાકરણ આવતું નથી. જ્યાં જુઓ ત્યાં કેવળ હીંસક લડાઈઓ જ ચાલી રહી છે.

સત્ય હવે રાજચીહ્નમાં જ ટકી રહ્યું છે. 'સત્યમેવ જયતે' મુંડકોપનીષદનું સુવાક્ય ચલણી નોટોમાં રહ્યું છે. ક્યાંય સત્યનો જય થતો નથી. જુઠાણાં જ વીજય પામી રહ્યાં છે. સત્ય અમુર્ત પણ છે. ગાંધીજી સત્યને જ ઈશ્વર કહેતા. સત્ય બ્રહ્મ છે કે બ્રહ્મ સત્ય છે ? ખરેખર તો વીજ્ઞાનનું સત્ય એ જ સાચું સત્ય છે. ગુરુત્વાકર્ષણનો નીયમ સત્ય છે. સત્યનો સાદો સીધો અર્થ તો વ્યક્તીએ સત્યાચરણ કરવું તે છે. વ્યક્તીથી સત્યનું પાલન થઈ શકે તેમ છે ? રોજ પુજા કરવી સહેલી છે પરંતુ એક દીવસ પણ સત્ય બોલવું કઠીન છે. તરંગી અને મુર્ખ બોસને સાચું કહી શકાય ખરું ? સત્ય બોલવું એ ખરેખર વ્યક્તીનો ઉત્તમ ગુણ છે. પરંતુ સમાજમાં સત્યાચરણ કરવું અત્યંત કઠીન બની ગયું છે.

**અસ્તેય** - અર્થાત્ ચોરી ન કરવી તે પણ વ્યક્તીનો એક સદ્ગુણ છે. પરંતુ બ્રેડની ચોરી કરનારને સજા અને કરચોરી કરનારને મજા - એવી સ્થીતી હાલ પ્રવર્તે છે. કરચોરી કરનારને રાહત આપવામાં આવે છે. સરકારી બેંકોમાંથી

લાખો-કરોડોની થાપણ ચાંઉ કરી જનારા મુછે તાવ દેતા ફરી રહ્યા છે. રાષ્ટ્રીય બેંકોમાંથી લોનો લઈ, પરત ન કરનારાને કશું થતું નથી. વીજય માલ્યા લંડનમાં એશ કરી રહ્યા છે. ઉપરથી લોન પરત કરવા બીજી લોન આપવામાં આવે છે. પ્રજાના કરમાંથી બનેલી સરકારી તીજોરીમાં લુંટાલુંટ ચાલી રહી છે. ઉદ્યોગપતીઓને નામ માત્રનું વ્યાજ લઈને કરોડો રુપીયાનું ધીરાણ કરવામાં આવે છે. બોગસ કંપનીઓ બનાવી નીર્દોષ રોકાણકારોનાં નાણાં ચરી જવામાં આવે છે. નાણાંની વ્યવસ્થા કરવા તેવા લોકોને જેલ બહાર રહેવાની સગવડ પણ આપવામાં આવે છે. આમાં 'અસ્તેય' ક્યાં રહ્યું ? ગરીબ માણસ ચોરી કરે તો તે મહાઅપરાધ ગણાય. કીડીને કોશનો ડામ ! દેશને ઉધાઈની જેમ કોતરી ખાતો ભ્રષ્ટાચાર તો મહાસ્તેય જ કહેવાય !

ગૃહસ્થાશ્રમમાં **'બ્રહ્મચર્ય'**નો ખ્યાલ ગાંધીજીએ આપેલો. એમનો હેતુ જાહેર સેવા કરતી વખતે કુટુંબનો ભાર ન વધે તેટલો જ હતો. પછી ભલે એમણે એને 'આધ્યાત્મીક લેબાશ' પહેરાવ્યા. ઈસ્લામની જેમ 'કામ'ને શત્રુ ગણ્યો, શયતાન ગણ્યો. કામ આનંદ માટે નહીં કેવળ પ્રજોત્પત્તી માટે છે એમ કહ્યું. વેદ-પુરાણ મુજબ તો બ્રહ્મચર્યાશ્રમમાં વીદ્યાભ્યાસ વેળા જ બ્રહ્મચર્ય પાળવાનું હતું. બુદ્ધ-મહાવીરનાં શ્રમણ યુગમાં બ્રહ્મચર્ય વ્રતનો મહીમા વધ્યો - સંસારત્યાગીઓએ સ્વાભાવીક જ બ્રહ્મચર્ય પાળવું જ પડે. હવે તો વીજ્ઞાનની સહાયથી ગાંધીજીની જેમ લોકસેવકોએ બ્રહ્મચર્ય પાળવું પડે તેવું નથી રહ્યું. આપણા એક રાષ્ટ્રપતી અગીયાર સંતાનના પીતા હતા, તો બે 'બ્રહ્મચારી' આપણા વડાપ્રધાન બન્યા - ત્રીજા રાહુલ પ્રતીક્ષામાં છે ! આમ ગાંધીજીના બ્રહ્મચર્યનું તાત્ત્વીક મુલ્ય હવે રહ્યું નથી.

**અપરીગ્રહ** - વણજોઈતું ન સંઘરવું - એમ કહેનારી ગાંધીવીચારમાં માનનારી નીષ્ઠાવાન પેઢી - પરંપરા હવે રહ્યાં નથી. હવે તો 'લોકસેવકો' (!) વણજોઈતું બધું જ સંઘરવામાં પડ્યા છે. વેપારી સંઘરાખોરો તો બજારની જરુરીયાત મુજબ જ સંઘરો કરે છે. પરંતુ આ 'લોકસેવકો' માટે તો સ્વીસ બેંકો પણ નાની પડે છે ! જેની પાસે કંઈ નથી - હેવ નોટ્સ - પાસે સંઘરવા જેવું કશું નથી, અને 'હેવ્સ' પાસે ન સંઘરવા જેવું કશું જ નથી.

**શરીર શ્રમ**નો મહીમા ગાંધીજી રસ્કીન, ટોલ્સટોય અને ફેબીયન સોસાયટી પાસેથી શીખ્યા. માર્ક્સ આવા લોકોને તરંગી, ચક્રમ કહેતા. દરેકે શરીરશ્રમ કરવો જ જોઈએ - એ માન્યતા હવે વીશ્વમાં ક્યાંય રહી નથી, એવાં કમ્યુનો - આશ્રમો પણ રહ્યાં નથી. અત્યારે તો મુડીવાદનો - કોર્પોરેટ જગતનો સુર્ય મધ્યાહ્‌ને તપે છે. 'શ્રમ'ને વેચાતો લેવા એ લોકો ભારત - ચીન અને આફ્રીકા આવે છે. 'તમારો શ્રમ અને અમારી પ્રોડક્ટ' એ નારો ગુંજી રહ્યો છે. મજુર કાયદા - મજુરને રક્ષણ - એ બધું 'વીકાસ'ને અવરોધે છે. પહેલાં વેઠપ્રથામાં વેઠીયાને ફક્ત દાલ-રોટી મળતાં હવે તેથી કંઈક વધારે મળે છે, શરીર શ્રમની ઓછામાં ઓછી જરુર પડે તેવા યંત્રો રાતદીવસ કામ કરે છે. ગાંધીજીના નૈતીક અને નૈષ્ઠીક 'શરીરશ્રમ'નું અસ્તીત્વ ક્યાંય જોવા મળતું નથી.

**અસ્વાદ** - બ્રહ્મચર્યના પાલન માટે ગાંધીજીએ અસ્વાદનું વ્રત લીધેલું. ઘી-તેલ મસાલાવાળા ખોરાકથી વીર્યવૃદ્ધી થાય છે. તેથી વનપાકો, ફળો - મીઠું - મરચા વગરનો સાદો ખોરાક ખાવો જોઈએ એવી એમની સમજ હતી. જેને વીજ્ઞાનનો - મેડીકલ સાયંસનો આધાર નથી. અસ્વાદ એટલે તાંત્રીકો ખાતા તેવું સ્વાદહીન - વાસી - અખાદ્ય વાળ - મળ જેવું નહીં એવું ગાંધીજીનું માનવું હતું. સાદો સાત્ત્વીક ખોરાક. આજે બી.પી.ને કારણે મીઠું, ડાયાબીટીસને કારણે ખાંડ, કોલસ્ટોરોલને કારણે ઘી - તેલ વગેરે ફરજીયાત છોડવાં પડે છે. એટલા પુરતો 'અસ્વાદ' રહ્યો છે ! એસીડીટી ટાળવા માટે મસાલા પણ ત્યજવા પડે છે. સ્વસ્થ માણસે તો સાદો પણ સ્વાદીષ્ટ ખોરાક લેવો જોઈએ. ગાંધીજીએ દેશસેવા માટે કામ અને સ્વાદ છોડ્યાં હતાં. એ તો વીરલ જ છે. ન સરખું ઉંઘ્યા, ન સરખું ખાધું - ન કામનો આનંદ લીધો - ન કુટુંબ રાખ્યું. પુત્રને તરછોડવો પડ્યો. ગાંધીજીના આ ત્યાગ સામે દેશે એને શું આપ્યું ? ત્રણ ગોળી અને તીરસ્કાર !

**'અભય'** : ખરેખર દરેક નાગરીક નીર્ભય હોવો જ જોઈએ. પરંતુ પોલીસ અને રાજકારણીઓ થકી કોઈ 'નીર્ભય' છે ખરું ? સાંસદ - ધારાસભ્યો નીર્ભય બની અભીપ્રાય પણ વ્યક્ત કરી શકતા નથી. વહીવટી તંત્ર ચુપ-મુક અને બધીર છે. પરંતુ માણસે 'અભય' હોવું જ જોઈએ, એ નીઃશંક છે. ગાંધીજીની આ વાત સામે અસંમતી હોઈ જ ન શકે.

*સાંસદ - ધારાસભ્યો નીર્ભય બની અભીપ્રાય પણ વ્યક્ત કરી શકતા નથી. વહીવટી તંત્ર ચુપ-મુક અને બધીર છે. પરંતુ માણસે 'અભય' હોવું જ જોઈએ, એ નીઃશંક છે.*

અલબત્ત, ખંધા રાજકારણીઓ, ગુંડાઓ અને ભ્રષ્ટ અધીકારીઓ દેશમાં 'અભય' છે, એમાં ના નહીં !

*આઝાદી પછી દલીતો શીક્ષીત થયા પરંતુ અસ્પૃશ્યતા નાબુદ ન થઈ. જે દૃશ્ય હતી, તે અદૃશ્ય બની ગઈ. પરંતુ ગઈ નહીં.*

**સર્વધર્મ સમાનત્વ** - સર્વધર્મ સમભાવ, મમભાવ: સત્ય, અહીંસા અને અસ્પૃશ્યતા વીરોધ જેવી જ પ્રીય ગાંધીજીને બીનસાંપ્રદાયીકતા હતી. એના માટે તો એમને કુરબાની આપવી પડી. ગાંધીજી, નહેરુ, વલ્લભભાઈ, આંબેડકર જેવા તેજસ્વી સુર્યો ભારતના આકાશમાં એ કાળે ન હોત તો પાકીસ્તાનના ભાગલા વખતના એ ભયાનક, ઉગ્ર અને લોહીયાળ સમયમાં આપણે બીનસાંપ્રદાયીકતાથી સભર બંધારણ ઘડી ન શક્યા હોત. જો એ ઉમદા પુરુષો ન હોત તો ત્યારે જ ભારતને 'હીન્દુ' રાષ્ટ્ર સાંપ્રદાયીક બળોએ જાહેર કરી દીધું હોત !

ઝીણા - સાવરકરે સાંપ્રદાયીક - ધાર્મીક રાષ્ટ્રનાં ખ્યાલની શરુઆત કરી. પછી તેનો ચેપ ઈસ્લામી જગતને લાગ્યો. પાકીસ્તાન, બાંગ્લાદેશ, અફઘાનીસ્તાન, ઈરાન, ઈરાક - એમ અનેક મુસ્લીમ રાષ્ટ્રો ઈસ્લામીક રીપબ્લીક બન્યાં. તાલીબાની આતંકવાદીઓ પેદા થયા. હવે આઈએસઆઈએસ આતંકીઓ કાળો કેર વર્તાવી રહ્યા છે. સુન્ની-શીયા, મુસ્લીમો લોહીયાળ જંગ ખેલી રહ્યા છે.

ભાગલા પડતાં દેશી રાજ્યોનો પ્રશ્ન ઉભો થયો. હૈદરાબાદ, જુનાગઢ, મલબાર, ભોપાલ, જોધપુર - જેવાં કંઈક દેશી રાજ્યો પાકીસ્તાનમાં જોડાવા ગયાં. તેને વલ્લભભાઈની કુનેહથી રોકી શકાયાં. પરંતુ કાશ્મીરના હીન્દુ રાજાએ ઢીલી-પોચી નીતી રાખી ત્વરીત નીર્ણય ન લીધો એમાં પ્રશ્ન ગુંચવાયો અને ઉત્તર કાશ્મીરના મુસ્લીમો, 'તાયફાવાળા' શ્રીનગર પર ચઢી આવવા ગયા ત્યારથી આજ દીવસ સુધી કશ્મીરનો પ્રશ્ન સળગતો રહ્યો છે. તેને પરીણામે હીન્દુ-મુસ્લીમ વૈમનસ્ય બન્ને દેશોમાં થયું છે. તેને બન્ને દેશના રાજકારણીઓ ભડકાવતા રહ્યા છે.

રામજન્મભુમીના પ્રશ્ને બાબરી મસ્જીદ ધ્વંસ થતાં દેશમાંથી બીનસાંપ્રદાયીકતા મરણાસન્ને આવી ગઈ. આઝાદી પછી 30,000 હુલ્લડો થયાં. ગુજરાત અને મુંબઈમાં તો મહાહુલ્લડો થયાં. હમણાં હમણાં મુઝફરનગરમાં રમખાણો કરાવી સાંપ્રદાયીક બળોએ ઉત્તર પ્રદેશ જીતી લીધું. ગાંધીજી - નહેરુની બીનસાંપ્રદાયીકતા, સર્વધર્મ સમભાવ - મમભાવનો દેશમાં નાભીશ્વાસ ચાલી રહ્યો છે !

**સ્વદેશી** - સ્વદેશી આંદોલનની શરુઆત તો બંગભંગથી થયેલી. પણ તેમાં કેવળ વીદેશી કાપડની હોળી હતી. જો કે તે કારણે પણ દેશની મીલોને સારો ફાયદો થયો હતો. ગાંધીજી ખાદી લાવ્યા તેનાથી ગરીબ માણસોને રોજગારી મળે; ખેડુતો ફાજલ સમયમાં કમાણી કરી શકે. ગાંધીજીના સ્વદેશી આંદોલનથી દેશની મીલોને અવશ્ય ફાયદો થયો હતો. કોંગ્રેસનું ફંડ ત્યાંથી જ આવતું હતું. માંચેસ્ટરની મીલો માંદી પડી ગઈ હતી.

નહેરુ - ઈંદીરા કાળ સુધી તો 'સ્વદેશી'ની ભાવના જીવતી રહી. પછી ગ્લોબલાઈઝેશનનો - એલ.પી.જી.નો જમાનો આવ્યો. સ્વદેશી નીતીથી બંધ રાખેલાં બજારો ભારત-ચીને ખોલવાં પડ્યાં. આંતરરાષ્ટ્રીય વેપાર - ઉદ્યોગનો ખ્યાલ મજબુત થયો. ટોમસ રો જહાંગીરને વીદેશીવેપાર - મુડી રોકાણ માટે કરગર્યો હતો. આજે આપણા જહાંગીરો ટોમસ રોને કરગરી રહ્યા છે. 'પધારો મ્હારે દેશ' ... આપ આવો અને બધું સંભાળી લો ! સ્વદેશીની ભાવના મૃતપ્રાય: થઈ ગઈ છે. વીદેશી રોકાણો માટે ભારત-ચીન હરીફાઈમાં ઉતર્યા છે. મુડી તમારી, મજુરી અમારી - અમે મજુર કાયદા રદ કરીશું. આપ આવો અને વીના વીઘ્ને વેપાર ધંધા કરો તો અમ ગરીબોને જરુરથી થોડી રોજગારી મળશે ! ખાદી સબસીડીના વેન્ટીલેટર પર શ્વાસ લઈ રહી છે !

**અસ્પૃશ્યતા-નીવારણ** - ભારતનું બંધારણ બનતાં જ દેશમાંથી અસ્પૃશ્યતા નાબુદ કરવામાં આવી. કડક કાયદા કરવામાં આવ્યા. ગાંધીજી અને આંબેડકર ભીન્ન દૃષ્ટીકોણથી દલીતોના ઉદ્ધાર માટે મથ્યા હતા. આઝાદી પછી દલીતો શીક્ષીત થયા પરંતુ અસ્પૃશ્યતા નાબુદ ન થઈ. જે દૃશ્ય હતી, તે અદૃશ્ય બની ગઈ. પરંતુ ગઈ નહીં. તેમાં વળી અનામતને કારણે વૈમનસ્ય બેવડાયું. મતોના રાજકારણે 'જાતિ કભી જાતી નહીં' કરી જાતિવાદ મજબુત કર્યો. હજી પણ સરકારી નોકરીઓમાં પુરતું પ્રતીનીધીત્વ નથી. ખાનગી નોકરીઓમાં તો દલીતો-મુસ્લીમોને સ્થાન જ નથી. ન્યાય તંત્રમાં રડ્યાખડ્યા છે. હા, રાજકીય અનામતને કારણે દલીતો પ્રધાનો થઈ શક્યા એ ખુશીની વાત ખરી !

ગાંધી-આંબેડકર જીવનભર મથ્યા ઝઝુમ્યા - એ અસ્પૃશ્યતાનું ભુત હજી પણ એટલું જ ભયાનકતાથી ધુણે છે.

❑

# કાયદામાં સુધારા કે લોકશાહીની ગણતરીપુર્વકની હત્યા ?

ગુજરાત સરકારે હમણાં, વીધાનસભામાં 'ધ ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અરબન ડેવલપમેન્ટ (સેકન્ડ એમેન્ડમેન્ટ) બીલ, 2017' રજુ કર્યું, વીરોધપક્ષની ગેરહાજરીમાં, વગર કોઈ ચર્ચાએ પસાર કરી દીધું. સત્તાધારી પક્ષના ધારાસભ્યોએ વગર વાંચ્યે, વધુ એકવાર આંગળી ઉંચી કરવી પડી એટલું કષ્ટ જરુર પડ્યું. ખેર, કાયદા ઘડવા અને સુધારવા એ વીધાનસભાનું કામ છે. સરકારે તો કાયદો સુધાર્યો, એનાથી આપણને, ગામડાંમાં વસતા ખેડુતો, ખેતમજુરો, માલધારીઓને શું અસર પડશે એ સમજવું રહ્યું.

વર્ષ 2017નું ઉપરોક્ત વીધેયક ક્રમાંક 20માં -

**કલમ-2 :** ગુજરાત નગર રચના અને શહેરી વીકાસ અધીનીયમ, 1976 (જેનો આમાં હવે પછી 'મુખ્ય અધીનીયમ તરીકે ઉલ્લેખ કર્યો છે) તેમાં, કલમ-7માં -

(1) પેટા-ખંડ (1)માં, ખંડ (2)માં, 'નગર આયોજનની યોજનાઓ' એ શબ્દો પછી, **'અથવા સ્થાનીક વીસ્તાર યોજના'**એ શબ્દો દાખલ કરવા;

"અથવા સ્થાનીક વીસ્તાર યોજના' એટલે શું ? એટલે કે સરકારને ગાંધીનગર બેઠાં એમ લાગે કે ફલાણા ગામને વીકસાવવું (જમીનનો વેપાર કરવો) છે તો તે ગામની સ્થાનીક વીસ્તાર યોજના જાહેર કરી શકે. એને માટેનો અધીકાર રાજ્ય સરકારને આ ચાર શબ્દો ઉમેરવાથી મળી ગયો. સાદી ભાષામાં કોઈપણ ગામમાં ટાઉન પ્લાનીંગ સ્કીમ સરકાર જાહેર કરી શકે.

સરકારી જાહેરાત અનુસાર, વીકાસને નામે ટાઉન પ્લાનીંગ સ્કીમ જાહેર થાય તેથી ગામલોકોને શું અસર પડે ?

1. ખેડુતોની 20થી 50 ટકા જમીન કપાત થાય,

2. ગામનાં નીમ થયા વગરનાં ગૌચર, વાડા, પડતર/ખરાબાની જમીનો વીકાસ યોજનામાં જતી રહે, લોકો વાપરી ના શકે.

3. સ્થાનીક વીસ્તાર યોજના જાહેર થાય પછી ગામની પંચાયત, સરપંચ કે ચુંટાયેલા સભ્યોના કોઈ અધીકાર ના રહે,"

કલમ-(2) પેટા-કલમ (2)ને બદલે, નીચેનો મજકુર મુકવો :-

"(2) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, વીસ્તાર વીકાસ સત્તામંડળ પાસેથી દરખાસ્ત મળ્યેથી અથવા અન્યથા, વીસ્તાર વીકાસ સત્તામંડળોના સત્તા અને કાર્યો પૈકી કોઈપણ સત્તા અને કાર્યો સ્થાનીક સત્તામંડળ અથવા સત્તામંડળો અથવા પોતાની હકુમતની અંદરના અધીકારીને સોંપી શકશે."

અત્યાર સુધી મોટાં શહેરોમાં સત્તામંડળ હતાં, જેમકે અમદાવાદનું ઔડા, સુરતનું સુડા વગેરે. ગામડામાં આવાં કોઈ સત્તામંડળો નહોતાં, ગામતળ વધારવું હોય તો પંચાયત ઠરાવ કરીને માગણી કરતી અને કલેક્ટર ગામતળને અડીને આવેલી પડતર / ખરાબાની જમીન ફાળવી આપતા. પડતર / ખરાબાની જમીન ના હોય તો ખરીદીને પણ ફાળવી અપાતી. ગુજરાતનાં મોટાભાગનાં ગામોનાં ગૌચર/પડતર/ખરાબા સરકારે ઉદ્યોગપતીઓને આપી દીધાં છે. હવે, વેપાર કરવા માટે સરકાર પાસે ઝાઝી જમીન બચી નથી. તેથી, ખાનગી ખેડુતોની જમીન, કોઈ કાયદાકીય આંટીઘુંટી વગર પડાવી લેવી હોય તો એમાં 'વીકાસ' શબ્દ આવવો જોઈએ, વીકાસ માટે ટાઉન પ્લાનીંગ શબ્દ આવવો જોઈએ જેથી કોઈ વીરોધ ના કરે. આમ, સરપંચ, ગામ, ગ્રામસભા કે તાલુકા/જીલ્લા પંચાયતના ચુંટાયેલા સભ્યોને પણ બાજુ પર મુકીને સરકાર સીધી સ્થાનીક વીસ્તાર વીકાસ યોજના જાહેર કરે, સત્તામંડળ પણ ના બનાવે, માત્ર પોતાની પસંદગીનો અધીકારી મુકીને એને બધા અધીકાર આપી શકે જેથી પોતાની મરજી અનુસાર લોકોને દબાવી શકાય, જમીન પડાવી શકાય અને વીકાસને નામે બે-રોકટોક વેપાર કરી શકાય !

આમાં એવી કોઈ ચોખવટ નથી કે :

1. નીમાનાર અધીકારી કઈ કક્ષાના હશે,

2. ગ્રામસભા, ગ્રામપંચાયત, સરપંચ અને ગામ, તાલુકા, જીલ્લાના ચુંટાયેલા સભ્યોની શું ભુમીકા હશે,

3. સ્થાનીક વીસ્તાર વીકાસ યોજનામાં સર્વોપરી કોણ હશે ? સરપંચ કે નીમાયેલા અધીકારી ?

કલમ-3, મુખ્ય અધીનીયમમાં, કલમ 23માં -

(1) પેટા-કલમ (1)માં, ખંડ (2)માં, 'નગર રચના યોજના', એ શબ્દો પછી, 'અથવા સ્થાનીક વીસ્તાર યોજના'એ શબ્દો દાખલ કરવા;

(2) પેટા-કલમ (2)ને બદલે, નીચેનો મજકુર કરવો :-

"(2) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, શહેરી વીકાસ સત્તામંડળ પાસેથી દરખાસ્ત મળ્યેથી અથવા અન્યથા, શહેરી વીકાસ સત્તામંડળોના સત્તા અને કાર્યો પૈકી કોઈપણ

સત્તા અને કાર્યો સ્થાનીક સત્તામંડળ અથવા સત્તામંડળો અથવા પોતાની હકુમતની અંદરના અધીકારીને સોંપી શકશે."

એટલે કે, મુળ કાયદામાં આખું સત્તામંડળ બનાવવાનું, એને માટે શહેરી વીસ્તારો માટે અર્બન ડેવલપમેન્ટ કમીટી અને ગ્રામીણ વીસ્તારો માટે જીલ્લા વીકાસ સમીતી (ડીસ્ટ્રીક્ટ ડેવલપમેન્ટ કમીટી) બનાવવાની જોગવાઈઓ હતી તેને સદંતર બાજુમાં મુકી દીધી. સરકાર આ બધી પ્રક્રીયા કરવાને બદલે પોતાની પસંદગીના કોઈ એક અધીકારીને બધી અથવા અંશત: સત્તાઓ આપીને પોતાની પસંદગી પ્રમાણેની વીકાસ યોજનાઓ બનાવી શકશે.

ગામડાને સ્પર્શતો એવો એક બીજો કાયદો, ગુજરાત સીંચાઈ અને ગટર વ્યવસ્થા અધીનીયમન-2013માં પણ રાજ્ય સરકારે ગ્રામીણ કક્ષાએ સીધા નહેર અધીકારી નીમવાની જોગવાઈ કરી છે. કાયદાની વીશીષ્ટતાઓ જુઓ...

1. નહેરની વ્યાખ્યા '—'

2. નહેર અધીકારીની નીમણુંક,

3. નહેર અધીકારીની **મંજુરી વગર નહેર** પરથી પસાર ના થઈ શકાય, ઢોર-ઢાંખર, બળદગાડું કે ટ્રેક્ટર-બાઈક પસાર ના કરી શકાય, **આનો ભંગ કરીએ તો ત્રણ મહીના સુધીની સજા અને પાંચ હજાર રુપીયા સુધીનો દંડ થઈ શકે !**

4. નહેરની આસપાસની જમીન પર ઢોર-ઢાંખર ચરાવી ના શકાય, બળતણનાં લાકડાં, જરુરીયાત જેટલી રેતી વગેરે લઈ ના શકાય, **જોગવાઈનો ભંગ કરીએ તો છ મહીના સુધી સજા અને દસ હજાર રુપીયા સુધીનો દંડ થઈ શકે !**

5. નહેરની બંને તરફ 200 મીટર સુધી નવો કુવો કે બોર કરવો હોય તો લાયસન્સ લેવું પડે ! **લાયસન્સની શરતોનો ભંગ કરો તો કુવો/બોર પુરી દેવા પડે ! ના પુરો તો નહેર અધીકારી પુરે ને તમારી પાસે ખર્ચ વસુલ કરે !**

6. નહેર અધીકારીને લાગે કે તમારા કુવા/બોરમાં નહેરનું પાણી ઝમીને આવ્યું છે તો એના સીંચાઈ દર જેટલા પૈસા ભરવા પડે, **ના ભરો તો જમીન પર બાકી મહેસુલ બોલે ને સરવાળે જમીન શ્રીસરકાર થઈ શકે !**

**બીજી બાજુ સ્થાનીક વીસ્તાર વીકાસ યોજનાને નામે...**

(1) જમીનની સરકારી લુંટ માઝા મુકશે,

(2) સ્થાનીક સ્વરાજની સંસ્થાઓ, ચાહે તે ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત કે જીલ્લા પંચાયત હોય તેમના અધીકારો અતી મર્યાદીત થઈ જશે,

(3) બંધારણમાં સુધારા દ્વારા ઉમેરાયેલી કલમ 243 ઝેડઈ અનુસાર, સ્થાનીક સ્વરાજની સંસ્થાઓના ચુંટાયેલા પ્રતીનીધીઓને મળેલા અધીકારો છીનવાઈ જશે, એ માત્ર શોભાના ગાંઠીયા જેવા બની રહી જશે,

હવે બંને કાયદાઓ સાથે રાખીને વીચારો તો ગામડાનું ચીત્ર કેવું દેખાય ? ગામમાં સરપંચ / ચુંટાયેલા સભ્યો પાસે વહીવટ કરવા શું બચે ? પાણીને લગતા તમામ નીર્ણયો નહેર અધીકારી કરે અને જમીનને લગતા તમામ નીર્ણયો સ્થાનીક વીસ્તાર વીકાસ યોજનાના નામે નીમાયેલો અધીકારી કરે ! ચુંટણી થાય, લોકશાહી હોવાનો આભાસ ઉભો કરાય, પરંતુ વહીવટમાં 'લોક' ક્યાંય ના હોય, વીકેન્દ્રીત સત્તા પણ ના હોય. અધીકારો બધા ગાંધીનગર બેઠેલાઓ પાસે, એમના સુબાઓ બનીને આવેલા અધીકારીઓ પાસે ! આખું ત્રી-સ્તરીય પંચાયતી માળખું કોઈ જાતના હો-હલ્લા વગર ધરાશાયી કરી દીધું, લોકશાહી અને લોકશક્તીની સરેઆમ કતલ થાય છતાં લોકો વીકાસના નશામાં મશગુલ ! આ તે વીટંબણા કે કરુણા ? આજે સુધારાઓના નામે થયેલી આ કાયદાકીય જોગવાઈઓ આવનારા દીવસોમાં સામાન્ય નાગરીકને બધી જ રીતે અસર કરવાની છે. આ જોગવાઈઓના ગેરફાયદા આજે સીધી નજરે ના દેખાય પરંતુ આવનારા દીવસોમાં -

(1) સત્તાનું વધુ ને વધુ કેન્દ્રીકરણ થશે, કાયદામાં જોગવાઈ હોવાથી કોર્ટ પણ કદાચ મદદ નહીં કરી શકે.

(2) રાજ્ય સરકાર સ્થાનીક સ્વરાજની સંસ્થાઓને બાજુમાં મુકી દરેક ગામના વહીવટ માટે પોતાની પસંદગીના અધીકારીઓનું સાવ સ્વતંત્ર માળખું ઉભું કરી શકશે,

(3) સ્થાનીક સ્વરાજની સંસ્થાઓમાં જો વીરોધ પક્ષ સત્તા પર આવે તો મતદારોને સજા કરવા આ જોગવાઈઓનો દુરુપયોગ વધશે, લોકશાહી મુલ્યોનો વીનાશ થશે.

(4) સત્તા પક્ષની વીરોધમાં મતદાન કરનારા લોકો, સમાજોને ગણતરીપુર્વક નીશાન બનાવી શકાશે. લોકશાહીનો પાયો એવી ભયરહીત સ્વતંત્રતા જોખમાશે !

(5) આટલા બધા બંધનો વચ્ચે જકડાયેલો મતદાતા સ્વતંત્ર, નીર્ભય નીર્ણય કેવી રીતે કરી શકશે ?

ગુજરાતમાં ગામડાંને સ્પર્શતા, જમીન અને પાણીને લગતા કાયદાકીય સુધારાઓ વીરોધ પક્ષની ગેરહાજરીમાં જ થાય છે. ભુતકાળમાં વીરોધપક્ષની ગેરહાજરીમાં (1) એસ.આઈ.આર. એક્ટ-2009, (2) ઈરીગેશન એક્ટ-2013, (3) જમીન ટોચ મર્યાદા ધારો, (4) ગણોત ધારો, (5)

જમીન સંપાદન ધારો વગેરેમાં ફેરફારો કર્યા છે, કહેવાની જરુર ખરી કે એ તમામ લોકવીરોધી છે.

થનાર ભુલોનો નીવારવા અને કાયદાને વધારે લોકોપયોગી બનાવવા માટે જ તો વીધાનસભામાં ચર્ચા જરુરી છે. સરકાર પર નજર રાખવા માટે જ વીધાનસભાનાં ગૃહ મળે છે, લોકના પરસેવાનાં નાણાં વપરાય છે, ચર્ચાઓ થાય છે, મંત્રીઓએ જવાબો આપવા પડે છે, કાયદામાં ફેરફારો કરવા હોય તો એનાં વાજબી કારણો અને તર્ક રજુ કરી ગૃહની પરીક્ષામાં પાસ થવું પડે છે. રાજ્યનાં સર્વોચ્ચ ગૃહ એવી વીધાનસભામાં જ જો વીરોધ પક્ષની ગેરહાજરીનો લાભ લેવાતો હોય તો ગ્રામપંચાયતની શું હેસીયત લેખાશે ? સરકાર પોતે જ લોકશાહી પ્રક્રીયાને ના અનુસરતી હોય, ચર્ચા જ કરવા ના માગતી હોય તો એના નીમેલા અધીકારીઓ લોકો સાથે કેવો વહેવાર કરશે ? નથી લાગતું કે, સુધારાઓને નામે લોકશાહીને ગણતરીપુર્વક, ધીમે મોતે મરાઈ રહી છે અને આપણે વીકાસના નશામાં મસ્ત છીએ ??? નશો ચાહે ‘વીકાસ’નો જ કેમ ના હોય, નુકસાનકારક તો છે જ હોં...કે !

**– સાગર રબારી** ❑

# વહુ, બૈરી કે ધર્મપત્ની : આજે પછાત શબ્દો

**જગદીશ શાહ**

જુના જમાનામાં ગૌરવ લેવા જેવી કેટલીક બાબતો ગણાતી. તેમાં માતૃભુમી, જનની, માતૃભાષા વગેરેનો ખાસ ઉલ્લેખ કરતા. जननी जन्मभूमिः च स्वर्गादपि गरियसि એવું સંસ્કૃતમાં ભણેલા. ગાંધીજીનાં અઢારવીધ રચનાત્મક કાર્યોમાં માતૃભાષા અને રાષ્ટ્રભાષાની ગણતરી થતી. જીવનસાધીકા વીમલાતાઈ પોતે નાગપુરના એટલે મરાઠીભાષી. તેમના જીવનનો મોટો ભાગ ગુજરાતીઓ સાથે વીત્યો. છેલ્લે તેઓ ગુજરાતની ઉત્તર સરહદ નજીક રાજસ્થાનના માઉન્ટ આબુમાં રહેતાં. તાઈએ દુનીયાના 40 જેટલા દેશોમાં ફરીને આધ્યાત્મીક પ્રવચનો આપેલાં તેમના ચાહકોનાં મંડળો લગભગ તે દરેક દેશમાં રચાયેલાં. તાઈની માતૃભાષા મરાઠી એટલે તે ભાષા ઉપર તેમનું પ્રભુત્વ સ્વાભાવીક રીતે હતું. પણ તે ઉપરાંત ગુજરાતી, હીન્દી, અંગ્રેજી ભાષાઓ ઉપર પણ તેમનું પ્રભુત્વ હતું. પોતે ભાષાના ભક્ત અને તેથી તેના આગ્રહી પણ ખરાં. તે જે ભાષામાં બોલે તે જ ભાષામાં બરાબર અભીવ્યક્તી કરે, બીજી ભાષાનો આધાર ન લે. ગુજરાતીમાં બોલે ત્યારે માત્ર ને માત્ર ગુજરાતીમાં; બીજી ભાષાના શબ્દોનો આધાર ન લે. આપણા ગુજરાતીને આવી ટેવ નથી. પ્રવચનમાં ક્યાંકને ક્યાંક તેમને અંગ્રેજીનો ટેકો લેવો પડે છે. ગુજરાતીમાં અભીવ્યક્તીના શબ્દોની ખોટ છે એમ નથી પણ અંગ્રેજી શબ્દો વાપરવાની એક ફેશન થઈ ગઈ છે. અગાઉ તો અમુક ખાસ ભાવ દર્શાવવા કેટલાક અંગ્રેજી શબ્દો વાપરતા. પણ હવે તો પોતે આધુનીક છે એમ બતાવવાયે કેટલાકો અંગ્રેજી શબ્દો છુટથી વાપરે છે. તેમનું ગુજરાતીનું જ્ઞાન અધુરું છે તેવું તાઈ માનતા.

આજે તો ઓછું ભણેલા પણ અંગ્રેજી શબ્દોનો ભરપુર ઉપયોગ કરે છે અને ક્યારેક તેમાં છબરડા પણ વાળે છે, ગામડાના અમારા એક સાથી કાર્યકર એકવાર કહેતા હતા કે, ‘તમારા ભાભીને ગાડીમાં બેસાડવા સ્ટેશને ગયો હતો ત્યાં ગાડીમાં ભીડ ખુબ હતી પણ વાઈફોના ડબામાં જગ્યા મળી ગઈ તેથી તેમાં બેસાડી આવ્યો.’ લેડીઝ ડબ્બાને તેઓ વાઈફોનો ડબ્બો કહેતા હતા. અંગ્રેજીના અધુરા જ્ઞાને વાઈફ અને લેડી વચ્ચેનો ભેદ તેમણે ભાંગી નાખ્યો હતો !!

આજે કેટલાયે લોકો કહે છે કે, ‘મને બાથરુમ લાગી એટલે મારે ટોઈલેટનો ઉપયોગ કરવો પડ્યો.’ હકીકતમાં તેમને લઘુશંકા કરવી હતી. બાથરુમ એટલે નહાવાની ઓરડી. પણ મુતરવું શબ્દ અણઘડ લાગવાથી પેશાબ કરવા કે લઘુશંકા કરવાનેય હવે લોકો હીન માનવા માંડ્યા છે. અંગ્રેજીનો બાથરુમ શબ્દ હવે વધારે ચલણી બની ગયો છે.

એ જ રીતે આજે વહુ, બૈરી કે અર્ધાંગના કે પત્ની કે ધર્મપત્ની પણ પછાત શબ્દો થઈ ગયા છે. વાઈફ અને હસબન્ડ આજે અભણ ગામડીઆ પણ વાપરતા થઈ ગયા છે. મા-બાપને મધર-ફાધર, ભાઈબહેનને બ્રધર-સીસ્ટર કહેવામાં ગૌરવ લાગે છે. દીકરો કે પુત્ર કહેવાને બદલે સન અને દીકરી કે પુત્રીને બદલે ડૉટર કહેવાની ટેવ તદ્દન અભણ લોકોને પણ પડી ગઈ છે. આજે અંકલ કહેવાનો રીવાજ ચલણી બન્યો છે. કાકા-કાકી, માસા-માસી, મામા- મામી, ફુવા-ફોઈ કેટલા સરસ અને સગાઈને સ્પષ્ટ કરનારા શબ્દો છે ! પણ સુધરેલા કહેવાતા લોકો અંકલ-આંટી જ બોલે છે. પશ્ચીમી સમાજમાં હુતોહુતી ને બાળગોપાળનું

વીભક્ત કુટુંબ જ છે. ત્યાં માસી કે ફોઈ, કાકા કે મામા તો જવા દો પણ મોટી ઉંમરનાં સગાં મા-બાપ પણ સાથે રહેતાં નથી. 16-17 વર્ષનું સંતાન સ્વતંત્ર થઈ જાય છે. જ્યાં મા-બાપ જ દુરનાં થઈ જતાં હોય ત્યાં કાકા, મામી, ફોઈ, મામાની સગાઈની તો વાત જ ક્યાં છે ?

*આપણી ભારતીય સંસ્કૃતીમાં સંયમ, સહનશીલતા, ઉદારતા, ઈશ્વરશ્રદ્ધા, કર્મનું ફળ, જન્માન્તરનાં સંબંધો વગેરેની માન્યતા છે.*

આજથી 50-60 વરસ પહેલાનો મારો પોતાનો એક અનુભવ કહું. તે વખતે ભુદાનયાત્રામાં અમારે આસામ જવાનું થયેલું. ઠે...ઠ ચીનની સરહદે તેજપુરમાં અમને રહેવા માટે નડીયાદના છોટાભાઈ શંકરભાઈ પટેલની વીશાળ હવેલી મળી ગયેલી. અમારા લામડાપુરા ગામનાં પાટીદારો મુળ વાસદના. તેમાંના એક અંબાલાલભાઈના સગાના સગાના સગા નડીયાદના હતા. તે ઓળખાણ થકી અમને ઘર જેવો આવકાર મળેલો. આજે ધીમે ધીમે આવા સંબંધો ઓસરતા જાય છે.

અમારે ત્યાં નીસર્ગોપચાર કેન્દ્રમાં જર્મનીની એક દીકરી બીર્જીટ પાંચેક વરસથી દર શીયાળામાં આવે છે. તેનું શરીર જર્મનીનું છે પણ આત્મા ભારતીય છે. તેને આપણા કુદરતી ઉપચાર, યોગ, સંયુક્ત કુટુંબની પ્રથામાં ઉંડો રસ છે. તેની સાથે આપણા અને તેના સમાજ જીવનની ઘણી વાતો થાય છે. તે લોકો બહુ જ નીખાલસ હોય છે. આમ કહેવાય'ને આમ ન કહેવાય તેવો દંભ તેમને ફાવતો નથી. જેવા હોય તેવા જ દેખાવામાં તેમને શરમ નથી આવતી. બીર્જીટ હજી પરણી નથી. તે કહેતી હતી કે, "અમારા યુરોપના સુધરેલા દેશોમાં હવે પરણવાનો રીવાજ જવા માંડ્યો છે. મારા માબાપ 35 વરસથી પરણેલાં છે અને સાથે રહી રોજ લડ્યા કરે છે. મને તેમની દયા આવે છે. હવે અમે તો બોયફ્રેન્ડ ને ગર્લફ્રેન્ડ શોધીને સાથે રહીએ છીએ. બાળકો પણ થાય છે, પછી ફાવ્યું તો રહ્યાં ને ન ફાવ્યું તો 'તું તારે રસ્તે ને હું મારે રસ્તે' કહી છુટાં થઈ જઈએ છીએ. આખી જીંદગીનું બંધન શા માટે ? મારેય એક બોયફ્રેન્ડ કરવો છે. મને એક બાળકની વાસના છે. બાળક થઈ જાય પછી પેલાને વીદાય કરી દઈશ." ઈંગ્લેંન્ડ-અમેરીકા તેમની સરખામણીએ રુઢીચુસ્ત એટલે પછાત છે (આપણે તો પછાતમાંયે પછાત કહેવાઈએ). આપણે શની-રવી કે રજાને દીવસે કે મહેમાન આવે ત્યારે ઘર છોડી હોટલમાં જમવા જતા નથી ? વીવીધ હોટલોની વીવીધ વાનગીઓ આપણને ભાવતી નથી ? આ સુધરેલા ગણાતા યુરોપીયનો જીભના સ્વાદમાં વીવીધતાને માણે છે તેમ યૌનસંબંધોમાં પણ વીવીધતાને યોગ્ય ગણે છે.

અમારા એક વડીલ સર્વોદય કાર્યકર્તાને ગાંધીવીચાર પ્રચાર માટે અવારનવાર વીદેશ જવાનું થાય છે. ત્યાં એક બહેનને આ વીચારમાં રસ પડી ગયો છે તેથી 4-5 વરસે ત્યાં જવાનું થાય તો તેમને ઘરે ઉતરે છે. તે કહેતા હતા કે દર વખતે જાઉં ત્યારે તેનો વર બદલાઈ ગયેલો હોય. હમણાં ગયો ત્યારે છેલ્લી વખત જોયેલો તે જ વર જોયો. મને અચરજ થયું તો તેનું કારણ તેને પુછ્યું : તે કહે, 'હવે આનેય બદલવાની છું. કોઈ મતભેદ કે મનભેદ નથી પણ એકને એકની સાથે રહેવામાં કંટાળો આવે છે, કોઈ નવીનતા જોઈએને !'

આપણે ત્યાં તો 'પડ્યું પાનું નીભાવી લેવાની' વડીલો સલાહ આપે છે. લગ્નની સીલ્વર જ્યુબીલી ને ગોલ્ડન જ્યુબીલી ને ડાયમંડ જ્યુબીલી ઉજવાય છે. છાપામાં તેમના ફોટા છપાય છે ને સીનીયર સીટીઝન્સનાં મંડળો તેમનું બહુમાન કરે છે ! તેમને આટલા લાંબા લગ્નજીવનમાં શું મતભેદ, મનભેદ નહીં થયા હોય ? શું કોઈએ (ભલે થોડા દીવસોના) અબોલા નહીં લીધાં હોય ? પણ આપણી ભારતીય સંસ્કૃતીમાં સંયમ, સહનશીલતા, ઉદારતા, ઈશ્વરશ્રદ્ધા, કર્મનું ફળ, જન્માન્તરનાં સંબંધો વગેરેની માન્યતા છે. આપણી સરખામણીએ પશ્ચીમની આ પ્રજા હજી ઉછરતી, ઉછાંછળી, અપરીપક્વ, એકલપેટી, સ્વાર્થી છે. ગોરી ચામડીને પૈસાની છુટ હોય એટલે સંસ્કારી નથી થવાતું. આપણી પ્રજા વગર વીચાર્યે પશ્ચીમની સંસ્કૃતી તરફ ખેંચાઈ રહી છે. દાતણ ગયાં ને ટુથપેસ્ટ બ્રશ આવ્યાં, સાબુ આવ્યા; ખુરશી-ટેબલ આવ્યાં ને ગાદીતકીયા ગયાં, ઘરના નાસ્તા ને ભોજનને બદલે હોટલ-રેસ્ટોરાં'ને લારી-ખુમચાની ચટપટા સ્વાદવાળી (આરોગ્યને હણનારી) વાનગીઓની બોલબોલા વધી, ધોતીયાં-સાડી ગયાં ને કોટ-પાટલુન જીન્સ ટોપ આવ્યાં, આપણી ભાષા, આપણાં સંબંધો, આપણી સંસ્કૃતી ધર્મ બધું ધોવાતું જાય છે. નીતી ને ધર્મની આમન્યાઓ લોપાતી જાય છે, પૈસાનું પ્રભુત્વ વધતું જાય છે.

[28મી જાન્યુઆરીએ જગદીશભાઈએ ચીરવીદાય લીધી; એમનાં દુ:ખદ અવસાન બાદ 6ઠ્ઠી મે... ના દીવસે એમની **83મી જન્મજયંતી** આવે છે. **'ગરીબ બીચારી ગુજરાતી'** પુસ્તીકામાંથી એમનું નીવેદન – એનો અંશ – સ્મૃતીરુપે સાભાર છાપીએ છીએ... ઉંઝા-જોડણીથી લઈને લગ્નવીષયક એમનું ચીંતન અહીં જોવા મળે છે.] ❑

# નવું વાચન

***ભુમીકા રહીત (આંબેડકરી કવીતા) :*** *બાલકૃષ્ણ આનંદ, પ્રાર્થના પ્રકાશન, 'આનંદાલય', 15, સુમીન પાર્ક, યાજ્ઞીક જાદવ માર્ગ, સૈજપુર બોગા, અમદાવાદ-382345, મુલ્ય : રૂ. 50.*




બાલકૃષ્ણ આનંદના કાવ્યસંગ્રહ 'ભુમીકા રહીત'માંથી હમણાં પસાર થયો. નીવૃત્ત ટીડીઓ બૌદ્ધધર્મી બાલકૃષ્ણ આનંદનું દલીત સમાજમાં વીશેષ સ્થાન અને યોગદાન છે. તેમના કર્મશીલ જીવનમાં અને સાહીત્યમાં સમાજ પ્રત્યેની ચીંતા સતત અનુભવાય છે. એક ચીનગારી સાથે જીવનારી વ્યક્તી છે. થોડી ટીપ્પણી કરું તો હીંદુ સમાજે બુદ્ધને અપનાવ્યા છે પણ બૌદ્ધને અપનાવ્યા નથી. દલીત સમાજ નીતનવા જુજવારુપે ઉભરી આવે છતાં બહુધા સવર્ણ સમાજ તેને ચાતુર્વર્ણની બહાર જોઈ શકતો નથી. હજારો વર્ષોના પીડીત - ઉપેક્ષીત સમાજ પ્રત્યે પ્રથમવાર ભગવાન બુદ્ધે કરુણા બતાવી. ડૉ. બાબાસાહેબે બુદ્ધનો હાથ પકડ્યો અને દલીત સમાજ ડૉ. બાબાસાહેબના રસ્તે ચાલ્યો. બાબાસાહેબ હજારો વર્ષોની વ્યવસ્થા સામે એક પ્રચંડ વીસ્ફોટ હતા. આથી બુદ્ધની કરુણા મને બાબાસાહેબના વીસ્ફોટની ચીનગારીઓ દલીત સાહીત્યમાં જોવા મળે છે.

'ભુમીકા રહીત'માં આવી ચીનગારીઓ વાચક ઠેર ઠેર અનુભવશે. મોટાભાગે અછાંદસ એકાવન રચનાઓ ખુબ સરળ શબ્દોમાં વાચકના ચીતમાં વસી જાય એવી છે. કવી અનુભવ વીશ્વની આસપાસ ફરે છે. અનુભવનું અનુસંધાન હજારો વર્ષો સુધી વીસ્તર્યું છે.

કવીઓનો કોયલ સાથેનો રીશ્તો જાણીતો છે પરંતુ અહીં કવી નીજ સંબંધ કાગડા સાથે બતાવે છે :

**હે, કાળા કાગબંધુ**
**કે, હું અને તું**
**બંને પ્રવીણ-ચકોર-ચાલાક-ચોખ્ખા-પરોપકારી,**
**ને શીલવાન - ગુણવાન,**
**તો'ય આપણે અસ્પૃશ્ય.**
**તું'ય હડધુત ને હુંય,**
**તું'ય કાળો ને હુંય,**
**પણ તારામાં ને અમારામાં**
**એક મોટો તફાવત**
**કે... તું ક્યારેય કોઈથી પકડાય કે ઝડપાય નહીં.**
**અને મરે પણ નહીં.**
**જ્યારે અમે તો રોજ પકડાઈએ - રોજ મરીએ**
**દર 24 કલાકે અમારામાંથી એકનું ખુન થાય.**

(પાન નં. 15-16)

એકલવ્યો અને શંબુકોને અન્યાય કરનારાઓનો મુકાબલો કઈ રીતે કરવો ? માત્ર ગાલીપ્રદાન કરીને આક્રોશ ઠાલવી દેવો ? ના, કવી આ શોષીતોને જુદા પ્રકારનું હથીયાર આપે છે :

**મેં પૃથ્વી પર,**
**અનેક 'એકલવ્યો' - 'શંબુકો'ને**
**'તીરકામઠા' કે 'તીરથ' નહીં**
**પણ શબ્દો પકડાવ્યા છે** **(પાના નં. 28)**

'દલીત દશક' રચનામાં બાળપણનું મધુર નહીં પણ પીડાદાયક સ્મરણ છે :

**બાળપણમાં**
**નીશાળમાં**
**માસ્તર જોષી**
**સૌ છાત્રાને મારતા હાથથી**
**ને... મને**
**સોટીથી** **(પાન નં. 41)**

આભડછેટ જાળવવાની કેવી યુક્તી છે ! સોટી જરા વાગે વધારે ને 'આજનો દ્રોણ' પવીત્ર રહી શકે... કાવ્યોમાં કૃષ્ણ છે, કર્ણ છે, કુંતી છે, દલીતમાતા છે. પરંતુ સપાટી ઉપરનો સ્થુળ આક્રોશ ધીમે ધીમે ઠરે છે. કવી જ્યારે ઉપર ઉઠે છે ત્યારે કાવ્યનું 'ટેક ઓફ' થાય છે :

**ચાલો ! હવે સૌ સાથે મળીએ,**
**ભેદ ભુલી સૌ સાથે ફરીએ,**
**મંદીર-મસ્જીદ ચર્ચ-વીહાર,**
**સાથે મળી સૌ ઉભા કરીએ.**
**માનવભેદની આ લકીર,**
**સાથે મળી સૌ ભુંસવા જઈએ.**
**ખભેખભા મીલાવી સૌ સાથે,**
**સંવેદના સજીવન કરીએ.** **(પાના નં. 30)**

'મારી કવીતામાં ક્યાંક કશું ખુટે છે એવું મને લાગ્યા કરે છે' એવી કવીની ફરીયાદ છે. વાજબી છે. અતૃપ્તીમાં પુર્ણતાને પામવાની પ્યાસ છે. બાલકૃષ્ણ આનંદ પાસેથી હજુ વધુ મળશે એવી આશ, હજુ વધુ પ્યાસ એમને પ્રાપ્ત થાઓ એવી શુભેચ્છા.

**– ઓમપ્રકાશ જી. ઉદાસી**
(મો. 99989 37827)

***ભગવાન બુદ્ધ ને તેમનો ધર્મસંદેશ :*** *'દર્શક', અક્ષરભારતી પ્રકાશન, 5, રાજગુલાબ, વાણીયાવાડ, ભુજ-370001, મુલ્ય : રૂ. 35. (1962માં બીજી આવૃત્તી થયા બાદ આ પુનર્મુદ્રણ છે.)*



તથાગતના ધર્મના અધ્યયનની ઐતીહાસીક અગત્ય હતી, આજે તેઓ દીવસે દીવસે વધુ ને વધુ પ્રસ્તુત થતા જાય છે. બુદ્ધજયંતી આવી રહી છે. 'દર્શક' નોંધે છે :

'... તપનો માર્ગ તજી દીધા પછી થોડા વખતે 2500 વર્ષ પહેલાંની વૈશાખી પુનમે સીદ્ધાર્થને જે જોઈતું હતું તે બોધીજ્ઞાન પ્રાપ્ત થયું - સીદ્ધાર્થ બુદ્ધ થયા; તેમની શોધ પુરી થઈ, તેમનું મનોમંથન શમી ગયું. તે વીતરાગ થયા - સંબુદ્ધ થયા... તેમણે મેળવેલું જ્ઞાન આવું હતું :

(1) સંસાર દુ:ખમય છે તે સાચી વાત છે.

(2) આ દુ:ખનું કારણ છે. એટલે કારણ નાશ પામતાં દુ:ખનો નાશ થઈ શકે છે.

(3) આ દુ:ખનું કારણ તૃષ્ણા છે.

(4) આ તૃષ્ણાને ઉખેડવાનો ઉપાય હાથવગો છે. તે છે, સમ્યક્ત્વ.

(5) આ માર્ગમાં નથી બહુ દેહદંડન કરવાનું, નથી ઈન્દ્રીયોને બહેકવા દેવાની; બંને માર્ગો ખોટા છે.

બે વર્ષ અગાઉ વૈશાખી પુર્ણીમાએ ગૌતમ બુદ્ધ વીશે વીસ્તૃત લેખ લખ્યો હતો. તેથી આજે આટલું બસ...

***વૃદ્ધી કે વીકાસ : ગુજરાત કયા માર્ગે ? :*** *સંપાદન - ઈંદીરા હીરવે, અમીતા શાહ, ઘનશ્યામ શાહ : યજ્ઞ પ્રકાશન, ભુમીપુત્ર, હુજરાતપાગા, વડોદરા-390001. મુલ્ય : રૂ. 60 (સંપાદકોના સહયોગથી રાહત દરે)*




છેલ્લા બે દાયકામાં ગુજરાતની જે પ્રકારની આર્થીક વૃદ્ધી અને 'વીકાસ'ની પ્રક્રીયા છે; જેનો 'ગુજરાત મોડલ' તરીકે પ્રચાર-પ્રસાર થાય છે તે આપણાં કાને સતત અથડાયા કરે છે. આ પ્રચાર નક્કર રુપે છે કે પરપોટો તે અંગે ચર્ચાઓ થયા કરે છે. આ મુદ્દે સંશોધન, તથ્યઆધારીત વીચાર-વીમર્શ કરવા કેટલાક સમાજવીજ્ઞાનીઓ - અભ્યાસુઓએ 2012માં એક પરીસંવાદનું આયોજન કર્યું. આ પરીસંવાદમાં લેખીત નીબંધો રજુ થયા. તે પર ખાસ્સા ત્રણ દીવસ સુધી ચર્ચા થઈ. આ નીબંધોમાં ચર્ચાના આધારે સુધારાવધારા થયા, જે 2014માં પુસ્તક સ્વરુપે ઓક્સફર્ડ યુનીવર્સીટી દ્વારા પ્રસીદ્ધ થયા. આ પુસ્તક દળદાર છે, તેનું નામ છે. - Growth Or Development : Which Way is Gujarat. આ પુસ્તકના પ્રકરણોનો હાર્દરુપે સાર અહીં પ્રગટ થયો છે; જેમાં આ મોડેલની છણાવટ કરવામાં આવી છે. પુસ્તકના 12 પ્રકરણમાં ગુજરાતી અને અન્ય ભાષાના બૌદ્ધીકોએ જે લખ્યું છે તે આંખ ઉઘાડી નાખે તેવું છે... પ્રથમ પ્રકરણમાં ત્રણેય સંપાદકોએ એક બુનીયાદી ચર્ચા કરી છે :

*"રાજ્યનું કામ પોલીસી ફ્રેમવર્કનો અમલ એવી રીતે કરવાનો છે જેથી વ્યાપક રીતે અર્થતંત્ર ગતીશીલ રહે. સબસીડી અને પ્રોત્સાહનની રકમોની એવી રીતે ફાળવણી કરવામાં આવે જેથી વીવીધ સ્તરનાં તેમજ સ્થળનાં સામાજીક-આર્થીક જુથોને વીકસવાની તકો મળે જે થકી સમગ્ર રીતે વીકાસનું એક વાતાવરણ થોડો સમય માટે સર્જાય. કોઈ કારણસર ગુજરાતમાં આ પ્રક્રીયા થતી નથી. સરકાર સબસીડી તેમજ પ્રોત્સાહનોની મોટી રકમ કોર્પોરેટના ચરણોમાં ધરે છે જેથી રાજ્યને મોટું મુડીરોકાણ મળે. સરકારના આવા વલણથી ઘણો મોટો વર્ગ મદદથી વંચીત રહી જાય છે.*

*"વર્લ્ડ ડેવલપમેન્ટ રીપોર્ટ-2013માં દર્શાવ્યા પ્રમાણે સર્વસમાવેશી વીકાસ માટે સુચારુ, માનવગરીમા સચવાય તેવી ઉત્પાદનલક્ષી રોજગારી સ્વસ્થ વાતાવરણમાં ઉપલબ્ધ થાય તો તે અર્થતંત્રને ગતી બક્ષે છે. શ્રમ આધારીત ઉત્પાદનની પ્રક્રીયા અપનાવીને ઉત્પન્ન થયેલી ચીજોનું સારું બજાર રચી તેની માંગ ઉભી કરીએ તો હાંસીયામાં ધકેલાઈ ગયેલા કામદારોને માટે રોજી મેળવવાની તકો ઉભી થશે અને તેમનું જીવનધોરણ ઉંચું આવી શકે છે.*

*"એક ચર્ચા એવી ચાલે છે કે આર્થીક વીકાસ પહેલો કે માનવ વીકાસ પહેલો ? પુસ્તકમાં વીવીધ ચર્ચાના અંતે એવું તારણ નીકળે છે કે નીયોલીબરલ અર્થતંત્રની માન્યતા પ્રમાણે પહેલાં આર્થીક વીકાસ પછી માનવ વીકાસ થશે તે વાત ખોટી અને અશક્ય લાગે છે. આપણે વીકાસની પ્રક્રીયા જ એવી રચવાની છે જેમાં બંને સાથે સાથે થાય. ગુજરાત ઝડપી વીકાસની લાયમાં સાચો માર્ગ ભુલ્યું છે."*

ઔદ્યોગીક અને કૃષીવીકાસ, શ્રમીકો, સબસીડી, રોજગારી, શીક્ષણ, સ્વાસ્થ્ય, શહેરીકરણ એમ તમામ મુદ્દાઓ અંગે ખુબ મહત્ત્વની - અભ્યાસપુર્ણ માહીતી અહીં આપવામાં આવી છે. ગુજરાતનો સર્વસમાવેશી વીકાસ ઝંખતા નાગરીકો તેમજ સ્વૈચ્છીક સંગઠનો માટે અનીવાર્ય પુસ્તક.

***કુસુમાખ્યાન*** *(પાંસઠ વર્ષના પ્રસન્ન દામ્પત્યની યાત્રા) : લેખક - મધુસુદન પારેખ, રંગદ્વાર પ્રકાશન, જી-15, યુનીવર્સીટી પ્લાઝા, દાદાસાહેબનાં પગલાં પાસે, નવરંગપુરા, અમદાવાદ-380009, મુલ્ય : રૂ. 100.*




આ એક વીશેષ પ્રકારનું ચરીત્ર પુસ્તક છે. અંગ્રેજી સાહીત્યના ઉંડા અભ્યાસી અને ‘હું, શાણી ને શકરાભાઈ’ જેવી લોકપ્રીય કટારના લેખક મધુસુદનભાઈ પારેખે એમના જીવનસાથીને આ પુસ્તક દ્વારા સ્નેહભીની સ્મરણાંજલી આપી છે. 1949માં સુરતસ્થીત ખુશમન સાથે મધુસુદનભાઈએ લગ્ન કર્યા, કોલેજશીક્ષણ અપાવ્યું, કુસુમબહેન તરીકે ઓળખાયા અને પ્રૌઢવયે કુબા બન્યાં - આમ 65 વર્ષના પ્રસન્ન દામ્પત્યજીવનની સુગંધ અહીં પાને-પાને મહેકે છે. 19મી સદીમાં સમાજસુધારક અને લેખક મહીપતરામ નીલકંઠે એમનાં પત્ની વીશે ‘પાર્વતીકુંવર આખ્યાન’ લખેલું ત્યારબાદ પતીએ પત્નીનું ચરીત્ર લખ્યું હોય એવું આ પુસ્તક છે. દક્ષાબહેન પટેલે સાચું નોંધ્યું છે :

*‘આજના સમયમાં પતીપત્નીના વધી રહેલાં વીસંવાદ, વીખવાદ અને વીચ્છેદના સંજોગોમાં કુબા અને મધુસુદનભાઈનું લીલીછમ વીરડી જેવું દીર્ઘકાલીન સુખદ દામ્પત્ય નવયુવાનો માટે દીવાદાંડી બની રહે છે. આ પ્રકારે સત્યઘટના આલેખતું પુસ્તક આજના સમયની તાતી જરુરીયાત છે.’*

મધુસુદનભાઈને ભાવતું ભોજન મળે એટલે રાજી અને કુસુમબહેનને સ્વાદીષ્ટ રસોઈ બનાવવાનો અને પરીચીતોને જમાડવાનો શોખ. વળી, ઘરમાં નોકરચાકરો સાથે કુબા સલુકાઈથી જ વર્તે. વાલ્મીકી સમાજના શારદા વડાદરાએ ઈશ્વર પેટલીકરના સાહીત્ય વીશે પીએચડી કર્યું ત્યારે કુબાની આગ્રહભરી સંમતીથી મધુસુદનભાઈ માર્ગદર્શક થયા. આ દંપતીના પુત્રી, અને પૌત્રી પ્રીમા; પુત્ર ડૉ. અશોકભાઈ - આ બધા વાંચકોને પણ સ્વજન લાગે એવાં કુટુંબીજનો. ખુબ નીખાલસપણે, હૈયું નીચોવીને આ પુસ્તક મધુસુદનભાઈએ લખ્યું છે. પ્રા. રમેશભાઈ બી. શાહ લેખકના સાથી અધ્યાપક, એમણે આપેલા અભીપ્રાયથી પુરું કરીએ :

*‘ગૃહીણીની મુક ગૃહસેવાની નોંધ લઈને ભાગ્યે જ એની જાહેરમાં કદર કરવામાં આવે છે. કુસુમાખ્યાન કરીને મધુભાઈએ ગૃહસ્થોને એક દીશા ચીંધી છે.’*

❑

# મહારાષ્ટ્ર સરકાર ઘડીયાળના કાંટા ઉંધા ફેરવી રહી છે...

**પ્રો. અશ્વીનકુમાર ન. કારીઆ**

સુજ્ઞ વાંચકોનાં એ ધ્યાન પર આવ્યું હશે કે કેન્દ્ર અને જુદાં જુદાં રાજ્યોમાં ભાજપે કરેલ સત્તાગ્રહણ બાદ, ધર્મ, ભક્તી, મંદીરો, યોગ, ગૌરક્ષા તરફ સરકાર તરફથી, કાયદાના નીયમો નેવે મુકીને, તરફદારી વધતી જાય છે. રાજસ્થાનના અલ્વર નજીક, કાયદેસર વેચાણથી, ગાય લઈ જતા પશુપાલકની હત્યા કરવામાં આવી તેનો TV ફુટેજ બીજા દીવસે અખબારોમાં પ્રગટ થયેલ હોવા છતાં, કેન્દ્રીય મંત્રી નકવી, લોકસભામાં આવો કોઈ બનાવ બન્યાનો ઈન્કાર કરે છે અને પછી ફેરવી તોળે છે કે મેં અન્ય રાજ્યની વાત કરી હતી. ખેર ! આપણે ગાડી આડાપાટે ચડી ન જાય તે વાસ્તે મુળ વાત પર આવીએ કે જાણીતા રેશનાલીસ્ટ ડૉ. નરેન્દ્ર દાભોલકરના અથાગ પ્રયત્નો બાદ મહારાષ્ટ્ર સરકાર ઉંઘમાંથી સફાળી જાગી અને તત્કાળ અંધશ્રદ્ધા નીર્મુલન વટહુકમ પ્રગટ કર્યો અને બનતી ઉતાવળે મહારાષ્ટ્રના બીજા વીધાનગૃહે ખરડો પસાર કરી વીધીવત્ કાયદો ઘડી કાઢ્યો. એટલું જ નહીં, તે અન્વયે કેટલાક બાવાઓ, તાંત્રીકો વગેરેને જેલ ભેગા પણ કર્યા.

હવે આ જ મહારાષ્ટ્ર સરકાર ઘડીયાળના કાંટા ઉંધા ફેરવી રહી છે. થોડા રોજ અગાઉ તેના મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડનવીસે રાજ્યની તીજોરીમાંથી સાંઈબાબા ટ્રસ્ટને, રુ. 3300 હજાર કરોડની ઉદાર સખાવત જાહેર કરી. મહારાષ્ટ્ર સરકાર અને તેના મુખ્યપ્રધાન ફડનવીસની ક્ષમાયાચના સાથે પેલી કહેવત ટાંકવાનું મન થાય છે : ‘કહતા ભી દીવાના, ઔર સુનતા ભી દીવાના.’ કારણ માત્ર એટલું જ નહીં કે અંધશ્રદ્ધા નીર્મુલન કાનુન પસાર કરનાર રાજ્ય ખુદ અંધશ્રદ્ધા અનુસરી રહેલ છે. કારણ કાંઈક જુદું જ, ગંભીર મહત્ત્વનું અને તેય વળી પાછું બંધારણીય છે. બંધારણની નીતી પ્રમાણે આપણે (એટલે કેન્દ્ર અને કોઈપણ કે દરેક રાજ્ય) લોકશાહી, સમાજવાદી, સાર્વભૌમ, પ્રજાસત્તાક હોવા ઉપરાંત ધર્મનીરપેક્ષ (બીનસાંપ્રદાયીક - Secular) પણ છીએ. આ કાંઈ જેવી તેવી મહત્ત્વની નીતી નથી. દેશની સર્વોચ્ચ અદાલતે છેક 1973માં કેશવાનંદ ભારથી કેસમાં જાહેર કરેલ છે કે ધર્મનીરપેક્ષતા બંધારણનું મુળભુત તત્ત્વ (basic structure) છે અને સંસદ તેમાં કાંઈ ફેરફાર કરી શકે નહીં. બંધારણના આ સારભુત (કે મુળભુત) તત્ત્વ મુજબ રાજ્યને પોતાનો કોઈ ધર્મ હોતો નથી. માત્ર અહીંથી આ વાત અટકતી નથી. આગળની વાત એ છે કે રાજ્ય કોઈ ધર્મનું સમર્થન કરી શકે નહીં, તેને આર્થીક મદદ જાહેર કરી શકે નહીં, પ્રજાનાં

કરવેરાનાં નાણાં કોઈ ધર્મનાં ઉત્થાન માટે વાપરી શકે નહીં.

વાંચકો ! હવે સમજાયું ને કે મહારાષ્ટ્ર સરકાર કેવી ગંભીર ભુલ કરી બંધારણીય મુલ્યનો ભંગ કરી રહેલ છે ? વાંચકોને એ યાદ અપાવીએ કે મહારાષ્ટ્ર રાજ્યની હરોળમાં અન્ય કેટલાક રાજ્યો કાંઈ પાછળ રહ્યા નથી. અરે, બે વર્ષ અગાઉ કેરળમાં વરસાદ ખેંચાતા કેરળ સરકારે રાજ્યનાં મંદીરોમાં હવન કરવા અનુદાનનું ખાસ પેકેજ જાહેર કર્યું હતું. 2008માં ઓરીસ્સામાં ખ્રીસ્તીઓ પર ગુજરાત જેવા જ હુમલા, ખુનામરકી, આગજનીના અનેક બનાવો બન્યા હતા. અનેક ચર્ચો સળગાવી દેવાયા હતા કે તેમાં તોડફોડ કરાઈ હતી. કેટલાક ચર્ચાએ ભેગા મળી પ્રથમ હાઈકોર્ટ અને ત્યારબાદ સર્વોચ્ચ અદાલતમાં વળતર માટે રીટ અરજી કરી. ઓરીસ્સા સરકારે પોતે ધર્મનીરપેક્ષ રાજ્ય હોવાથી ધાર્મીક સ્થળોની પોતાની જવાબદારી ન હોવાનો બચાવ કર્યો હતો. સર્વોચ્ચ અદાલતે કાયદો અને વ્યવસ્થાની નીષ્ફળતા બદલ આ ધાર્મીક સ્થળોની મરામત માટે હુકમ કરેલ હતો. 2002માં ગુજરાતના રમખાણો અને ખાસ કરી તેના આગલા વરસે થયેલા ભુકંપ ન વીસરી શકાય તેવી દુ:ખદ ઘટના છે. તે દીવસે (26 જાન્યુ.) અંજાર શહેરના આશરે 350 બાળકો નગરમાં સરઘસાકારે ફરી રહ્યા હતા તેવા ટાંકણે જ ભુકંપ ત્રાટકતાં, આ તમામ બાળકો આસપાસના મકાનોની દીવાલો ધસી પડતાં ચગદાઈ મર્યા હતા. 2003ના જાન્યુ. માસમાં ગુજરાત સરકારે રાજ્યની શાળાઓ જોગ એવો પરીપત્ર પ્રગટ કર્યો હતો કે ગત વર્ષે ધરતીમાતાનાં કોપનાં કારણે અંજાર શહેરનાં બાળકો માર્યા ગયા હતા. તેનું પુનરાવર્તન ન થાય તે માટે શાળાનાં તમામ બાળકો પાસે 26 જાન્યુ.ના રોજ ફરજીયાત ધરતી વંદના (પ્રણામ) કાર્યક્રમ યોજવો. આ સુચનાનું પાલન ન કરનાર શાળા સામે ગ્રાંટકાપની ચીમકી ઉચ્ચારાઈ હતી. ગુજરાત સરકારના આ અંધશ્રદ્ધાયુક્ત વલણ સામે ગુજરાત હાઈકોર્ટમાં થયેલ રીટ અરજી નીષ્ફળ નીવડી હતી.

આપણે રાજ્ય તરફથી અનુસરાતી અંધશ્રદ્ધાનો મુદ્દો એક બાજુએ મુકીએ, તો એમાં કોઈ વીવાદ નથી કે આજકાલ બંધારણ હેઠળ જ નહીં, પરંતુ રાજ્યની ઉત્પત્તીના સમયથી રાજ્યની પ્રથમ ફરજ લોકોના જાનમાલનાં રક્ષણની છે. ખેડુતોની આત્મહત્યાના મામલે મહારાષ્ટ્ર કદાચ પ્રથમ ક્રમે છે. મહારાષ્ટ્રમાં જગતનો તાત રાતે પાણીએ રોવે અને મહારાષ્ટ્ર રાજ્ય બંધારણીય નીતીનો ત્યાગ કરી પ્રજાકીય તીજોરીમાંથી જંગી રકમ કોઈ ધર્મનાં ઉત્થાન માટે ખુલ્લી કરે તે કોઈપણ ધોરણે બંધબેસતું નથી. વીદર્ભના અનેક વીસ્તારોમાં દુષ્કાળગ્રસ્ત સ્થીતી પ્રવર્તે છે. તેમની સુખાકારી માટે પ્રજાકીય તીજોરીમાંથી નાણા ખર્ચાવા જોઈએ. સાંઈબાબા મંદીર, તીરુપતી બાદ, દેશમાં સૌથી વધારે આવક ધરાવતું કદાચ બીજા નંબરનું મંદીર છે. ધર્મનીરપેક્ષ રાજ્યમાં દરેક સરકારે તેના લોકોના ઐહીક દુ:ખો દુર કરવા પ્રથમ પ્રયત્ન કરવો જોઈએ. મહારાષ્ટ્ર સરકારની પ્રજાકીય તીજોરીમાંથી સાંઈબાબા ટ્રસ્ટને ઉદાર રકમની સખાવતથી ભક્તોના પરલોકના દુ:ખોનું નીવારણ થશે કે કેમ, તે ખબર નથી. પરંતુ આ સરકાર ઘડીયાળ કાંટા ઉંધા ફેરવવા સાથે બંધારણના અતી મુલ્યવાન તત્ત્વનો ત્યાગ કરી રહી છે તે નીશ્ચીત છે. અને છેલ્લે સર્વોચ્ચ અદાલતના 1 વર્ષ અગાઉ જાહેર કરાયેલ એ ચુકાદાની યાદ અપાવીએ કે મુસ્લીમોને હજયાત્રા માટે કેન્દ્ર તરફથી ચુકવાતી સબસીડી એક વર્ષની સમયમર્યાદામાં બંધ કરવા સર્વોચ્ચ અદાલતે કેન્દ્રને હુકમ કરેલ છે. મહારાષ્ટ્ર સરકાર આમાંથી ધડો લેશે ?

[સંપર્ક (મો) 93740 18111]

❑

## ભારત હાર ગયા

**બીર્ખ ખડકા ડુવર્સેલી**

ચુનાવ સે પહલે મીલે આશ્વાસનોં કે ભરોસે દો-તીન મુર્ગીયાં બેચકર લખન મહતો શહર પહુઁચા ઔર એક બૈંક મેં ઘુસા. ઉસને સભી કો નમસ્કાર કીયા. કોઈ ભી ઉસકી ઓર ધ્યાન નહીં દે રહા થા. કાઉન્ટર પર બૈઠે એક વ્યક્તી સે ઉસને કહા, ‘મૈં દુર ગાઁવ સે આયા હુઁ. જમીન કા કાગજ-પત્ર સબ કુછ લાયા હુઁ. મુઝે ઋણ લેના હૈ ખેતીબાડી કે લીએ.’ બાત અધુરી સુનકર વહ વ્યક્તી ભીતર ગયા ઔર ટીવી દેખને લગા.

લખન કી સમઝ મેં કુછ નહીં આ રહા થા. ભીતર ઘુસને કી હીમ્મત નહીં હો રહી થી. ફીર ઉસને હીમ્મત કરકે ઉંચી આવાજ મેં કહા, ‘સાહબ મેરી ભી જરા સુનીએ, લૌટ કર મુઝે ગાઁવ જાના હૈ...’

ભીતર સે એક આફીસર આયા ઔર બોલા, ‘ક્યા બાત હૈ ? આજ કુછ નહીં હોગા... દેખતા નહીં હૈ ક્રીકેટ ચલ રહા હૈ, ભારત હારને કી સ્થીતી મેં હૈ.’

તબ લખન ને કહા, ‘આપ સબકા ભારત યદી ઐસા હૈ તો હાર જાએગા.’ ઉસ દીન ભારત-પાકીસ્તાન કા ક્રીકેટ મૈચ થા. સચમુચ ભારત હાર ગયા.

[ સૌજન્ય : ‘हंस’, : ઑગસ્ટ, 2013]

❑

# 'સ્વતંત્રતાના ઈતીહાસમાં એક અજોડ સ્ત્રી-પાત્ર' : મેડમ કામા

ભારતની સ્વતંત્રતાની ચળવળ અને આઝાદીની પ્રાપ્તી માટે આપણે ગાંધીજીનું સતત સ્મરણ કરતા રહીએ છીએ. પરંતુ આપણા રાષ્ટ્રધ્વજ વીષે કે તેના ઉદ્ભવ અંગેની માહીતી માટે આપણે ઉદાસીન કે બેપરવાહ છીએ. અસંખ્ય ગુજરાતીઓ અમેરીકાની મુલાકાતમાં ફીલાડેલ્ફીયા જાય છે, ત્યાં ઈન્ડીપેન્ડન્સ મોલ જુએ છે અને ત્યાંથી સહેજ આગળ અમેરીકાનો રાષ્ટ્રધ્વજ બનાવનાર એક બેપ્સી રોમ્સનું પ્રાચીન - હજુએ એમ જ સચવાયેલું - મકાન જોઈ રોમાંચીત થાય છે. પરંતુ ભારતના રાષ્ટ્રધ્વજની પહેલી કલ્પના કરનાર અને એક હજાર પ્રતીનીધી સામે તે ધ્વજ ફરકાવનાર હતા મેડમ ભીખાજી કામા તેની ભાગ્યે જ કોઈને જાણ છે !



એક ધનવાન પારસી કુટુંબમાં 24 સપ્ટેમ્બર 1861ના રોજ એમનો જન્મ થયેલો. પારસી હોવાથી સારામાં સારી કેળવણી મળેલી. ઑગસ્ટ 1885માં તેમના લગ્ન થયેલા, પણ ઝાઝું ટક્યા નહીં. પરંતુ તેમણે આજીવન ભીખાજી રુસ્તમ કામા નામ ચાલુ રાખેલું. ઈન્ડીઅન નેશનલ કોંગ્રેસની પ્રથમ સભામાં તેમણે રસ લીધેલો. 1896માં મુંબઈમા પ્લેગ ફાટી નીકળ્યો ત્યારે સમાજની રુઢીઓ ત્યાગી માંદા અને મરણપથારીના દર્દીઓની તેમણે ભારે સેવા કરી હતી. આ વખતે જ તેમને દુકાળ તથા બ્રીટીશરાજની ભયંકરતાનો ખ્યાલ આવ્યો તેથી તેઓએ વીદેશ જવા અને દેશની મુક્તી માટે પોતાની જ રીતે લડત આપવાનો સંકલ્પ કર્યો. 1902માં નાદુરસ્ત તબીઅતને લીધે મેડીકલ ટ્રીટમેન્ટ માટે તેઓ વીદેશ ગયા અને જર્મની, સ્કોટલેન્ડની મુલાકાત લઈ પછી લંડન રહેવા લાગ્યા. આ દેશોની મુલાકાતને લીધે તેમની દૃષ્ટી અને સંપર્કો વીસ્તાર પામ્યા. 1902થી 1907 દરમ્યાન તેમના વ્યક્તીત્વનો એવો વીકાસ થયો કે જેથી તેઓ ક્રાંતીની જનેતા - 'મધર ઓફ રીવોલ્યુશન' - તરીકે જાણીતા થયા. યુરોપમાં પ્રથમ વીશ્વયુદ્ધ પહેલાં જ અનેક મહાન ભારતીય દેશભક્તો પ્રવૃત્તીશીલ હતા, તેમાં તેઓનું ખુબ જ માન હતું. ફ્રેન્ચ છાપાઓમાં જૉન ઑફ આર્કનાં ફોટા સાથે તેમનો ફોટો છપાયેલો જે એક અદ્ભુત માન કહેવાય.

શરુઆતમાં તેમણે દાદાભાઈ નવરોજી સાથે કામ કરેલું પણ પછીથી તેમના પર ઈટાલીના મેઝેની તથા ગેરીબાલ્ડીની ખુબ જ અસર પડેલી. પરીણામે 'વીનંતીઓ' કે 'અરજીઓ'ની વીચારસરણીથી અલગ પડી ગયા. 1905માં શ્યામજીકૃષ્ણ વર્માએ સ્થાપેલી ઈન્ડીઅન હોમરુલ સોસાયટી સાથે ગાઢ રીતે સંકળાયેલા રહ્યાં. 1906ના જુન માસ પછી સાવરકર ઈંગ્લેંડ આવેલા, તેમણે ફ્રી ઈન્ડીયા સોસાયટી સ્થાપેલી જે ખરેખર તો 'અભીનવ ભારત સોસાયટી' હતી તેમાં સક્રીય બનેલા. આ જ ધોરણે મેડમ કામાએ પેરીસ ઈન્ડીયા સોસાયટી સ્થાપેલી. ત્યાં સુધીમાં તેમને ખાત્રી થઈ ગઈ હતી કે હીંસક પ્રતીકાર વગર ભારતને આઝાદી મળવાની નથી.

જગતના શ્રમીક વર્ગ તથા લોકશાહીમાં માનનારા વીશાળ વર્ગ સામે ભારતની વાત મુકવી પડશે તેવી શ્રદ્ધાથી ભારતીય ક્રાંતીકારોએ જર્મનીના સ્ટુટગાર્ડ શહેરમાં ભરાયેલી બીજી આંતરરાષ્ટ્રીય સમાજવાદી કોંગ્રેસમાં મેડમ કામાને પ્રતીનીધી તરીકે મોકલ્યા હતા. ત્યાં તેમણે અત્યંત પ્રભાવશાળી પ્રવચન કર્યું હતું. હાથમાં ઝંડો રાખીને તેમણે જણાવ્યું કે આ ઝંડો અનેક શહીદ થયેલા ભારતીયોના રક્તથી પવીત્ર થયેલો છે.

એક વીસ્મયજનક બાબત એ છે કે તેઓશ્રી ભારતના ફ્રેન્ચ હકુમતવાળા પોંડીચેરીમાં પણ ક્રાંતીકારીઓ સાથે સંબંધ ધરાવતા હતા. મેડમ કામા આંતરરાષ્ટ્રીય બાબતોની ઉંડી સમજ ધરાવનાર પ્રથમ ભારતીય નેતા હતા. લેનીન તથા ગોર્કી સાથે પણ તેમને સંબંધ હતાં. ગોર્કી અંગેના દસ્તાવેજોના સંગ્રહમાં કામા-ગોર્કીના પત્રો સંઘરાયેલા છે. તેમાં મેડમ કામાનો હાથમાં ફ્લેગ સાથેનો ફોટો પણ છે.

પ્રથમ વીશ્વયુદ્ધ ફાટી નીકળ્યું ત્યારે તેમણે ભારતીય સૈનીકોને શસ્ત્રો ત્યજી દેવાની હાકલ કરેલી. આને લીધે ફ્રેન્ચ સરકારે તેમની ધરપકડ કરેલી. છેક 1935માં અકસ્માતમાં ખોપરીનું ફ્રેક્ચર થવાથી બીમારીમાં તેઓ ભારત પાછા આવ્યા અને 1936ના ઑગસ્ટમાં તેઓ મૃત્યુ પામ્યા.

છેક 1929ની 31મી ડીસેમ્બરે લાહોરમાં પહેલીવાર અધીકૃત રીતે ત્રીરંગો ફરકાવવામાં આવેલો, પરંતુ આ કામ મેડમ કામાએ 1909માં જર્મનીમાં જ કરેલું. ભારતના રાજકારણના ઈતીહાસમાં તદન પ્રારંભીક તબક્કામાં આવા દીર્ઘદૃષ્ટીવાળા શક્તીશાળી મહીલાનું સ્મરણમાત્ર અતી અદ્ભુત લાગણીઓ પ્રદાન કરે છે.

**– મીહીર ઠાકર**

[એસ. રાજના લેખ પરથી સંક્ષીપ્ત સંપર્ક : પથીક સોસાયટી, અમદાવાદ-13]

❑

# દીપનીર્વાણ

સુરેશ હ. જોષી

કેટલાંક દુઃખ એવાં હોય છે જેમાંથી મુક્ત થવાનું ચીત્તને ગમતું નથી. પુજ્ય બાપુજીના અવસાનથી થતું દુઃખ આ પ્રકારનું છે. એ દુઃખ અભ્યન્તરમાં વ્યાપી જાય, મર્મસ્થાને ચોટ લગાવી જાય એથી ઉંડો સંતોષ થાય છે. આપણામાં રહેલાં અનીષ્ટ તત્ત્વો એ દુઃખના સ્પર્શથી નષ્ટ થાય છે; શુભના પરમ વીકાસ માટેની ઝંખના આપણને આકુળવ્યાકુળ કરી નાંખે છે. એ દુઃખના દાહથી વર્જ્ય બધું ભસ્મીભુત થાય છે. એ દુઃખની પાવક જ્વાળામાં અગ્નીસ્નાન કરીને ચીત્તનું સત્ત્વ પરીશુદ્ધ થાય છે.

પણ એમની પાછળ આપણે સૌએ વહાવેલી આ શોકાશ્રુની વીપુલતોયા નદીનાં પુર સમય વીતતાં ઓસરતાં જશે. દૈનંદીનીય વ્યવહારના આવર્તમાં આપણે સૌ ફરીથી અટવાઈ જઈશું. એમની સ્મૃતી આપણા ચીત્તના નેપથ્યમાં, અનેકવીધ પ્રવૃત્તીઓના કોલાહલની પાછળ એકલી ઉભી રહેશે. દર સંવત્સરીએ પુષ્પમાળા લઈને, પુષ્પીતા વાણી લઈને આપણે ફરી એ સ્મૃતી આગળ ઉપસ્થીત થઈશું. ધીમે ધીમે આટલું કરી છુટવામાં જ કૃતકૃત્યતા અનુભવવાની ટેવ પણ પડી જશે. આ જ રીતે બુદ્ધ ગયા, આ જ રીતે ઈસુ પણ ગયા. પણ બુદ્ધનું બુદ્ધત્વ, ઈસુનું ઈસુત્વ આપણે લુપ્ત થઈ જવા દીધું. એમને આપણાં સૌમાં સંજીવીત ન થવા દીધા. આખરે મૃત્યુને જ જીતી જવા દીધું !

જે ગયા તે તો પરમ તત્ત્વમાં વીલીન થઈ ગયા. પણ આપણે ? જનારે એ વરેણ્ય ભર્ગની જે ઝાંખી કરાવી, આંખોમાં જે પ્રકાશનાં અંજન આંજ્યાં તેને આપણે અકલુષીત રાખી શકીશું ખરા ? ક્યાં ગયાં બુદ્ધનાં એ ક્ષમાસુંદર નયનો ? ક્યાં ગયું ઈસુનું એ શુચીગંભીર મુખાબ્જ ? હજુ તો એ ગઈ કાલની જ વાત છે. નયનોમાં કારમી હીંસાનું કાજળ આંજીને, વીકરાળ બનીને માનવે પાશવી યુદ્ધો ખેલ્યાં છે. બુદ્ધનાં એ ક્ષમાસુન્દર નેત્રના પર હીંસાના ખડગે વહાવેલા રુધીરનો અભીષેક કર્યો છે, ઈસુના એ શુચીગંભીર મુખાબ્જના પર રક્તપંકનો લેપ કર્યો છે. ના ના, આપણે એ જ્યોતીને જીરવી શકતા નથી. વીભુતી વીદાય લે છે, ને પાછળનો માનવસંઘ તો અસુર્યલોકમાં જ રચીપચીને જીવ્યે જાય છે !

પુ. બાપુજી જેવી વીરાટ વીભુતીના સમકાલીન બનીને જીવવું એમાં બહુ મોટું ઉત્તરદાયીત્વ રહેલું છે. પ્રકાશ પ્રકટાવનાર પથપ્રદર્શક હોય ત્યારે અંધકારમાં અટવાયા કરવું, સત્યને સંમુખ કરનાર આપણી વચ્ચે જીવતો હોય ત્યારે જીવનયાત્રામાં દંભની આંગળી ઝાલવી; અહીંસા અને પ્રેમની શક્તીને પોતાના જીવન દ્વારા સીદ્ધ કરનાર આપણી આંખ આગળ હોય ત્યારે હીંસા અને દ્વેષના દાસ બનવું એ કાંઈ નાનોસુનો અપરાધ નથી. સ્મૃત્યાવકાશ પર ફુલની માળા ધરનારો હાથ બીજે જ દીવસે કાળાબજાર કરીને નફાનો આંકડો માંડતો હોય, પ્રશંસાની પુષ્પવૃષ્ટી કરનારી વાણી બીજી જ પળે અસત્યનો આશ્રય લઈને ક્ષુદ્ર સ્વાર્થને તૃપ્ત કરતી હોય, વીભુતીનાં જીવનકાર્યની સમીક્ષા કરનારી તત્ત્વદર્શી બુદ્ધી જ કુટીલતાનું દાસત્વ સ્વીકારીને ન્યાયનું ગળું દાબતી હોય તો सत्यमेव जयतेનું સુત્રોચ્ચારણ છોડીને દંભનું માહાત્મ્ય જ સ્વીકારવું રહ્યું !

પણ પુ. બાપુજીએ તો પોતાના જીવન દ્વારા ઠાલાં સ્વપ્નો જેવા લાગતા આદર્શોને સીદ્ધ કરી બતાવ્યા છે. સામાન્યતાથી તે મહત્તા સુધીની એમની જીવનયાત્રા આપણી દૃષ્ટી સમક્ષ છે. બાલ્ય વયનો મોહનદાસ અસામાન્ય શક્તીઓ લઈને અવતર્યો નહોતો. ભગવાને અડગ શ્રદ્ધા સીવાય બીજું કશું પાથેય પણ આપ્યું નથી. સામાન્ય માણસે પણ ન કર્યા હોય એવાં દુરીત આચરણો એણે કર્યાં. પણ ચીત્ત સંતાપથી પીડાયું. જાગી ઉઠ્યું. શુભને માર્ગે એણે પગ મુક્યો પછી એ દીશા ભુલ્યો નથી. એ કૃતનીશ્ચયી દૃઢ સંકલ્પ શ્રદ્ધાવાન યાત્રી પગલે પગલે દીલને દમનારા સંઘર્ષો વેઠીને આગળ વધ્યો. સત્યને વરવાને એણે યાત્રા આરંભી હતી. મહાન બનવાની કોઈ ઉન્મત્ત મહત્ત્વાકાંક્ષાના નશાથી ચકચુર થઈને એણે દોટ મુકી નહોતી. કશાથીય પીઠ ફેરવી નથી. શ્રદ્ધાની ટેકણલાકડી ઝાલીને જ એ આગળ વધ્યે ગયો. કીર્તીના નયનવીભ્રમે એ મોહવશ થયો નથી. અપકીર્તીના ગરલવમનથી એ મુર્છીત થયો નથી. ચારે બાજુ ઘુઘવી રહેલા અંધકારની વચ્ચે સત્યનીષ્ઠાને અખણ્ડ રાખીને એણે સ્વાર્થાન્ધ માનવજાતીને દીવ્ય દૃષ્ટીનું દાન કર્યું. મહત્તાને પામતાં પહેલાં એણે એનું પુરેપુરું મુલ્ય ચુકવી આપ્યું. પુરુષાર્થથી અશક્ય લાગતા આદર્શો પણ વાસ્તવીક સત્ય બની રહે છે એ દર્શાવી આપ્યું. આપણા યુગની સંશયગ્રસ્ત અતોભ્રષ્ટ તતો ભ્રષ્ટ પ્રજાને આ રીતે સીદ્ધ સત્યનું મહા આલમ્બન આપ્યું. ચારે બાજુ પ્રવર્તી રહેલાં વૈષમ્યને જોઈને છળી ઉઠેલી બુદ્ધીએ આપણા ચીત્તમાં ટમટમી રહેલી શ્રદ્ધાની નાની શી દીવડીને રોષભર્યા ફુત્કારથી બુઝાવી દીધી હતી. જીવનનાં આત્યંતીક મુલ્યો પર મુસ્તાક બનીને જીવવાની શક્તી આપણે ગુમાવી બેઠા હતા; ધર્મને આપણે ધુત્કારી કાઢ્યો હતો; ભગવાનને અપરાધીના પીંજરામાં ઉભો રાખ્યો હતો. સત્યના પર દમ્ભનો કાટ ચઢવા દીધો હતો. ત્યાં અવીરત સાધનાને પ્રતાપે મેળવેલી મહત્તાની પાદપીઠ પર ઉભા રહીને એણે માનવસંઘને સંબોધ્યો :

शृण्वन्तु विश्वे अमृतस्यपुत्राः ।

वेदाहमेतत् पुरुषं महान्तम् आदित्यवर्णम् तमसः परस्तात ।।

યુગ યુગ પહેલાંની આપણી એ આર્ષ વાણી ફરી સંભળાઈ. પણ આ કોઈ કવીની સુરમ્ય કલ્પના નહોતી; રહસ્યવાદીની અગમવાણી નહોતી. આપણી દૃષ્ટી સમક્ષ જીવનાર દેહધારી માનવ આ ઋતંભરા વાણી ઉચ્ચારી રહ્યો હતો. તીમીરનાં કળણ ખુંદીને એ જ્યોતીના સાન્નીધ્યને પામ્યો હતો. અહીં કશો ચમત્કાર થયો

નહોતો. એણે સત્યને દૃષ્ટી સમક્ષ ખડું કર્યું, એ સત્યની આડેનું હીરણ્યમય આવરણ અળગું કર્યું, ને ફરી ઉપનીષદ્કારની આર્ષ વાણી જાણે સંજીવનીનું પાન કરીને જાગી ઉઠી. 'હરીજન'ને પાને પાને, સાયંકાળની પ્રાર્થનાસભાનાં ઉદ્બોધનોમાં એ વાણી રણકી ઉઠી. સત્યે મૌન છોડ્યું. પરસ્પરવીરોધી એવી વૃત્તીઓએ મચાવેલાં ઘમસાણોને ભેદીને સત્યનો એ મંજુલ સ્વર પ્રત્યેક માનવચીત્તના સ્પન્દે સ્પન્દે રણકી ઉઠ્યો.

સ્વપ્ન અને સીદ્ધી વચ્ચેનો સેતુબન્ધ બાંધનાર આ અભીનવ રામ અપ્રતીરથ યોદ્ધો હતો. રામે ચૌદ વર્ષ વનવાસ સેવ્યો, આ રામનું તો જીવન જ દંડકારણ્યમાં વીત્યું. રાજ્યારોહણનું મુહુર્ત આવ્યું ન આવ્યું ત્યાં તો એ વીગતસ્પૃહે મહાપ્રયાણ કર્યું. બહાર એણે જેટલાં યુદ્ધ ખેલ્યાં તેનાથીય વીશેષ યુદ્ધો એણે પોતાના જ ચીત્તની રણભુમી પર ખેલ્યાં. જીવનનો સંપ્રદાયયજ્ઞ આસુરી બળોની સામે ઝુઝ્યો. અનાર્યોચીત વાસનાઓ ને બુભુક્ષાઓથી પીડીત માનવસમુહની કેટલીય અક્ષૌહીણી સેનાની સામે એ એકલો યુદ્ધે ચઢ્યો. એની પાસે બ્રહ્માસ્ત્ર હતું સત્યનું, ઢાલ હતી અહીંસાની, રથ હતો અડગ શ્રદ્ધાનો. કોઈ ક્ષુદ્ર વીજીગીષાનો પ્રેર્યો એ યુદ્ધ ખેલતો નહોતો. સત્યનું કોઈ સામ્રાજ્ય સ્થાપવાને માટે જ એ ઝુઝ્યો. મહાભારતનું યુદ્ધ તો અઢાર દીવસ ચાલ્યું. આ યોદ્ધો જીવનભર ઝુઝ્યો ને રણક્ષેત્ર પર રક્ત રેડીને જ પોઢ્યો. અઢાર દીવસ માત્ર ચાલેલા યુદ્ધમાં ધર્મરાજા યુધીષ્ઠીરને અસત્ય પણ બોલવું પડ્યું. આ યોદ્ધાએ તો સત્યને જ દૃઢતાથી પકડી રાખ્યું; બધાં પ્રલોભનોને સંહાર્યાં. કુરુક્ષેત્રની સંહારલીલાને જોનારી યમુનાએ આ વીરની ચીતાને જોઈને શું અનુભવ્યું હશે ? અહીં કેવળ યોદ્ધાઓની પત્નીનું કરુણ ક્રંદન નહોતું, અહીં તો આખી જનતા નીર્વાક્ આંસુ સારતી ઉભી હતી. ધર્મયુદ્ધ લડનાર આ વીરને માટે સ્વર્ગનું દ્વાર તો ખુલી જ ગયું હતું. એ સુખદુઃખ, જયાજય, લાભાલાભને સમાન ગણીને જ ઝુઝ્યો હતો. એ જીવનદીપ તો નીર્વાણ પામ્યો, પણ એની પાછળ વીદ્વેષની ધુમ્રરેખા રહી નથી, કટુતાનું કાજળ રહ્યું નથી - રહી છે કેવળ સૌરભ.

આપણે એ યોદ્ધાની યશગાથાનાં મહાકાવ્યો રચીએ, કીર્તીસ્તુપો ચણીએ તેથી એનો આત્મા તર્પાવાનો નથી. યુદ્ધ હજી પુરું થયું નથી. દ્વેષના દૈત્યનો હજુ પુરો વધ થયો નથી. એ તો સહસ્રશીર્ષ છે. એનાં બધાં મસ્તકો છેદવાં પડશે. એ દૈત્ય આપણા ચીત્તને ખુણે ભરાઈને અણજાણપણે આપણાં સત્ત્વને કોરી ન ખાય તેની કાળજી રાખવી પડશે. પુ. બાપુજીએ સીદ્ધ કરેલી મહત્તાને આપણે પૈતૃક સંપત્તીની જેમ સ્વીકારી લેવાની નથી. એને માટે અધીકાર પ્રાપ્ત કરવાનો છે. જે કાંઈ આપણા વ્યક્તીત્વમાં તુચ્છ હોય, ક્ષુદ્ર હોય, અશુભ હોય, ગર્હણીય હોય તેને અંતરની સાચી સમૃદ્ધીથી પુષ્ટ કરી મહાન, વીરાટ, શુભ અને વરેણ્ય બનાવવાનું છે. આથી જ પ્રમાદ સેવવો પાલવે એમ નથી. પ્રમાદ મૃત્યુનો નાનો ભાઈ છે. એ ધીમે ધીમે આપણા પર પોતાનું તંત્ર સ્થાપીને મૃત્યુના જયડંકા વગાડવા બેસી જાય છે. જીવનની પ્રત્યેક ક્ષણને આપણામાં રહેલા શાશ્વતના નીબીડ સંસ્પર્શથી ધન્ય બનાવવાની છે. આપણે કાલના ભક્ષ્ય મટીને કાલજયી બનવાનું છે. સાચો યોદ્ધો અનુકુળ પરીસ્થીતીની યાચના કરતો નથી. પ્રતીકુળને અનુકુળ બનાવવા જેટલો એ વીક્રમશીલ હોય છે. પુ. બાપુજી પણ પ્રતીકુળતાના ઝંઝાવાતમાં ઝુઝ્યા. વીષના અનેક કડવા ઘુંટડા એઓ ગળી ગયા, પણ મુખ પર તો સદા પેલું વીષાદજયી સ્મીત જ ફરકી રહ્યું. દુઃખ અને ક્લેશને એમણે પોતાનાં ઐશ્વર્યથી સુખ અને આનંદમાં પલટાવી નાંખ્યાં, વીશ્વને એમણે આનંદની જ લ્હાણ કરી.

આપણા રાષ્ટ્રધ્વજના મધ્યસ્થાને ધર્મચક્ર છે. રાજકુમાર સીદ્ધાર્થ બોધીસત્ત્વ થયા ત્યારે એમના આદેશની અપેક્ષાથી આતુર બનેલા અધીકારી ગ્રહીષ્ણુઓને એમણે ધર્મચક્રનું પ્રવર્તન કરવાનો જ આદેશ દીધો. બુદ્ધનું એ કાર્ય પુ. બાપુજીએ ચાલુ રાખ્યું. ધર્મને એણે સર્વસામાન્યને દ્વારે લાવીને ખડો કર્યો. પરીવ્રાજક બનીને એમણે યાત્રા આરંભી. નોઆખલી વીસ્તારમાં પ્રેમની જ્યોત લઈને ખુણેખુણે ઘુમી વળતો એ પરીવ્રાજક હજુ આંખ સામે ખડો થાય છે. પાશવતાના તાણ્ડવની વચ્ચે અભયનું રક્ષાકવચ પહેરીને એણે હીંસાને સ્થાને પ્રેમને સ્થાપ્યો. પોતાના આચરણના પ્રત્યક્ષ દૃષ્ટાન્તથી એમણે આદર્શને લૌકીક વ્યવહારની ભુમીકા પર પ્રસ્થાપીત કર્યા. કુશાગ્ર બુદ્ધી સ્વેચ્છાચારને ન્યાય્ય ઠરાવવાને કામે લાગી ગઈ હતી ત્યારે એમણે આદર્શ સાથે સમાધાન કર્યા વીના અવીરત સંગ્રામ ખેડીને સત્ત્વસંશુદ્ધી કરી, અવહેલના પામેલાં આત્યંતીક મુલ્યોની પુનઃપ્રતીષ્ઠા કરી. વ્યવહાર અને પરમાર્થ વચ્ચેના ભેદને ભુંસી નાખ્યો. સાયંકાળની પ્રાર્થનાસભામાંનાં એમનાં ઉદ્બોધનો હજુય આપણા કાનોમાં ગુંજ્યા કરે છે. વીપથગામી સંતાનોને વાત્સલ્યાર્દ્ર હૃદયે જાણે કોઈ પીતા શુભને માર્ગે દોરી લઈ જવાને મથી રહ્યો છે. એ વાણી તો અક્ષર બની ગઈ છે. બધાં જ અશુભ ને અભદ્રની સામે એમની એ વાણી ગુંજી રહી છે; વૃદ્ધાવસ્થાને કારણે કંપયુક્ત એમના એ શબ્દો હજુ જાણે વાતાવરણમાં ઘૃતદીપની જેમ સૌમ્ય જ્યોતી રેલાવી રહ્યા છે. ચીત્તમાં સર્વત્ર ઘુમી વળીને એ શબ્દો જાણે બધા દુરીત અંશોને પ્રત્યેક પળે પરાસ્ત કરી રહ્યા છે. એ શબ્દોમાં સત્યનીષ્ઠાને કારણે સહજ એવું ઓજસ હતું. ક્રોધ કે દ્વેષ જેવા અનુચીત વીકારનો આવેશ નહોતો. એ શબ્દો ચીત્તના સર્વ ઘાને રુઝવી નાંખતા હતા. સત્ત્વનું સંવર્ધન કરતા હતા. એ વાણીને આપણે અમર કરવાની છે. વ્યાસપીઠ પરથી શબ્દોની ઝડીઓ વરસાવનારની ખોટ પડવાની નથી, આવેશપુર્વક સુત્રોચ્ચાર કરનારાઓની પણ ખોટ પડવાની નથી, પણ સત્યનો સમર્થ આવીષ્કાર કરનારી નીરાડમ્બર પારદર્શી, પ્રસન્ન વાણીનું તો હવે અનુરણ જ સાંભળવાનું રહ્યું !

બાપુ, તમે આખરે અમારાં દુરીત આચરણોએ રચેલી શરશય્યા પર જ પોઢી ગયા. તમે મૃત્યુલોકમાં અમૃત બનીને ગયા, અમે અહીં જીવનમાંય મૃત્યુનું વર્ચસ્વ વધારી રહ્યા છીએ. તમારા વીચ્છેદને કારણે ઉદ્ભવેલા વ્યામોહથી અમારાં ચીત્ત મુઢ બની ગયાં છે. પણ અમે અશ્રુ સારીએ એ તમને નહીં ગમે, એ જાણીને અમે અશ્રુને ખાળવા મથીએ છીએ. અમે દુઃખના કારી ઘાને શી રીતે રુઝવીએ ? તમે સર્વ અભાવ અને દૈન્યને આંતરીક સમૃદ્ધીથી

ઐશ્વર્યમણ્ડીત કર્યા. અમે અમારાં દૈન્યને શી રીતે ટાળીએ ? ભુખાળવી વાસના જ્યાં હંકારી જાય ત્યાં અમારી ઈન્દ્રીયો અમને દોડાવે છે. અમે કર્મ કરતી વખતે લાભક્ષતીનાં સમીકરણો માંડીએ છીએ. પરમાર્થ કરતી વખતે કીર્તીની ભીખ માગીએ છીએ. ગૌરવને ક્ષુદ્રતાની રજમાં રગદોળીએ છીએ. અપરીગ્રહના સીદ્ધાન્તને તમે જીવનમાં ચરીતાર્થ કર્યો. અમે ભોગવૃત્તીથી અનેક વસ્તુનો સંચય કરવા મથીએ છીએ, ઈર્ષ્યાથી લડી મરીએ છીએ. તમારી છત્રછાયા નીચે અમે નીશ્ચીંત હતા. તમારી ઉપસ્થીતીમાં પાપ નહીં ફાલે, પુણ્ય જ પાંગરે એની અમને દૃઢ પ્રતીતી હતી. પણ હવે અમે નીરાલમ્બ થઈ ગયા.

પણ પરમ જ્યોતીને પામતાં પહેલાં અંધકારના અગાધ ઉંડાણમાં છીએ. પણ અમારી આગળ તમે છો એ હકીકતથી આશ્વસ્ત બનીને અમે તમારી પાછળ આવી રહ્યા છીએ. બાપુ, અમારામાં નીર્બળ છે, ઘણા અપંગ છે, ઘણા દૃષ્ટીહીન છે. તમે દુર ન રહેશો. તમારા ખભાનો ટેકો લેવાની જરુર પડશે, તમારી આંગળી ઝાલવી પડશે. અમારી યાત્રા તમારા પર વીશ્વાસ રાખીને જ શરુ કરી છે. ઈશ્વરને અમે ઓળખ્યો નથી, તમે અમારી સાથે હતા. અમે તો તમને ઓળખીએ છીએ. ઈશ્વરને પણ તમારી દ્વારા જ ઓળખી શકીશું. અમે તમારાં અંગને અનેક ક્ષતોથી વીંધી નાખ્યું છે. હવે એને અમે ક્ષતચીહ્નીત નહીં કરીએ. વીદ્વેષ આચરતી વેળાએ વીચારીશું કે શત્રુના ઉપર ઉગામેલું વીદ્વેષનું ધગધગતું શુળ તમારી આંખમાં જ ખુંચવાનું છે. હીંસાનું ખડ્ગ ઉગામતી વખતે વીચારીશું કે એ ખડ્ગની નીચે તમારું જ શીર રહેલું છે. તમારા દેહને હવે વધુ રક્તકલુષીત નથી કરવો. તમારી ઋતંભરા વાણીને અમારા સ્પન્દે સ્પન્દે ઝંકૃત કરી મુકજો. એ વાણી યાત્રાના પ્રતીસોપાને અમારી માર્ગદર્શક બની રહો.

સંધ્યાનદીને આરે દીવસની ચીતા સદા બળ્યા જ કરશે. રાજઘાટ પરની એ ચીતાનું વીસ્મરણ અમને કદી ન થાઓ. એ ચીતાગ્નીની જીહ્વા અમારા હૃદયમાં પ્રવેશીને સર્વ અનીષ્ટને સદા દાહ્યા કરો. એ દાહ જ પરમ શાન્તીને અમારી નીકટ લાવશે. બાપુ, આજે લાચાર બનીને કહેવું પડે છે કે તમે ગયા. પણ અમારા શુભલક્ષી પુરુષાર્થથી અમે એ લાચારીને ટાળીશું. અમારા સૌમાં અમે તમારું પુનર્નીર્માણ કરીશું, ને એ રીતે જ તમને અમર કરીશું. ક્લેશ અમારાં ચીત્તને પીડે ત્યારે તમારું સુધાહાસ્ય રેલાવી મુકજો. પ્રમાદના ખોળામાં માથું મુકીને અમે ઘોરતા હોઈએ ત્યારે વજ્રાઘાતે અમને જગાડજો. અમે તમારાથી વીમુખ કદી ન થઈએ એ માટે તમારા પ્રેમના અજસ સ્રોતને સદા અમારા તરફ વહાવ્યા કરજો.

તમારું યશસ્તોત્ર અમે શી રીતે ઉચ્ચારીએ ? તમારી કીર્તીથીય તમે મહાન છો. તમારી કીર્તીને યાદ રાખીને અમે તમને ભુલવા ઈચ્છતા નથી. અમારે તમારા માહાત્મ્યનો અલ્પ અંશ પણ જતો કરવો નથી. એ માહાત્મ્યને અમારા સત્ત્વમાંથી ફરી સરજીને એનો તમારે ચરણે અર્ઘ્ય ધરવો છે. પુષ્પમાળાઓથી અમે તમને ગુંગળાવવા ઈચ્છતા નથી. ચાટુ ઉક્તીઓથી અમે તમારી પ્રવંચના કરવા ઈચ્છતા નથી. તમે આપેલા સુવર્ણકલશોને અમારી સામાન્યતાની રજમાં હવે અમે નહીં રગદોળીએ. સર્વ નક્ષત્રોને તમારા મહીમાથી મણ્ડીત થતા અમે જોયા છે. તમે પૃથ્વીને નુતનશ્રીથી વીભુષીત કરી છે. આંસુ સારીને અમે તમારી સાથેની અમારી યાત્રાના પથને હવે પીચ્છીલ નહીં કરીએ. તમારું ત્રીભુવનજયી હાસ્ય સદા અમારું સાથી બની રહો.

When he shall die,
Take him and cut him out in little stars
And he will make the face of heaven so fine
That all the world will be in love with night
And pay no worship to the garish sun.

**Shakespeare**

[‘સુરેશ જોષીનું સાહીત્યવીશ્વ’માંથી ટુંકાવનાર **મહેન્દ્ર મેઘાણી**]

❑

# પ્રેરક પ્રસંગ

## અમૃતભાઈ મોઢ

શીક્ષણના મામલે તો હરીસીંહભાઈ અને પુષ્પાબેને બનાસકાંઠામાં ધુણી ધખાવી છે. મારા જેવા અનેકોને સ્વયંપાકી એકાંકી રુમોમાંથી મુક્તી અપાવી ‘સાર્વજનીક છાત્રાલય’ શરુ કર્યુ. જે સંસ્થાને ખ્યાતનામ ઝવેરી અને કેળવણી ક્ષેત્રે પાલનપુરના દીગ્ગજ કનુભાઈ મહેતાએ ‘ઈટન એન્ડ હેરો’ સાથે સરખાવી હતી. આ છાત્રાલય અમારે માટે ‘ઘર’ કરતાંય વીશેષ હતું. જ્યાં અમારા સંસ્કાર ઘડાયા, જીવતર ઘડાયું, અને તેથી જ તો આજે અમારા જેવા અનેક સહાધ્યાયીઓ અંગત જીવન અને જાહેર જીવનમાં મોખરાના જુદા-જુદા સ્થાને રહી સમાજને ઉપયોગી થઈ રહ્યા છે. ટુંકમાં એટલું જ જણાવું કે રાજ્યકક્ષાની સંસ્થાઓથી માંડીને ગ્રામકક્ષાએ આ બધા સહાધ્યાયીઓ જે કંઈ સમાજોપયોગી પ્રવૃત્તીઓ કરી રહ્યા છે તેના પ્રેરણાસ્રોત ‘હરીભાઈ’ છે. આજે દશકાઓથી છાત્રાલયની પરંપરા જાળવતી આ જીલ્લામાં ‘હરીભાઈ’ની 14થી પણ વધુ સંસ્થાઓ અનેક જીવનોને સતત આદર્શ ઘાટ આપી રહી છે.

આ સંસ્થાઓના શીક્ષણમાં માત્ર અક્ષરજ્ઞાન જ નહીં, માત્ર અભ્યાસક્રમ જ નહીં, પણ અનેકવીધ પ્રવૃત્તીઓવાળું શીક્ષણ મળી રહ્યું છે. અમોને તો આજે પણ યાદ આવે છે એ ઉદેપુર ને માઉન્ટ આબુના પગપાળા પ્રવાસો, સેવાદળની મધ્યમ અને ઉચ્ચ સૈનીકની તાલીમ

શીબીરો, વેકેશનમાં વીજાપુર લાડોલના રસ્તાના બાંધકામ (માટીકામ)ની શ્રમશીબીરો, કાણોદર, કુંભાસણ કે અન્ય ગામોનાં તળાવો ઉંડાં કરવાની શ્રમશીબીરો કે ધરતીકંપ, પુર, અછતની વેળાએ લોકોની મદદ માટેની દોટ. આજે પણ આવી અનેક પ્રવૃત્તીઓ શીક્ષણના આ ધામોમાં સ્વઆચરણો દ્વારા સતત ચાલુ જ છે, જે બાળકોના ઘડતરમાં થાય; જો તેની પાછળ સંસ્થાઓમાં આવા 'હરીભાઈઓ' અને પુષ્પાબહેનનાં સતત તપ અને ત્યાગ જોડાયેલાં રહે.

કેટલાય પ્રસંગો, કેટલાય બનાવો આ લખતી વેળાએ ઝળુંબી રહ્યા છે; જેમાં કોઈ છાત્રે ચોરી કરી હોય, કોઈને ગાળ બોલી હોય કે ઝગડો કર્યો હોય, તેનો એટલી સરસ રીતે નીવેડો આણ્યો હોય કે જેમાં સર્વને સંમત ઉકેલ હોય. આવો એક પ્રસંગ તો નજર સામે આજેય તરવરે છે. સુખી ઘરમાંથી આવેલ એક છાત્રની વીંટી ખોવાઈ કે ચોરાઈ. તેણે હરીભાઈને ફરીયાદ કરી. હરીભાઈએ પ્રાર્થનામાં વાત કરી કે આ વીંટી મેદાનમાં પડી ગઈ હોઈ શકે, આપણે બધા તેને શોધીએ, રાત્રે હતી તો સવારે ક્યાં જાય ? કોઈના તરફ શંકા નથી; પણ સાથે સાથે ઉમેર્યું કે જો આ વીંટી નહીં મળે તો પોતે ઉપવાસ કરશે. રસ્તો એવો શોધ્યો કે કોઈના પ્રત્યે શંકા ન થઈ ને વીંટી મળી ગઈ. રસ્તો કંઈક આવો હતો : દરેક જણને મેદાનનો ચોક્કસ વીસ્તાર સોંપીને શોધવા જણાવ્યું, જે મુજબ દરેકે ફરજીયાત મુઠી ભરીને ધુળ બાજુમાં રાખેલી ડોલમાં નાંખવી. કોને વીંટી જડી, કોણે ધુળની સાથે ડોલમાં નાંખી ન સમજાયું, પણ ડોલમાંથી માટી-ચાળતાં, વીંટી મળી ગઈ. આ પ્રસંગ પ્રેરણારુપ છે. પોતે પણ વીંટી શોધમાં સામેલ.

કેટલાંય મા-બાપોએ પોતાના 'તોફાની' અને તેમની દૃષ્ટીએ બગડી ગયેલા છોકરાઓને અમારા છાત્રાલયમાં 'સુધારવા' મુક્યા હતા. અરે એક 'વાયકા' ગામે ગામ ફરતી હતી કે ન ભણતો કે તોફાની અને કહ્યું ન કરતો અનાડી છોકરો 'હરીભાઈ' ને ત્યાં મુક્યો એટલે 'ગંગા નાહ્યા' - આ હરીભાઈનો કસબ હતો, કૌશલ્ય હતું.

[સૌજન્ય : 'લોકનીકેતન' - માર્ચ, 2017] ❑

# ... પછી પ્રગતી ક્યાંથી થાય ?

**ગાર્ગી વૈદ્ય**

સંબંધીઓમાં એક ઘેર એક લગ્નવયસ્ક દીકરો છે. આ વર્ષે એ ઉચ્ચતર ભણતર પુરું કરે છે. પોતાની સાથે ભણતી એક કન્યા સાથે મન મળી ગયું છે. સાથે જીવવાના કોલ અપાઈ ચુક્યા છે. બન્ને પરીવારો એ સંબંધથી રાજી છે. બન્નેનું ભણતર પુરું થાય પછી થોડા જ સમયમાં એમનાં લગ્ન કરાવી આપવાની તૈયારી છે. વડીલો ધર્મભીરુ છે. ગોર મહારાજો પાસે જઈને લગ્નમુહુર્ત પુછે છે. મહારાજશ્રીઓ જણાવે છે કે આ વર્ષના પ્રથમાર્ધમાં, એટલે કારતકથી ચૈત્ર સુધીમાં ફક્ત ત્રણ દીવસ લગ્ન-યોગ છે ! 180 જેટલા દીવસોમાંથી ફક્ત ત્રણ દીવસ !! અન્ય કોઈ દીવસે લગ્ન કર્યાં તો ? સમજી લો બરબાદી ! એટલે આપણો ધર્મભીરુ કે અપશુકનભીરુ સમાજ શું કરશે ? ગોરભાને, જ્યોતીષી મહારાજોને, કર્મકાંડીઓને, તાંત્રીકો-માંત્રીકોને શરણે જશે. એ લોકો કશીક ક્રીયાઓ કરાવીને 'અપશુકન' ટાળી આપશે. બદલામાં... સમજી ગયાં ને ? શ્રદ્ધાળુઓનાં ગજવાં હલકાં થશે !

સમાજ અને ખાસ કરીને હીન્દી સમાજ (એમાં હીન્દુ ઉપરાંતની કોમો પણ બાકાત નથી) બેહદ અંધશ્રદ્ધાળુ છે. એને શુકન-અપશુકનનું જબરદસ્ત વળગણ છે. અમારો એક લેખકમીત્ર હતો. ગજબની એની સર્જનશીલતા હતી. લગભગ બેદાયકામાં એણે સો ઉપરાંત તો નવલકથાઓ લખી નાખેલી. હાસ્યસાહીત્યનાં અને બાળસાહીત્યનાં સોએક અન્ય પુસ્તકો તો જુદાં. પરંતુ એને જ્યોતીષનું જબરું વળગણ. ક્યાંકથી થોડીક જ્યોતીષવીદ્યા શીખેલોય ખરો. કોઈપણ નવી નવલકથા લખવાનું શરુ કરે અને નવલકથાનું નામ પાડે કે તરત એ નવલકથાની જન્મકુંડળી માંડે ! એ ક્ષણે જન્મેલી, એ નામવાળી (એટલે કે રાશીવાળી) નવલકથાનું ભાવી કેવું રહેશે, એની આગાહી ગણે ! એટલું જ નહીં, પોતાનાં સંતાનો, દોસ્તો, મકાન, વાહનના નંબર, પ્રવાસ... હર ચીજની કુંડળી માંડે. પરંતુ એક દીવસ એ વડોદરે જવા નીકળ્યો અને પાછા વળતાં એના પર ટ્રક ફરી વળી. ઉંમર હતી માત્ર 52 વર્ષ ! આ પ્રવાસ માટે એણે કુંડળી નહીં માંડી હોય ?

તમે ગમે એટલી કુંડળીઓ માંડો, શુકન જુઓ, મુહુર્ત જુઓ, ઘટનાઓ તમારા કાબુ બહાર જ બને છે. વાસ્તવમાં, જો તમે શુકન-અપશુકનના શીકાર રહ્યા તો લાભ કરતાં નુકસાન જ વધારે થાય છે. દાખલા તરીકે સીદ્ધાર્થની કથા. આ જુવાન શાળામાં પોતાની સાથે ભણતી છોકરીને ચાહતો હતો. સ્વાભાવીક જ, કીશોર-અવસ્થાની મુગ્ધતામાં પોતાની લાગણી વ્યક્ત ન કરી શક્યો. પછી તો બન્ને જુદાં પડી ગયાં. કશો સંપર્ક ન રહ્યો. પરંતુ નવા ઈલેક્ટ્રોનીક જમાનાએ માનવોને પરસ્પર સંપર્કમાં આવવાના અનેક રાજમાર્ગ ખોલી આપ્યા છે. (અલબત્ત, જો સંપર્કમાં આવવાની દાનત હોય તો ! આજકાલ અમુક અમુકને સાગમટે ધીક્કારવાની મોસમ ખીલી છે ત્યારે સંપર્કમાં આવવાની અને પરસ્પર સમજવાની શક્યતાઓ

ઓછી થઈ ગઈ છે.) આ બન્ને પણ ફેસબુક દ્વારા પુન: એકબીજાના સંપર્કમાં આવ્યાં. એકબીજાની વીગતો જાણી. શું ભણ્યા, શું કામ કરો છો, ક્યાં રહો છો, વગેરે વગેરે. પછી જુવાનીયાંઓને સુલભ પ્રશ્ન આવ્યો : પરણી ગયાં ? જવાબ બન્ને તરફથી 'ના' આવ્યો. એટલે મળવાનું ગોઠવ્યું. સમય અને સ્થળ (એક રેસ્ટોરાં) નક્કી થયાં.

હવે, જે સમયે મળવાનું હતું તે સમયે પહોંચવા માટે જુવાન ટુ-વ્હીલર પર નીકળ્યો. મીલનસ્થાનથી ઠીક ઠીક દુર વાહનપાર્ક કરીને રેસ્ટોરાં ભણી દસેક ડગલાં ચાલ્યો ત્યાં એક તરફથી ગલીમાંથી એક કાળી બીલાડી નીકળી અને એની આગળથી રસ્તાને સામે પાર પહોંચી ગઈ.

કાળી બીલાડી ! આડી ઉતરી ! અપશુકન ! જુવાનને જન્મથી જ કહેવામાં આવ્યું હતું કે માર્ગમાં કાળી બીલાડી આડી ઉતરે તો કામ બગડે ! અને ભાઈ 'આ કામ' તો બગાડવા નહોતો માગતો. એણે તરત જ મોબાઈલ ફોન કાઢ્યો. યુવતીનો નંબર જોડ્યો. કહ્યું કે એક અતી જરુરી કામ આવી પડ્યું છે. આજની મુલાકાત કેન્સલ ! રેસ્ટોરાં પર તું પહોંચી ગઈ હો તો કશુંક ખાઈ-પી લેજે. આવતી મુલાકાતે હું પૈસા આપી દઈશ.

ખેર. પુન: મુલાકાત ગોઠવી. વીસેક દીવસ પછીની તારીખ હતી. પરંતુ થોડાક દીવસ પછી ખ્યાલ આવ્યો કે એ તારીખ તો શ્રાદ્ધપક્ષમાં આવે ! ભાદરવામાં આવે ! શ્રાદ્ધપક્ષમાં તો કશું જ કામ આદરી ન શકાય - પ્રેમ પણ ! એટલે જુવાને વળી એ મુલાકાત રદ કરી ! એક આશાભરી યુવતીને આવાં કારણોસર રદ થતી મુલાકાતો કેવી નીરાશ કરતી હશે, એની આ શુકન-ગુલામને કલ્પના જ ક્યાંથી આવે !

અચ્છા, ત્રીજી મુલાકાતે તો એ લોકો મળ્યાં. પ્રારંભીક વાતો કરી. એકબીજાંને ભાવતી વાનગીઓના ઓર્ડર આપ્યા. જમવાનું શરુ કરતાં જ યુવતીને અચાનક છીંક આવી !

'ખલ્લાસ !' સીદ્ધાર્થના મોંમાંથી અનાયાસ નીકળી ગયું.

યુવતી તો આશ્ચર્ય પામીને જોઈ જ રહી. સીદ્ધાર્થે આ શબ્દ કેમ પોકાર્યો ? 'શું ખલ્લાસ ?' એણે પુછ્યું.

'આ તને છીંક આવીને ! અપશુકન થયા !' સીદ્ધાર્થ બોલ્યો.

'શું કહ્યું ? અપશુકન ?' યુવતી હજુ મુંઝાઈ રહી.

સીદ્ધાર્થકુમાર પોતાના વહેમોમાં મસ્ત હતા. એણે વાત કરી, 'આપણી પહેલી મુલાકાત નક્કી થઈ ત્યારે કાળી બીલાડી આડી ઉતરી -'

'શું એ કારણે તેં આપણી મુલાકાત રદ કરેલી ?'

'હા, યાર.'

'અને બીજી મુલાકાત ?'

'તારીખ ગણતાં શ્રાદ્ધપક્ષનો ખ્યાલ જ ભુલાઈ ગયેલો.'

'એટલે એ કારણે તે મુલાકાત રદ કરેલી ?'

'બરાબર.'

'અને હવે ભોજન વચ્ચેની છીંકમાં તને અપશુકન લાગે છે ?'

'હાસ્તો.'

'તો માપ રસ્તો !' યુવતી ખડી થઈ ગઈ. 'તારા જેવા વહેમી ટટ્ટુ સાથે મારે જીંદગી જોડવી નથી.'

- આ કથા સાચી હોય કે ખોટી; આપણામાંથી ઘણાં ઘણાં આવા વહેમોના શીકાર છીએ. ઘણા લોકો ઘણાં કામ મુલત્વી રાખે છે કે રદ કરે છે. ઘણા લોકો પ્રવાસ રદ કરે છે. ઘણા લોકો સંબંધોમાં અંતરાય ઉભા કરે છે. આજકાલ જેની મહાનતાનાં ગુણગાન કરવાની ફેશન છે તે 'મેરા ભારત મહાન' જગતના દેશોમાં ગરીબીમાં અગ્રસ્થાને હોય અને 'હેપીનેસ ઈન્ડેક્સ'માં દોઢસોમે ક્રમે હોય તો એક કારણ એના વહેમો છે. સ્ત્રીઓ-બાળકો પ્રત્યે ક્રુર હોય, શીક્ષણમાં પછાત હોય, સમય બરબાદ કરવામાં અવ્વલ હોય, તો એનું કારણ પણ આવા વહેમો છે. એમને પાછા ધર્મના વાઘા પહેરાવવામાં આવે છે ! જ્યોતીષશાસ્ત્રનાં પ્રમાણ આપવામાં આવે છે.

કેવા કેવા અંધવીશ્વાસ ઘણાખરા હીન્દીઓ સેવી રહ્યા છે :

- બહાર જતાં બીલાડી આડી ઉતરે તો કામ ન થાય.
- તેરનો અને ત્રણનો આંકડો ગેરલાભ કરાવે.
- રવીવારે - મંગળવારે નખ ન કપાય.
- રવીવારે - મંગળવારે દાઢી ન કરાય.
- રવીવારે - મંગળવારે માથું ન ધોવાય.
- રવીવારે - મંગળવારે બેસણું ન રખાય.
- શ્રાદ્ધપક્ષમાં કશું જ સામાજીક કામ, પ્રવાસ, ખરીદી ન કરાય.
- સુરધન આગળ છેડાછેડી છોડ્યા પહેલાં લગ્નજીવન શરુ ન કરાય.
- ઘરમાંથી નીકળીએ અને કોઈને છીંક આવે તો કામ ન થાય, માટે પાછા વળી જવાય.
- કશેક કામે નીકળીએ અને કોઈ 'ક્યાં'કારો કરે, એટલે 'ક્યાં જાઓ છો ?' એમ પુછે તો કામ ન થાય.
- બહાર નીકળતાં વીધવા સામે મળે તો કામ ન જ થાય.

... આવા તો અસંખ્ય વહેમોમાં સબડે છે આ દેશ !

❑

RNI No. of RNP is 20528/71 Registered under Postal Registration No. GAMC-534/2015-2017 valid upto 31st December-2017 posted on 1st & 16th of Every Month at Amd. PSO. ● નયા માર્ગ ● પ્રકાશન તારીખ : 1-5-2017

# કાવ્યોમાં સાંપ્રત

## જાણજો

ગાયના રક્ષક બનીને નીકળ્યા છે, જાણજો
ક્રુર ભયજનક બનીને નીકળ્યા છે, જાણજો

ધર્મને નામે અધર્મી ને વળી હીંસક બન્યા
ધર્મ ઉધ્ધારક બનીને નીકળ્યા છે, જાણજો

ઝુલ્મ કરવાનોય પરવાનો મળ્યાનું માનતા
ધર્મના શાસક બનીને નીકળ્યા છે, જાણજો

પાર વૈતરણી કરી સ્વર્ગે જવું તેવા બધા
ગાયના સાધક બનીને નીકળ્યા છે, જાણજો

અંધકારોથી ભરેલા તન અને મન એટલે
માર્ગ અવરોધક બનીને નીકળ્યા છે, જાણજો

ગાયનો મુદ્દો બની ગઈ ફંડ ફાળાની રકમ
ક્યાંક તો યાચક બનીને નીકળ્યા છે, જાણજો

ગાય ને ગૌભક્ત બન્ને જોખમી ઉપદ્રવી
તોય આવશ્યક બનીને નીકળ્યા છે, જાણજો.

**- આત્મારામ ડોડીયા**
(અમદાવાદ મો. 94083 91181)

## ગઝલ

મુદ્દા મેરા ઉછાલ બતા હમ કહાં જાએં ?
દીલ્લી સે કર સવાલ બતા હમ કહાં જાએં ?

ખેતોં કા પાની પી ગઈ સંસદ ડકાર કર,
કંધે પે લે કુદાલ બતા હમ કહાં જાએં ?

મુખીયા કાલોની ખા ગયા ઈંદીરા આવાસ કા
ગાંવોં કા હૈ યે હાલ બતા હમ કહાં જાએં ?

દુનીયા બડી ચાલાક હૈ રોશન જહાન હૈ
હાથોં મેં લે મશાલ બતા હમ કહાં જાએં ?

નારા વહી વાદા વહી પરેશાન પીઢીયાં
ગુજરા અબ સાઠ સાલ બતા હમ કહાં જાએં ?

ઉલ્ટા પડા હૈ ખેલ અબ રાજા વજીર કા
ગદહે કી ઘોડ ચાલ ! બતા હમ કહાં જાએં ?

પગડંડીયાં તો ગુમ હૈં રસ્તે કે નામ પે
રસ્તે મેં હૈં દીવાલ બતા હમ કહાં જાએ ?

['હંસ' : જુન 2010] **- સંજય રાજ**

## થાય છે

લગ્ન નામે કેટલા અવસર અહીં ઉજવાય છે
માંડ તેનો અર્થ જો સમજાય તો સમજાય છે

આ સમય ઉપર થપેડા કેટલા છે ચોપડ્યા
સાવ તળીયે મુળ ચહેરો ક્યાં કદી દેખાય છે ?

પાંદડાનો ઢગ કર્યાથી વૃક્ષ કંઈ બનતું નથી.
પણ અસભ્યોથી બને એને સભા કહેવાય છે

સીંહના રાજાપણાના લક્ષણો સમજાવશો ?
ગર્જના ને ચાલથી અહીં સીંહ થાતા જાય છે.

ના કલ્પના, ના હકીકત કે નથી મનના તરંગ !
ફક્ત પરપોટા વડે આખું જ પ્રહસન થાય છે !

**- સંધ્યા ભટ્ટ**
[બારડોલી (મો) 98253 37714]

## ગઝલ

ઉજવણી, ઉત્સવો, તહેવાર ધમધોકાર ચાલે છે.
ગરીબી, દબદબો, દરબાર ધમધોકાર ચાલે છે.

સરકતી જાય એક્કે એક ક્ષણ બસ અંતને રસ્તે
અધીરી ઉમ્રનો અસવાર ધમધોકાર ચાલે છે.

નથી રસ્તો ધરા પર કે નથી ઉડવાય પાંખો પણ
મુકી છે નાવડી મઝધાર ધમધોકાર ચાલે છે.

ન'તા ગજવે નગદ પણ આપ જેવા મીત્ર છે તેથી
દુકાનો એક નહીં દસબાર ધમધોકાર ચાલે છે.

અહીં ઘટના વગરના શહેરમાં હું સ્તબ્ધ બેઠી છું.
ને ઘટનાલોપનો ચકચાર ધમધોકાર ચાલે છે.

હૃદયમાં સાવ શાંતી છે મરણના ઉત્તરો સરખી
ધબકવાનો ભલે વહેવાર ધમધોકાર ચાલે છે.

અમારી તો જણસ છે અશ્રુનાં બે-ચાર ટીપાં પણ
અમારી વગ અને વહેવાર ધમધોકાર ચાલે છે.

**- મધુમતી મહેતા**

[સૌજન્ય : 'નામ તારું રુદ્રાક્ષ પર' : ઈમેજ પબ્લીકેશન્સ, અમદાવાદ / મુંબઈ]

❑

'નયા માર્ગ' વતી - તંત્રી, મુદ્રક, પ્રકાશક : ઈન્દુકુમાર જાની, નયા માર્ગ કાર્યાલય, ખેત ભવન, ગાંધી આશ્રમની બાજુમાં, અમદાવાદ 380 027. (ફોન : 27557772) http://nayamarg.wordpress.com ● વાર્ષીક લવાજમ રૂ. 150 ● છુટક નકલ રૂ. 8 ● 'નયામાર્ગ'ના નામના ચેકથી મોકલવું.
મુદ્રણ સ્થાન : ચંદ્રીકા પ્રીન્ટરી, મીરઝાપુર રોડ, અમદાવાદ 380 001